अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं।।

# श्रुतसंविभाग – १४

May, 2019 વૈશાખ, ૨૦૭૫

## આપણું જ્ઞાન શ્રુતસમાધિ બનો!

'જ્ઞાન' સાથે જોડાયેલા બે શબ્દો છે : 'વિનય' અને 'મદ'.

આ બે ઠાલા શબ્દો જ નથી, ભાવો છે; જ્ઞાન સાથે સંકળાયેલા ભાવો.

જ્ઞાન હોય ત્યાં આ બે ભાવો પૈકી એક ભાવ હોય જ. જ્ઞાન પામનારો કાં તો વિનયશીલ હશે, કાં તો, લગભગ તો મોટા ભાગે, ગર્વશીલ હશે.

સામાન્ય નિયમ એવો છે કે જ્ઞાનની માત્રા જેમ ઓછી તેમ ગર્વ વધારે હોય; અને જ્ઞાન જેમ વધતું જાય તેમ વિનયની માત્રા વધતી જાય. જો કે અપવાદ તો હોવાના જ, પણ સામાન્ય સ્થિતિ તો આવી જ.

આપણે ત્યાં 'જ્ઞાન' સાથે એક વિશેષણ જોડવામાં આવે છે : 'સમ્યગ્'. આનો મતલબ એટલો જ કે જ્ઞાન જો સમ્યગ્ હોય તો ત્યાં અભિમાન ન હોય, તોછડાઈ ન હોય, ઓછું જાણનારા પ્રત્યે તુચ્છતાનો ભાવ ન હોય, ભિન્ન અભિપ્રાય ધરાવનારા પ્રત્યે અરુચિ કે વૈમનસ્ય ન હોય. જ્ઞાન 'અસમ્યગ્' હોય તો જ આ બધા અનુચિત ભાવો સંભવે. ઘણું આવડે એટલે સમ્યગ્ જ હોય એવા ભ્રમથી બચવા જેવું છે. પણ એ માટે પણ 'બોધ' તો હોવો જોઈશે! જ્ઞાન જ્ઞાનાવરણના ક્ષયોપશમની નીપજ ભલે હશે, બોધ તો મોહનીયકર્મના ક્ષયોપશમ થકી જ સીઝે!

જ્ઞાન જ્યારે સમ્યગ્ હોય ત્યારે તેની સાથે એક અત્યંત શ્રેષ્ઠ શબ્દ જોડાય છે : 'સમાધિ'. 'શ્રુતસમાધિ' એ જ્ઞાનવંત પુરુષોને પ્રિય શબ્દ છે, અને પ્રિય સ્થિતિ પણ. આ એવો શબ્દ છે કે એ જ્યાં પ્રયોજાય ત્યાં 'ગર્વ', 'ઈર્ષ્યા', 'તુચ્છતા' જેવા દુર્ભાવો ફરકે પણ નહિ. ત્યાં તો હોય નીતરી પ્રસન્નતા અને નર્યો આહ્લાદ. માણસનું મન અનેક વિષમતાઓથી ભરેલું હોય, અને સતત જ્યાં-ત્યાં ભટકતું જ હોય; પણ જ્યાં તેને જ્ઞાનની સમાધિ લાગે ત્યાં એ બધા કચરા સાફ થઈ જાય અન ચિત્ત શાંત, સ્વસ્થ અન પ્રસન્ન બની જાય. જ્ઞાનીઓ કહે છે તે સાંભળીએ –

जह जह सुयमोगाहइ, अइसयरसपसरसंजुयमपुव्वं।
तह तह पल्हाहइ मुणी, नवनवसंवेगसद्धाओ।।

- અવનવા અર્થોના રસથી છલકાતા, અપૂર્વ – નિતનવા શ્રુતનું અવગાહન મુનિ જેમ જેમ કરે, તેમ તેમ તેના ચિત્તમાં જાગતી, નવનવા સંવેગરસમય શ્રદ્ધા, તેને અગોચર આહ્લાદમાં ગરકાવ કરી મૂકે છે.

સૂત્રનો આનંદ, અર્થનો આનંદ, તેન લીધે પ્રગટતા શ્રદ્ધા-સંવેગનો આનંદ; અને એ આનંદ જ તેને સમાધિસ્થ બનાવે : શ્રુતસમાધિસ્થ.

આ સમાધિનું સ્વરૂપ શું? અથવા શું કરીએ તો આ શ્રુતસમાધિ અનુભવાય? જ્ઞાનીઓ આ સમાધિને અનુભવવાના ચાર ચડતી ભાંજણીવાળા પ્રકાર દર્શાવે છે, તે જોઈએ –

૧. હું ભણીશ તો 'શ્રુત'નો ખજાનો મને સાંપડશે; હું એ ખજાનાનો સ્વામી બનીશ. – આવી શ્રદ્ધા સાથે સાધુ જ્ઞાનાર્જનમાં તલ્લીન બને.

૨. હું સ્વાધ્યાયમાં મન પરોવીશ તો એકાગ્રતા નામનો ગુણ અથવા મનની ધ્યાનાત્મક ભૂમિકા મને સિદ્ધ થશે. – આવી આશાથી સાધુ ભણે.

૩. હું અભ્યાસ કરીશ તો શ્રુત-બોધના બળે મારું ચિત્ત ઠરશે, સ્થિર થશે, તેની ચંચળતા શમી જશે. – આવા આત્મલાભની દૃષ્ટિ રાખીને મુનિ અધ્યયનરત બને.

૪. હું સ્થિર અને શાંત બનીશ તો પછી અન્યોને પણ સ્થિરતાની પ્રેરણા આપી શકીશ, સ્થિર કરી શકીશ. – આવા ઉચ્ચ આશય સાથે સાધુ જ્ઞાનપરાયણ થાય.

આ ચાર ભૂમિકાઓ જ છે શ્રુતસમાધિ. આ સમાધિ હોય ત્યાં આહ્લાદ અને પ્રસન્નતા સિવાય કોઈ જ ભાવ સંભવી ન શકે.

જ્યારે જ્યારે આપણામાં ગર્વ, ઉદ્ધતતા, તુચ્છકાર, ઈર્ષ્યા, અરુચિ, અસહિષ્ણુતા જેવા ભાવો ઊગે અને આપણે તેની લપેટમાં આવીએ, ત્યારે ત્યારે આપણું જ્ઞાન શ્રુતસમાધિરૂપ નહિ હોય, બોધાત્મક નહિ હોય અને 'સમ્યગ્' પણ નહિ હોય, એટલું સમજી લેવું પડે.

શ્રુત આવે તો વિનય આવે જ. વિનય આવ્યા પછી, આપણે ગમે તેટલા ભણેલા હોઈએ છતાં આપણને ગુરુજનના અનુશાસનની જરૂર વર્તાયા જ કરે;

અનુશાસન મળે તેને બહુ આદરપૂર્વક સ્વીકાર કરવા તત્પર રહીએ જ; શ્રુતની રૂડી ઉપાસના કરીએ; અને 'હું બીજાથી વધુ જાણું, હું સાચો ને સારો, મારામાં છે તેવો વિનય અને તેવું જ્ઞાન કોઈનામાં નહિ' આવી આપવડાઈ તથા મિથ્યા ગર્વથી બચવાનું ગમે – ગમવા માંડે. આ ભૂમિકાને શાસ્ત્રો 'વિનયસમાધિ'ના નામે વર્ણવે છે. શ્રુતસમાધિ અને વિનયસમાધિ હંમેશાં સાથે જ ચાલે છે એ યાદ રાખવાનું છે.

મિત્રો! **શ્રુતસંવિભાગ** આ અર્થમાં અર્થસભર છે, બનવો જોઈએ. તમારા બધાનું શ્રુતાવગાહન, આ પત્રિકાના માધ્યમથી પ્રગટતું હોય અથવા તમારા નિજી અધ્યયનમાં વ્યાપ્ત હોય, તે બધું જ, 'શ્રુતસમાધિ'રૂપ બનો, તેવી શુભ આશંસા વ્યક્ત કરું છું.

અસ્તુ.

/ વિજયશીલચન્દ્રસૂરિ

ગયા અંકમાં જણાવ્યું હતું કે 'હવેથી દરેક અંકે જેમની 'મળ્યું છે' એવી સામાન્ય પહોંચ આવશે તે મુનિવરને જ નવો અંક મોકલવામાં આવશે તેની ખાસ નોંધ લેશો. સૌ માટે એકસરખી રીતે આ નિયમ લાગુ થાય છે.' આ નિયમને અનુસરીને જે મુનિવરોએ પહોંચ પાઠવવાની દરકાર કરી છે તે સૌને **શ્રુતસંવિભાગ** પરિવાર ધન્યવાદ પાઠવે છે. અને તે મિત્રોને જ આ અંક મોકલવામાં આવ્યો છે. આ વ્યવસ્થા પરત્વે પ્રશ્ન ઊઠતો હોય તો એટલું જ વિચારવા વિનંતિ કે વિધવિધ મુનિવરો દ્વારા શ્રુતનું પારાયણ, લેખન, સંપાદન, સંશોધન - વગેરે ખૂબ જહેમત માંગી લેતી પ્રક્રિયામાંથી પસાર થઈને આટલી બહુમૂલ્ય સામગ્રી આપણા સુધી પહોંચતી હોય છે. તેની સામે પહોંચ આપવા જેટલો પરિશ્રમ તો કરી જ શકાય. આ ફક્ત વ્યવસ્થાનો જ નહિ, ઔચિત્ય તેમ જ શિસ્તનો પણ સવાલ છે. તમારી પહોંચ ન મળે ત્યાં સુધી તમને પત્રિકા મળી હશે કે નહિ તેનો ઉચાટ પણ રહે જ. સાથે જ મિત્ર મુનિવરોની સૂચના પ્રમાણે હવેથી પ્રત્યેક લેખ, પત્રચર્ચા વગેરે પ્રકાશન અર્થે મળે તેની પહોંચ પણ નિયમિત રીતે આપવાની વ્યવસ્થા સ્વીકારી છે. ખાસ, અસ્વીકૃત લખાણ પરત મોકલવાનું દર વખતે શક્ય ન બને. તેથી દરેકની Xerox પોતાની પાસે સાચવીને જ સામગ્રી મોકલવી. Xerox પ્રકાશન માટે ન મોકલવા વિનંતિ. / त्रै.

# અનુક્રમ


| ક્રમાંક | લેખ | પૃષ્ઠ |
|---|---|---|
| | **દ્રવ્યાનુયોગ** | |
| 193 | વિગ્રહગતિમાં આયુષ્ય અને આહારકપણું | 1 |
| 194 | वीतरागी को भी मृषावाद कैसे? | 1 |
| 195 | केवलज्ञान-प्राप्ति के बाद कितने परीषह? | 2 |
| 196 | द्वित्वादि अनेकस्थ धर्म | 3 |
| 197 | આત્મા કર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી કેમ? | 5 |
| 198 | પ્રાચીન અને નવ્ય અર્થઘટનો વચ્ચે અંતર | 6 |
| 199 | મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે ભેદરેખા | 8 |
| | **ચરણકરણાનુયોગ** | |
| 200 | સામાયિકના પચ્ચક્ખાણનો એક પ્રકાર | 31 |
| 201 | પ્રત્યેકખામણા અંગે એક વિશેષ ઉલ્લેખ | 31 |
| 202 | સંથારાપોરિસીની વિધિ | 33 |
| 203 | દેશવિરત શ્રાવક કોને કહેવો? | 37 |
| | **ગણિતાનુયોગ** | |
| 204 | ૩૧ કે ૩૨ સાગરોપમ? | 39 |
| | **ધર્મકથાનુયોગ** | |
| 205 | રથનેમિ, નેમિનાથ અને રાજીમતી અંગે થોડીક ચર્ચા | 40 |
| | **સંશોધન** | |
| 206 | પર્ષદાની વ્યવસ્થા | 41 |
| 207 | मुनिरपेक्षां क्षयेत्/क्षपयेत्? | 43 |
| | **इदमत्र चिन्त्यम्** | |
| 208 | ઓઘનિર્યુક્તિ-વિવેચન ની કેટલીક વિચારણીય વાતો – ૨ | 44 |

| | | |
|---|---|---|
| 209 | સ્ત્રી-નપુંસક વેદ કરતાં પુરુષવેદનો ઉદયકાળ | 52 |
| 210 | ધ્યાનની વ્યાખ્યા | 53 |
| 211 | निष्ठाऽप्राप्तौ કે પછી निष्ठाप्राप्तौ? | 54 |
| | **પ્રકીર્ણ** | |
| 212 | ઉપદેશકલ્પવલ્લીની વિશેષ વાતો | 55 |
| 213 | પઉમચરિયંમાં જાણવા મળેલ કેટલીક વિશેષ વાત – ૩ | 56 |
| 214 | नासाग्रन्यस्तदृष्टिः એટલે શું? | 57 |
| 215 | મુનિવાચક શબ્દો/વિશેષણો | 57 |
| | **જિજ્ઞાસા** | |
| 66 | જેટલી અવિરતિ હોય તેટલો કર્મબંધ? | 59 |
| 67 | એક જીવને એક સમયે એક જ યોગ બંધહેતુ? | 60 |
| 68 | 'तत्स्वभाव' शब्द में ट्यण् प्रत्यय पर वृद्ध्यभाव | 60 |
| 69 | 'उच्यन्त अष्टौ' पद में संधि | 60 |
| 70 | 'तेषां नतोऽहं क्रमान्' वाक्य में नम् को क्तप्रत्यय | 61 |
| 71 | ४ प्रकृतियाँ अघाती क्यों? | 61 |
| 72 | आयुष्य के अपवर्तन में जीव का अनुभव | 61 |
| 73 | अघाती प्रकृतियों में रस की तीव्रता-मंदता | 61 |
| 74 | स्वप्नसृष्टि में मन की भूमिका | 62 |
| | **સમાધાન** | |
| 46 | विजयादि चार विमानों में उत्कृष्ट स्थिति | 63 |
| 58 | मन की अविरति पाँचो इन्द्रिय के साथ अनुस्यूत | 63 |
| 59 | वचनयोग में इन्द्रिय तथा मन की अविरति | 64 |
| 23 | સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચોની ઉત્પત્તિ | 64 |
| 30 | વંદન કરવાનો तिक्खुत्तो आयाणं પાઠ | 65 |
| 17 | અષ્ટાપદ પર્વત પર સર્વે પરમાત્માની અવસ્થા | 66 |

| | | |
|---|---|---|
| | **પત્રચર્ચા** | |
| 74 | ∑ 180 પ્રભુવીર જીવન મતાંતર | 66 |
| 75 | ∑ 180 પ્રભુવીર જીવન મતાંતર | 68 |
| 76 | @ 49 વીરાસનાદિ આસનોમાં વિશેષ | 70 |
| 77 - 78 | ∑ 73 સાંવત્સરિક પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગ ૧૬૦ નવકારનો હોય કે ૧૬૧ નવકારનો? | 71 |
| 79 | ∑ 4 વાસુપૂજ્યસ્વામીના લગ્ન ન કરવા અંગે એક ઉલ્લેખ | 73 |
| 80 | @ 42 इन्द्रिय के विषय बद्ध कैसे | 74 |
| 81 | ∑ 185 कल्याणकविषयकं किञ्चित् | 75 |
| 82 | ∑ 133 द्रव्येन्द्रियना भेदो | 76 |
| 83 | ∑ 189 દ્વાદશાંગીની નિત્યાનિત્યતા | 78 |
| 84 | ∑ 169 चक्षुःप्राप्यकारिता??? | 78 |
| 85 | ∑ 177 પઉમચરિયંમાં જાણવા મળેલ કેટલીક વિશેષ વાત – ૨ | 80 |
| 86 | ∑ 78 અપવર્તનીય – અનપવર્તનીય આયુષ્ય વિશે થોડીક સ્પષ્ટતા | 81 |
| 87 | ∑ 70 વિહરમાન પરમાત્માનો વિરહ હોય કે કેમ? | 81 |
| 88 | ∑ 164 મોતી અંગે | 82 |
| 89 | ∑ 132 ईर्यापथिकी आस्रव में कर्मबंध की स्थिति | 82 |
| 90 | ∑ 129 વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનવામાં મતભેદ | 83 |
| 91 | ∑ 179 સિદ્ધસેનસૂરિજીના ચરિત્ર અંગે | 84 |
| | **શુદ્ધિવૃદ્ધિ** | 84 |
| | **શ્રુતશુદ્ધિ** | |
| 3 | ઓઘનિર્યુક્તિ (ઉત્તરાર્ધ) | 85 |
| 2 | ઓઘનિર્યુક્તિ – ભાગ – ૨ | 96 |
| | **શ્રુતવધામણાં** | 100 |
| | **વિશેષ પ્રતિસ્પંદ** | 101 |


આવરણચિત્ર – નૈનેશ સરૈયા, સૂરત

# *દ્રવ્યાનુયોગ*

## 193. વિગ્રહગતિમાં આયુષ્ય અને આહારકપણું

સામાન્ય સમજણ એવી છે કે એકવક્રા વગેરે વિગ્રહગતિમાં પહેલા સમયે જીવને પૂર્વભવના આયુષ્યનો ઉદય હોય છે અને બાકીના સમયમાં પરભવના આયુષ્યનો ઉદય હોય છે. પરંતુ આ વાત વ્યવહારનય પ્રમાણે છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો જીવને પહેલા સમયથી જ પરભવના આયુષ્યનો ઉદય હોય છે. જુઓ - ततोऽन्यजन्मायुर्वक्रगतावप्यादिमक्षणे।। (*લોકપ્રકાશ* - ૩.૧૦૮૬ ઉત્તરાર્ધ)

એ જ પ્રમાણે જીવને વિગ્રહગતિમાં પહેલા અને છેલ્લા સમયે આહારકપણું હોવાની વાત પણ વ્યવહારનયે છે. નિશ્ચયનયને આશ્રયીને તો માત્ર છેલ્લા સમયે જ જીવ આહારક હોય છે, પહેલા સમયે તો જીવ અનાહારક જ હોય છે. આ જ વાત *શ્રીવિનયવિજયજી મહારાજ*ના શબ્દોમાં – भवस्य भाविनः पूर्वे क्षणे प्राग्वपुषा सह। असम्बन्धादनाप्त्या च भाविनोऽङ्गस्य नाऽऽहृतिः।। (૩.૧૧૧૫)

આની પાછળ નિશ્ચયનયનો તર્ક એવો છે કે વિગ્રહગતિના પહેલા સમયે જીવને પૂર્વ ભવના શરીર સાથે સંબંધ નથી અને ભાવી શરીરની પ્રાપ્તિ હજી થઈ નથી.

ઋજુગતિમાં તો બંને નયથી પરભવનું જ આયુષ્ય અને આહાર હોવાની વાત સર્વવિદિત છે જ - तुल्यमेतदृजुगतौ निश्चयव्यवहारयोः।। (૩.૧૦૭૯ ઉત્તરાર્ધ)

**મુનિ શ્રીસુવ્રતચન્દ્ર-ગોયમચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## 194. वीतरागी को भी मृषावाद कैसे?

क्षीणमोह और उपशान्तमोह गुणस्थानक वाले जीवों को नौ बंधहेतु में चारों प्रकार के मनोयोग और चारों प्रकार के वाग्योग (सत्य, मृषा, सत्यामृषा, असत्यमृषा) होते हैं। देखें कर्मग्रंथ – ४, गाथा - ५८ की टीका में "मनोयोग-चतुष्क-वाग्योगचतुष्कौदारिकाययोगलक्षणा नव बन्धहेतवः उपशान्तमोहे क्षीणमोहे च प्राप्यन्ते।।"

दूसरी ओर मृषावाद के तीन कारण सभी शास्त्रों में प्रसिद्ध हैं – राग, द्वेष और मोह। *श्रीहरिभद्रसूरिजी* भी लिखते हैं – "रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम्। यस्य तु नैते दोषास्तस्याऽनृतकारणं किं स्यात्?।।" (*दश.नि.* - ४९ टीका) यहाँ प्रश्न यह है कि क्षीणमोह और उपशान्तमोह गुणस्थान में लोभ का संपूर्णतया उदय न होने से उन्हें राग, द्वेष या मोह न होने के बावजूद मृषावाद कैसे संभव है?

*श्रीहरिभद्रसूरिजी* यहीं एक वाक्य और लिखते हैं – "रागादिमतश्च सत्यवचनासम्भवात्।।" अर्थात् रागादिमान् जीव को सत्यवचन असंभव है। यह बात भी कैसे घटित होगी? क्या रागादिमान् पुरुष कभी सत्यवचन नहीं बोल सकता?

**मुनि श्रीगोयमचन्द्रविजयजी** (डहेलावाला-समुदाय)

## 195. केवलज्ञान-प्राप्ति के बाद कितने परीषह?

केवलज्ञान-प्राप्ति के बाद ११ परीषह ही जीव को होते हैं, ऐसा *तत्त्वार्थसूत्र* के 'एकादश जिने (९-११)' सूत्र से स्पष्ट है। किंतु *औपपातिकसूत्र* (प्रथम उपांग) में अम्बड परिव्राजक के चरित्र में भविष्य में महाविदेह क्षेत्र में उत्पन्न होकर केवलज्ञान-दर्शन पाकर मोक्षप्राप्ति का अधिकार है, वहाँ मूलसूत्र में वर्णन है कि महाविदेह क्षेत्र में जन्म लेकर अम्बड परिव्राजक आगामी भव में केवलज्ञान-दर्शन को उत्पन्न करेंगे, फिर २२ परीषह सहन करते हुए वे सिद्ध होंगे, बुद्ध होंगे... – "केवलवरणाणदंसणे समुप्पज्जिहिति।... केवलिपरियागं पाउणिहिति, केवलिपरियागं पाउणित्ता... बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति... सिज्झिहिति बुज्झिहिति मुच्चिहिति... ।।" (सूत्र ५० अंत में)

टीकाकार *श्रीअभयदेवसूरिजी* ने मात्र कठिन पदों की ही स्पष्टता की होने से इन पदों पर टीका नहीं की है।

अतः यहाँ मूलग्रंथ के रचियता गणधर भगवंत का क्या आशय होगा, यह स्पष्ट करने की विद्वद् मुनिवरों को विनंति।

**मुनि श्रीगोयमचन्द्रविजयजी** (डहेलावाला-समुदाय)

## 196. द्वित्वादि अनेकस्थ धर्म

न्याय दर्शन द्वित्व, त्रित्व, समुदायत्व आदि अनेक द्रव्यों में एकसाथ रहनेवाले धर्मों को अपेक्षाबुद्धि से जन्य मानता है। ये धर्म हमारे जैन दर्शन अनुसार कैसे घटित होंगे? हमारे दर्शन अनुसार ये धर्म सत् हैं या असत् हैं? यदि असत् मानेंगे तो नैयायिक की तरह मात्र अपेक्षाबुद्धि से जन्य मानना पडेगा, ऐसा मानने पर असत् वस्तु का ज्ञान कैसे होगा?

यदि इन धर्मों को सत् मानेंगे तो तीन विकल्प हो सकते हैं – (१) या तो वह एक ही धर्म एकसाथ अनेक पदार्थ में रहता हो (जैसे – एक ही द्वित्व दो पदार्थ में एकसाथ रहे)। (२) सभी पदार्थों में सभी धर्म स्वतंत्र रहते हो (जैसे – द्वित्व दोनों पदार्थों में अलग-अलग स्वतंत्र रहे)। (३) अथवा तो बहुत एकत्व का एकसाथ ज्ञान होता हो (जैसे - दो एकत्व का एकसाथ ज्ञान करने से द्वित्व की बुद्धि होती है)।

यदि (१) प्रथम विकल्प को मानें तो आपत्ति यह होगी कि जैन दर्शन में एक ही धर्म बहुत पदार्थों में एकसाथ रहता है, ऐसा वर्णन कहीं भी नहीं आता। सभी पदार्थों के स्वयं के सभी धर्म स्वतंत्र है। (२) दूसरा विकल्प स्वीकारने पर दो विकल्प हो सकते हैं – (२क) प्रत्येक पदार्थ में स्वतंत्र धर्म रहेगा किंतु उसमें से हमें एक का ही ज्ञान होगा (जैसे - दो पदार्थ में स्वयं के द्वित्व हैं किंतु उनमें से हम एक ही द्वित्व का ज्ञान कर दोनों पदार्थ की बुद्धि

कर लेते हैं)। यह विकल्प स्वीकारने पर प्रश्न होगा कि 'दो में से कौन-से द्वित्व का ज्ञान होगा?' इस बात का नियामक कौन? (२ख) प्रत्येक पदार्थ में स्वतंत्र धर्म रहेगा और सबका एकसाथ ज्ञान होगा। यह विकल्प स्वीकारने पर तो प्रत्यक्षबाध होगा। जैसे – दो पदार्थ के दो द्वित्व का एकसाथ ज्ञान होने पर 'चार' की बुद्धि होनी चाहिए किंतु ऐसा तो होता नहीं।

(३) यदि दो एकत्व का एकसाथ बोध होने पर हमें द्वित्व की बुद्धि होती है, ऐसा अन्तिम विकल्प स्वीकारें तो पुनः प्रश्न होगा कि दो एकत्व में द्वित्व की बुद्धि कैसे हुई? इत्यादि सभी विकल्प पुनः उपस्थित होंगे।

इस बात में कोई आधार ढूँढने पर यह प्राप्त हुआ –

*उपाध्याय श्रीयशोविजयजी* ने अपने *नयरहस्य* नामक ग्रंथ में एकत्व-द्वित्वादि सभी धर्मों को सत् बताया है। इसके पीछे उनका तर्क है कि जो भी वस्तु बुद्धिविशेष का विषय बनती है, वह जगत् में अवश्य विद्यमान होती है। यदि विद्यमान नहीं होती तो वस्तु में बुद्धिविशेष के विषयत्व का अयोग होता है। अतः ऐसे सभी धर्म सत् हैं। यह बात उन्हीं के शब्दों में – "सतामेवैकत्वादीनां बुद्धिविशेषेणाऽभिव्यक्तेः, अन्यथा तद्विषयत्वायोगात्।।" (*नयरहस्यप्रकरण*, *लावण्यसूरिजी*-कृत टीका वाली पुस्तक में पृ. १६ पर)। इन्हीं उपाध्यायजी ने अपने अन्य ग्रंथ *अध्यात्मसार* में द्वित्वादि धर्मों को विकल्प से जन्य अर्थात् अपेक्षाबुद्धि से जन्य बताया है – विकल्पाकल्पितं तस्माद्, द्वयमेतन्न तात्त्विकम्। विकल्पोपरमे तस्य, द्वित्वादिवदुपक्षयः।।९.५।। अर्थ – इष्ट-अनिष्ट बुद्धि विकल्प से कल्पित है, इसलिए ये दोनों तात्त्विक नहीं हैं। जैसे विकल्प शान्त होने पर द्वित्वादि का क्षय हो जाता है, वैसे ही विकल्प शान्त होने पर इष्ट-अनिष्टत्व का भी क्षय हो जाता है। अतः ये दो पाठ भी एक-दूसरे से विपरीत ज्ञान कराने वाले प्रतिभासित होते हैं। इस बाबत में विद्वद् मुनिवरों को वास्तविक व्यवस्था ज्ञात कराने की विनंती।

**मुनि श्रीनयज्ञ-गोयमचन्द्रविजयजी** (डहेलावाला-समुदाय)

# 197. આત્મા કર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી કેમ?

*મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ* વિરચિત *સમકિતના સડસઠ બોલની સજ્ઝાય*માં ૧૨મી ઢાળમાં આ પ્રમાણે ગાથા છે –

"નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપચરિત વ્યવહારે રે,

દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે ।।૬૪।।

ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય-પાપ ફળ કેરો રે,

વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે..."

અર્થ – આત્મા નિશ્ચયથી નિજગુણનો કર્તા છે, દ્રવ્યકર્મનો અનુપચરિત વ્યવહારથી કર્તા છે અને નગર આદિનો ઉપચરિત વ્યવહારથી કર્તા છે. ચોથા સ્થાનકમાં આત્મા પુણ્ય-પાપના ફળનો વ્યવહારથી ભોક્તા છે અને નિશ્ચયનયની દૃષ્ટિથી નિજગુણનો સ્વતંત્રપણે ભોગ કરે છે.

આમાં નિમ્નલિખિત પ્રશ્નો થઈ શકે છે –

૧. આત્મા દ્રવ્ય કર્મ અને નગર આદિનો કર્તા વ્યવહારથી કેમ? કેવી રીતે? કેમ કે દ્રવ્ય કર્મ અને નગર આદિના કર્તાપણે તે સાક્ષાત્ દેખાય છે.

૨. વ્યવહારનયમાં અનુપચરિત અને ઉપચરિત એટલે શું? આ ભેદો બીજા કયા પ્રાચીન ગ્રંથોમાં મળી શકે?

૩. આત્મા પુણ્ય-પાપના ફળનો ભોક્તા પણ વ્યવહારથી કેવી રીતે? કેમ કે કર્મના ફળનો આપણને સાક્ષાત્ અનુભવ થાય જ છે.

૪. આ સજ્ઝાય *શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ*ના *સમ્યક્ત્વસપ્તતિકા* નામક ગ્રંથના આધારે રચી છે. એ ગ્રંથ કે એની ટીકામાં વ્યવહારનયનો ઉલ્લેખ નથી.

વળી આ છ સ્થાનોનું વર્ણન *પ્રવચનસારોદ્ધાર*માં પણ છે. ત્યાં પણ વ્યવહારનયનો ઉલ્લેખ નથી. તો *મહોપાધ્યાયજી મહારાજે* પ્રાચીન કયા ગ્રંથના આધારે આત્માને પુણ્ય-પાપનો કર્તા-ભોક્તા વ્યવહારનયથી કહ્યો હશે?

**મુનિ શ્રીસુવ્રતચન્દ્ર-નયજ્ઞ-ગોયમચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## 198. પ્રાચીન અને નવ્ય અર્થઘટનો વચ્ચે અંતર

*સન્મતિતર્કપ્રકરણ*ની *શ્રીઅભયદેવસૂરિજી*-રચિત વૃત્તિમાં બે-ત્રણ ઠેકાણે પ્રાચીન વૃત્તિના સંદર્ભો જડે છે. આ સંદર્ભોમાં થયેલું *સન્મતિતર્ક*ની પ્રરૂપણાઓનું અર્થઘટન *શ્રીઅભયદેવસૂરિજી*ના અર્થઘટનથી ક્યાંક જુદું પણ પડે છે. તેથી *અનુસંધાન* ૫૯ – પૃષ્ઠ ૧૧૬ પર એવો અભિપ્રાય રજુ કર્યો હતો કે અહીં જે પ્રાચીન વૃત્તિની વાત છે તે *શ્રીમલ્લવાદીજી*ની હોવી જોઈએ. અને બે આશય પરસ્પર વિભિન્ન પ્રતીત થાય છે તેનું સંભવિત કારણ એ હોય કે *શ્રીમલ્લવાદીજી સન્મતિતર્કકાર*થી બહુ નજીકના સમયમાં થયા હોવાથી તેઓની પાસે સબળ અર્થપરંપરા સચવાઈ હોવાની શક્યતા વધારે છે.

હમણાં આ વાતનો એક સરસ પુરાવો જડ્યો. આમ તો આ વાત સૌ પ્રથમ *દ્વાદશારનયચક્ર*ના સંપાદિત ગ્રંથમાં શ્રુતસ્થવિર મુનિપ્રવર *શ્રીજંબૂવિજયજી મહારાજે* જણાવી છે. પણ અહીં જુદા દૃષ્ટિકોણથી તે વાત સમજવાનો પ્રયાસ છે.

*સન્મતિતર્કપ્રકરણ* - ગાથા – ૪ નો પૂર્વાર્ધ આમ છે –

दव्वट्ठियनयपयडी सुद्धा संगहपरूवणाविसओ।।

આ પંક્તિનું *શ્રીઅભયદેવસૂરિજી*-કૃત વિવરણ –

द्रव्यास्तिकनयस्य प्रकृतिः- स्वभावः शुद्धा इत्यसंकीर्णा विशेषा-संस्पर्शवती संग्रहस्य अभेदग्राहिनयस्य प्ररूपणा... तस्या विषयोऽभिधेयः।।

આનો અર્થ – દ્રવ્યાસ્તિકનયની વિશેષના સ્પર્શ વગરની શુદ્ધ પ્રકૃતિ અભેદગ્રાહી એવા સંગ્રહનયની પ્રરૂપણાનો વિષય છે.

આ અર્થને અનુલક્ષીને આ પંક્તિ અનેક ગ્રંથોમાં ઉદ્ધૃત થતી રહી છે.

પરંતુ *દ્વાદશારનયચક્ર*માં *શ્રીમલ્લવાદીજી*એ એક પંક્તિ એવી લખી છે કે – एवं चाऽयं संग्रहेषु द्रव्यप्रकृतिनयः।। "આ નય સંગ્રહ-અંતર્ગત દ્રવ્યપ્રકૃતિસ્વરૂપ નય છે." આનું તાત્પર્ય સમજાવતાં વૃત્તિકાર જણાવે છે કે –

संग्रहाः संग्रहेण त्रिविधा भवन्ति – द्रव्य-स्थित-नयप्रकृतयः। द्रव्यप्रकृतयः कर्म-पुरुषकाराद्येकान्तवादाः, स्थितप्रकृतयः पुरुष-काल-नियत्यादिवादाः, नयप्रकृतयः प्रकृतीश्वरादिकारणवादाः।।

સંગ્રહનયના વિવિધ પ્રકારો સંક્ષેપથી ત્રણ પ્રકારના હોય છે – દ્રવ્યપ્રકૃતિ, સ્થિતપ્રકૃતિ, નયપ્રકૃતિ. કર્મ, પુરુષાર્થ વગેરે એકાંતવાદ દ્રવ્યપ્રકૃતિ નય છે. પુરુષ, કાળ, નિયતિ વગેરે વાદો સ્થિતપ્રકૃતિ નય છે. જ્યારે પ્રકૃતિ, ઈશ્વર વગેરે વાદો નયપ્રકૃતિ નય છે.

આમાં સ્પષ્ટપણે दव्वट्ठियनयपयडी सुद्धा संगहपरूवणाविसओ એ પંક્તિનો જ સંદર્ભ સમજાય છે. ફરક એટલો જ છે કે *દ્વાદશારનયચક્ર*ના વૃત્તિકાર મૂલકાર *શ્રીમલ્લવાદીજી*ને અનુસરીને द्रव्य-स्थित-नयप्रकृतयः એમ અર્થ કરે છે. જ્યારે *શ્રીઅભયદેવસૂરિજી* द्रव्यास्तिकनयस्य प्रकृतिः એમ દ્રવ્યાસ્તિકનયનો સંદર્ભ સમજાવે છે.

આના પરથી સમજાય છે કે પ્રાચીન અને નવ્ય અર્થઘટનો વચ્ચે કેટલું બધું અંતર પડી જતું હોય છે!

[એક આડવાત – *સન્મતિતર્કપ્રકરણ*ની *શ્રીઅભયદેવસૂરિજી*-રચિત વૃત્તિમાં ઉદ્ધૃત પ્રાચીન વૃત્તિના સંદર્ભો પરથી જણાઈ આવે છે કે એ પ્રાચીન વૃત્તિકાર *શ્રીસિદ્ધસેન દિવાકરજી*ના કેવલજ્ઞાન અંગેના મતનો આશય *શ્રીઅભયદેવસૂરિજી* કરતાં બહુ જુદી રીતે સમજે છે. એ અનુસાર તો *શ્રીસિદ્ધસેન દિવાકરજી* અભેદવાદી છે જ નહીં! પણ અત્યારે આપણે *શ્રીઅભયદેવસૂરિજી*ના મંતવ્યને અનુસરીને *શ્રીસિદ્ધસેન દિવાકરજી*ને અભેદવાદી જ સમજીએ છીએ. વિચાર કરતાં એમ સમજાય

છે કે જે પ્રાચીન વૃત્તિના સંદર્ભો ઉદ્ધૃત થયા છે તે *શ્રીમલ્લવાદીજી*ની જ હોવી જોઈએ. અને *શ્રીસિદ્ધસેન દિવાકરજી*ના આશય અંગેના તેમના મંતવ્યને જ વધુ પ્રમાણભૂત ગણવું જોઈએ. આ વિચારણા માટે જુઓ *અનુસંધાન* - ૫૯, પૃષ્ઠ – ૧૦૬ – ૧૪૩ 'સિદ્ધસેન દિવાકરજીના કેવલજ્ઞાન-દર્શન અંગેના મંતવ્ય વિશે વિચારણા' એ લેખ] ✍ ત્રૈ.

## 199. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે ભેદરેખા

જેને અતીન્દ્રિય જ્ઞાન પ્રાપ્ત નથી થયું તેવી વ્યક્તિને ૫ ઇન્દ્રિયો તથા મનની સહાયતાથી ઉત્પન્ન થતો તમામ બોધ 'મતિજ્ઞાન' અને 'શ્રુતજ્ઞાન' એ બે ઓળખાણ હેઠળ વિભાજિત થાય છે. વ્યક્તિ દ્વારા બોલતાં વાક્યો સાંભળીને કે અક્ષરો વાંચીને જે જ્ઞાન જન્મે તે 'શ્રુતજ્ઞાન' અને એ સિવાયનો તમામ સ્વાભાવિક બોધ 'મતિજ્ઞાન' - એમ બે જ્ઞાનોની સામાન્ય વ્યાખ્યા તો બધે મળે જ છે. પણ એ વ્યાખ્યા કે તેનાથી આગળનાં વિવેચનો વાંચ્યા પછી પણ કોઈ ચોક્કસ બોધને 'મતિજ્ઞાન' ગણવો કે 'શ્રુતજ્ઞાન' એ સંદર્ભે આપણે ક્યારેક મૂંઝાતા હોઈએ છીએ. આ મૂંઝવણનો ઉકેલ લાવવાની દિશામાં પૂર્વાચાર્યોનાં વચનોના સહારે અત્રે થોડોક વિમર્શ કર્યો છે. આ વિષે સૌથી વધુ વિચાર-વિસ્તાર *વિશેષાવશ્યકભાષ્ય* અને તેનાં વિવરણોમાં સાંપડે છે. તેથી સ્વાભાવિક રીતે તેનું જ અત્રે મુખ્યતયા અનુસરણ થયું છે અને અન્ય સન્દર્ભોને પૂરકસામગ્રી તરીકે પ્રયોજવામાં આવ્યા છે.

સૌ પ્રથમ તો આ બે જ્ઞાનોમાં પરસ્પર જે મૂળભૂત સમાનતા છે તે જોઈએ તો –

1) સ્વામી - મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્નેની ધારક વ્યક્તિ એક જ હોય છે અને તે બન્ને જ્ઞાનો સાથે જ રહે છે. એ બન્ને જ્ઞાનોનો ઉપયોગ વારાફરતી હોવા છતાં પણ, શક્તિની અપેક્ષાએ કોઈકને એકલું મતિજ્ઞાન જ હોય અને કોઈકને એકલું

શ્રુતજ્ઞાન જ હોય એમ બનતું નથી. કેવલજ્ઞાની સિવાયના તમામ જીવોને આ બન્ને જ્ઞાન અવશ્ય હોય જ છે.

2) કાળ - આ બન્ને જ્ઞાનોમાં પૂર્વાપરભાવ જો કે હોય જ છે, કેમ કે પહેલાં મતિજ્ઞાન અને પછી શ્રુતજ્ઞાન, પુનઃ મતિજ્ઞાન, પુનઃ શ્રુતજ્ઞાન આવો ક્રમ ચાલ્યા જ કરે છે, તો પણ યોગ્યતા કે શક્તિની અપેક્ષાએ બન્ને જ્ઞાનનું સદા અસ્તિત્વ હોય છે. વાસ્તવમાં આ બે જ્ઞાનો એકબીજા સાથે એટલી ગાઢ રીતે સંકળાયેલાં છે કે એકની પ્રગટ હાજરીમાં બીજાની સૂક્ષ્મ હાજરી કોઈક રીતે પારખી જ શકાય છે.

3) કારણ - મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને ઇન્દ્રિય અને મનના નિમિત્તે જન્મે છે. એટલે આ બન્ને જ્ઞાનની ઉત્પાદક સામગ્રી વચ્ચે પણ ઝાઝો તફાવત નથી. (છતાં જે તફાવત છે તે આગળ સ્પષ્ટ થશે.)

4) વિષય - બન્નેના વિષયભૂત પદાર્થો પણ એક સરખા હોઈ શકે છે.

5) પરોક્ષતા - મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને સાક્ષાત્ આત્મામાંથી પ્રગટ થતાં નથી, પણ તેના માટે ઇન્દ્રિય અને મનની સહાયતા લેવી આત્માને અનિવાર્ય બની જાય છે. સાક્ષાત્ આત્મા દ્વારા થતાં અતીન્દ્રિય જ્ઞાનોને જ જો 'પ્રત્યક્ષ' ગણીએ તો એ અપેક્ષાએ આ બન્ને જ્ઞાનોને 'પરોક્ષ' જ ગણવાં પડે.

આમ આ બે જ્ઞાનો વચ્ચે આટલી બધી સમાનતા હોવાથી જ બન્ને વચ્ચે ભેદરેખા દોરવી વધુ મુશ્કેલ બને છે.

*શ્રીભગવતીજી*, *શ્રીસ્થાનાંગ* વગેરે આગમોમાં અને *આવશ્યકનિર્યુક્તિ* જેવાં આગમિક વિવરણોમાં આ બે જ્ઞાનોના પૃથક્ ઉલ્લેખો મળે છે, પણ ત્યાં આ બે જ્ઞાનો વચ્ચે ચોક્કસ તફાવત દર્શાવતું લક્ષણ જોવા મળતું નથી. સૌપ્રથમ *શ્રીનન્દિસૂત્ર*માં તેનો વિચાર જોવા મળે છે. ત્યાં આ બે જ્ઞાનોનાં બે લક્ષણો સ્પષ્ટ કરીને તે બે વચ્ચે પ્રાથમિક ભેદરેખા આંકવાનો પ્રયાસ થયો છે –

1. 'अभिणिबुज्झइ ति आभिणिबोहियं सुणतीति सुतं ।।' (સન્મુખ રહેલા પદાર્થોનો નિયત બોધ કરે તે મતિજ્ઞાન અને સાંભળીને થાય તે શ્રુતજ્ઞાન.)

2. 'मतिपुव्वयं सुयं, न मति सुयपुव्विया ।।' (મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન હોય છે, પણ મતિજ્ઞાન શ્રુતજ્ઞાનપૂર્વક હોતું નથી.)

અલબત્ત ત્યાં 'तहवि पुण एत्थायरिया णाणत्तं पण्णवेंति' એમ કહીને આ લક્ષણોનો ઉલ્લેખ કર્યો હોવાથી, આ લક્ષણો *નન્દિસૂત્ર*થી પૂર્વે પણ અસ્તિત્વ ધરાવતાં હતાં તેમ સમજી શકાય.

આમાં 'मतिपुव्वयं सुयं' એ અંશનું જો તાત્પર્ય વિચારીએ તો સ્પષ્ટ થાય છે કે મતિજ્ઞાનના ચોક્કસ પ્રકારો જ 'શ્રુતજ્ઞાન' તરીકે ઓળખાય છે. *વિશેષાવશ્યકભાષ્ય* – ગાથા ૮૬ ની વૃત્તિમાં સ્પષ્ટ જણાવાયું છે કે ઇન્દ્રિય અને મન દ્વારા ઉત્પન્ન થતો તમામ બોધ 'મતિજ્ઞાન' જ હોય છે, ફક્ત પર-ઉપદેશ અને આગમ-વચનના નિમિત્તે થતો કોઈક મતિજ્ઞાનનો વિશેષ પ્રકાર જ 'શ્રુતજ્ઞાન' તરીકે ઓળખાય છે. અન્યથા, એક રીતે જુઓ તો 'શ્રુતજ્ઞાન' 'મતિજ્ઞાન' નો જ ભેદ છે.

પણ આમાંથી જ મોટી મૂંઝવણ ઊભી થાય છે કે મતિજ્ઞાનના અમુક ભેદોમાં એવી કઈ વિશેષતા હોય છે કે જે તેમને બીજા અનેક પ્રકારોથી જુદા પાડીને 'શ્રુતજ્ઞાન' એવા શીર્ષક હેઠળ મૂકી આપે છે?

સદ્‌ભાગ્યે, *વિશેષાવશ્યકભાષ્ય*માં અને બીજે કેટલેક ઠેકાણે આ વિશે બહુ ઝીણવટથી ચર્ચા થઈ છે અને 'શ્રુતજ્ઞાન'ની ઓળખ પામતા એવા વિશિષ્ટ મતિજ્ઞાનના ભેદો અને એવી ઓળખ ન પામનારા સામાન્ય મતિભેદો વચ્ચે જે તફાવત હોય છે એનું સ્પષ્ટ નિદર્શન કરાયું છે. એ નિદર્શન અનુસાર તે બે વચ્ચે ભેદરેખા આંકતી મુખ્ય લાક્ષણિકતાઓ આટલી હોય છે –

૧. વિભિન્ન સ્વરૂપ ૨. કાર્યકારણભાવ ૩. ઉપપ્રકારોમાં ભિન્નતા ૪. કારણભૂત ઇન્દ્રિયોમાં ભેદ ૫. અક્ષરાભિલાપનો સદ્‌ભાવ-અભાવ ૬. પર-પ્રત્યાખ્યાન (બીજાને જણાવવાની) ક્ષમતાનો સદ્‌ભાવ-અભાવ.

<u>વિભિન્ન સ્વરૂપ</u>

પૂર્વે જણાવ્યું તેમ 'अभिणिबुज्झइ त्ति आभिणिबोहियं' અને 'सुणेतीति सुतं' એ રીતે બન્ને જ્ઞાનો વચ્ચેનો સ્વરૂપભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. એ પ્રમાણે જોઈએ તો - સાંભળીને થાય તે 'શ્રુતજ્ઞાન' અને તે સિવાયનો સઘળોય ઈન્દ્રિયજન્ય બોધ 'મતિજ્ઞાન' એમ બે વચ્ચેનો પ્રાથમિક સ્વરૂપભેદ સમજી શકાય તેમ છે જ. પણ વિચારવિકાસ જેમ-જેમ થતો ગયો તેમ-તેમ આ સ્વરૂપભેદની વધુ ને વધુ સ્પષ્ટતા અને સૂક્ષ્મતા નિરૂપાતી ગઈ અને અન્તે 'શ્રુતજ્ઞાન'નું ચોક્કસ સ્વરૂપ આમ સિદ્ધ થયું - વક્તા દ્વારા બોલાયેલા અથવા ગ્રન્થમાં લખાયેલા ઘટાદિ શબ્દને અનુસરીને વાચ્ય-વાચકભાવની સંયોજનાપૂર્વક જન્મેલો અને 'ઘડો, ઘડો' આવા અન્તઃકરણમાં ઉત્પન્ન થનારા શબ્દોલ્લેખના આકારવાળો ઈન્દ્રિયોના નિમિત્તે પેદા થયેલો જે બોધ તે 'શ્રુતજ્ઞાન'. આવું જ્ઞાન પોતાના વિષયભૂત ઘટાદિ પદાર્થનું બીજાને પ્રતિપાદન કરાવવા માટે (-જણાવવા માટે) સમર્થ હોય છે.

આને અનુસરીને વિચારીએ તો શ્રુતજ્ઞાનની કેટલીક વિશેષ લાક્ષણિકતાઓ સમજાય છે - ૧. શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ માટે 'શબ્દ' જરૂરી છે. આ શબ્દ કોઈકના દ્વારા બોલાયેલો અથવા પુસ્તક આદિમાં લખાયેલો હોઈ શકે છે. ૨. શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ પૂર્વે ઈન્દ્રિયો દ્વારા આ શબ્દનો બોધ થાય એટલે કે અવગ્રહ-ઈહા-અપાય સ્વરૂપે તેનું મતિજ્ઞાન થાય તે જરૂરી છે. આને જ શબ્દનું અનુસરણ ગણવામાં આવે છે. ૩. આ અનુસરણ થયા પછી વાચ્ય-વાચકભાવની સંયોજના થાય છે, એટલે કે આ શબ્દ આ પદાર્થનો વાચક (-જણાવનાર) છે અને આ પદાર્થ આ શબ્દનો વાચ્ય છે એવી વિચારણા પ્રવર્તે છે. ૪. આ વિચારણાને પરિણામે તે જ્ઞાનના વિષયભૂત પદાર્થોના શબ્દાત્મક ઉલ્લેખ સહિતનો બોધ જન્મે છે. આમાં મોઢેથી શબ્દોનું ઉચ્ચારણ નથી હોતું, પણ અન્તઃકરણમાં વર્તતો તેમનો બોધમાત્ર હોય છે. આને 'અન્તર્જલ્પ' કહેવાય છે. આ જ વાસ્તવિક 'શ્રુતજ્ઞાન' છે. વાચ્ય-વાચકભાવની સંયોજનામાં તે તે વાક્યના ઘટકભૂત શબ્દોની જ અર્થવિચારણા મુખ્ય હોય છે. જ્યારે તેનાથી જન્મતા બોધમાં સમગ્ર વાક્યના કથયિતવ્યનું - તાત્પર્યનું શબ્દોલ્લેખ સહિત જ્ઞાન પ્રવર્તે છે. ૫. આ

જ્ઞાન નિયમતઃ પોતાના વિષયભૂત પદાર્થોનું બીજાને કથન કરવા માટે સમર્થ હોય છે. કારણ કે આ જ્ઞાન મૂળભૂત રીતે શબ્દોલ્લેખવાળું હોવાથી આ જ્ઞાનની ધારક વ્યક્તિ સ્વાભાવિક રીતે જ પોતાને જણાતું તત્ત્વ બીજાને જણાવવા માટે તેને શબ્દોમાં ઢાળી શકે છે. આનું એક તાત્પર્ય એ પણ સમજી શકાય કે શ્રુતજ્ઞાન અભિલાપ્ય પદાર્થોને જ (-શબ્દોથી વર્ણવી શકાય તેવા પદાર્થોને જ) વિષય બનાવે છે.

અત્રે એક વિશેષ સ્પષ્ટતા એ વિશે કરવાની થાય કે આ રીતે જોઈએ તો શબ્દજન્ય જ્ઞાન 'શ્રુત' બને છે, શબ્દ પોતે નહીં. તો અનેક ઠેકાણે શબ્દને જ કેમ 'શ્રુત' તરીકે ઓળખાવવામાં આવે છે? આનું કારણ એ હોય છે કે વક્તા દ્વારા બોલાતો શબ્દ જ શ્રોતાને ઉત્પન્ન થતા શ્રુતજ્ઞાનમાં નિમિત્ત બને છે. વળી, વક્તામાં વર્તનારું શ્રુતોપયોગસ્વરૂપ 'શ્રુત' જ તેના દ્વારા બોલાતા શબ્દોનું કારણ બને છે. આમ, શબ્દ એ 'શ્રુત'નું કારણ પણ બને છે અને કાર્ય પણ. તેથી ઉપચારથી શબ્દ પણ 'શ્રુત' તરીકે ઓળખાય છે. આમ પરમાર્થથી તો શ્રુતોપયોગ એ જ શ્રુત છે, પણ વ્યવહારનયથી શબ્દને પણ 'શ્રુત' તરીકે ઓળખવામાં આવે છે. આ બે શ્રુત વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવા માટે શ્રુતોપયોગને 'ભાવશ્રુત' અને શબ્દને 'દ્રવ્યશ્રુત' પણ કહેવામાં આવે છે.

ઉપર શ્રુતજ્ઞાનનું જે પારમાર્થિક સ્વરૂપ વર્ણવ્યું તે અને દ્રવ્યશ્રુત સિવાયનું સઘળુંયે ઇન્દ્રિય-મનજન્ય જ્ઞાન 'મતિજ્ઞાન' તરીકે ઓળખાય છે. આમ સ્વરૂપભેદની અપેક્ષાએ બન્ને જ્ઞાનો સ્પષ્ટતઃ અલગ જણાય છે.

<u>કાર્યકારણભાવ</u>

'मइपुव्वयं सुयं, न मई सुयपुव्विया' આવાં શાસ્ત્રવચનોથી સમજાય છે કે પહેલાં મતિજ્ઞાન પ્રવર્તે છે પછી જ એ વિષયમાં શ્રુતજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે છે, પણ પહેલાં શ્રુતજ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે પછી એ વિષયમાં મતિજ્ઞાનનો વ્યાપાર થાય એવું બનતું નથી. જો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને એક જ હોય તો બે વચ્ચે આવો નિયત પૂર્વાપરભાવ શક્ય જ ન બને.

વાસ્તવમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચેનો પૂર્વાપરભાવ તે બે વચ્ચેના કાર્યકારણભાવ પર આધારિત છે. મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું કારણ બને છે, માટે તે પહેલાં થાય છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનનું કાર્ય હોય છે, માટે તે પછી પ્રવર્તે છે. આપણે સાંભળીને કે વાંચીને કે બીજી કોઈપણ રીતે શબ્દનો બોધ કરવા માટે, શબ્દ સુધી પહોંચવા માટે તો અવગ્રહ-ઈહા-અપાય એ ક્રમે મતિજ્ઞાનની જ સહાયતા લેવી પડે છે. પછી એ શબ્દને અનુસરીને શ્રુતજ્ઞાન પ્રવર્તે છે. મતિજ્ઞાનથી જો શબ્દ જણાય નહીં, તો તેને વિષય બનાવનારું શ્રુતજ્ઞાન સંભવે જ નહીં. એટલું જ નહીં, કેટલીકવાર પહેલાં પદાર્થનો બોધ થાય, પછી વાચ્ય-વાચકભાવની સંયોજના-પૂર્વક તેમાં શ્રુતોપયોગ પ્રવર્તે એમ પણ બને છે. તેવા સ્થળે પણ પદાર્થનો બોધ તો મતિજ્ઞાનથી જ થયો હોય છે. આમ, કોઈપણ રીતે શ્રુતજ્ઞાન પ્રવર્તે તે પહેલાં તે વિષયમાં મતિજ્ઞાનનો વ્યાપાર થાય તે અનિવાર્ય છે. અને એટલે જ તે બે વચ્ચે પૂર્વાપરભાવ કે કારણકાર્યભાવ છે. આ પૂર્વાપરભાવ કે કારણકાર્યભાવ બે વચ્ચેની ભેદરેખાને વધુ સ્પષ્ટ કરી આપે છે.

અલબત્ત, 'શ્રુત' નો અર્થ 'દ્રવ્યશ્રુત' લઈએ તો મતિજ્ઞાનમાં પણ શ્રુતપૂર્વકત્વ ઘટી શકે છે. જેમ કે કોઈક વક્તાએ કોઈક શબ્દનું ઉચ્ચારણ કર્યું તો તે પણ 'દ્રવ્યશ્રુત' છે. હવે આ શબ્દ સાંભળીને શ્રોતાને 'આ કંઈક છે' (-અવગ્રહ), 'શું હશે?' (-ઈહા), આ શબ્દ છે (-અપાય) - આવાં જે જ્ઞાનો પ્રવર્તે તે મતિજ્ઞાન જ છે. પછી એ શબ્દના આધારે જે વિચારણા થાય તે શ્રુતજ્ઞાન કહેવાશે. આમ, દ્રવ્યશ્રુત વાસ્તવમાં ભાવશ્રુતનું જ કારણ છે, પણ એ માટે પણ તેને પ્રારમ્ભમાં તો મતિજ્ઞાનનું કારણ બનવું પડે છે. એટલે ક્રમ આવો થશે – દ્રવ્યશ્રુત → મતિજ્ઞાન → ભાવશ્રુત. તેથી એમ કહી શકાય કે દ્રવ્યશ્રુતની અપેક્ષાએ મતિજ્ઞાનમાં શ્રુતપૂર્વકત્વ હોઈ શકે છે, પણ ભાવશ્રુતની અપેક્ષાએ તો મતિજ્ઞાન તેનું કારણ જ બને છે. જ્યારે ભાવશ્રુત તો દ્રવ્યશ્રુત અને મતિજ્ઞાન - ઉભયનું કાર્ય છે. એટલે તેમાં નિયમથી મતિપૂર્વકત્વ હોય છે.

જો કે, ભાવશ્રુત પછી પણ તેના વિષયભૂત પદાર્થ કરતાં અન્ય પદાર્થનું મતિજ્ઞાન થઈ જ શકે છે, પણ તે મતિજ્ઞાનની ઉત્પત્તિમાં તેની પૂર્વના શ્રુતજ્ઞાનનો કોઈ ફાળો હોતો નથી. તેથી મતિજ્ઞાનથી પૂર્વમાં શ્રુતજ્ઞાનનું અસ્તિત્વ હોવા છતાં બે વચ્ચે પૂર્વાપરભાવ કે કારણકાર્યભાવ ઘટતો નથી.

<u>ઉપપ્રકારોમાં ભિન્નતા</u>

મતિજ્ઞાનના તે તે ઈન્દ્રિયોથી જન્ય અવગ્રહ, ઈહા, અપાય વગેરેની અપેક્ષાએ ૨૮ ભેદ થાય છે. જ્યારે શ્રુતજ્ઞાનના અંગપ્રવિષ્ટ, અનંગપ્રવિષ્ટ વગેરેની અપેક્ષાએ અનેક ભેદ પડે છે. બન્નેના ઉપપ્રકારો ભિન્ન-ભિન્ન હોવાથી તે તે ઉપપ્રકારોની લાક્ષણિકતાઓને લક્ષ્યમાં લઈને પણ બે જ્ઞાનો વચ્ચે ભેદરેખા દોરી શકાય છે.

<u>ઈન્દ્રિયભેદ</u>

શ્રુતજ્ઞાન શ્રોત્રેન્દ્રિયથી ઉપલબ્ધ થતા શબ્દોને જ વિષય બનાવે છે, જ્યારે મતિજ્ઞાન સર્વ ઈન્દ્રિયોથી ઉપલબ્ધ થતા પદાર્થોને વિષય બનાવી શકે છે.

આનો વિષયવિભાગ આમ સમજી શકાય –

શ્રોત્રેન્દ્રિયથી જેમનો ઉપલંભ થાય છે તે શબ્દોમાં પ્રારમ્ભમાં તો મતિજ્ઞાન જ પ્રવર્તે છે. પાછળથી (-અપાય થયા પછી) તેમાં શ્રુતજ્ઞાન પ્રવર્તી શકે છે તે આપણે પૂર્વ જોઈ ગયા છીએ. સામાન્યતઃ કહેવું હોય તો એમ કહી શકાય કે શ્રુતજ્ઞાન શબ્દના આધારે વૈચારિક સ્તરે આગળની પ્રક્રિયા કરી શકે છે, પણ શબ્દને ગ્રહણ કરવાનું તેનું સામર્થ્ય નથી. એ સામર્થ્ય તો મતિજ્ઞાન પાસે જ છે, તેથી શ્રોત્રેન્દ્રિયને કામે લગાડી, શબ્દગ્રહણ કરીને, 'એ શબ્દ કયો છે?' એવા નિર્ણય સુધી પહોંચાડવાનું કામ મતિજ્ઞાન કરે છે અને પછી એ ગૃહીત થયેલા શબ્દોનું પૃથક્કરણ, તેમના અર્થનું નિર્ધારણ વગેરે કાર્ય શ્રુતજ્ઞાનનું છે.

શેષ ઈન્દ્રિયોમાં પણ પ્રારમ્ભકાળે (રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ વગેરે સ્વરૂપ) પોતપોતાના વિષયભૂત પદાર્થોનો જે બોધ થાય તે અવગ્રહ-ઈહા વગેરે ક્રમે

મતિજ્ઞાનજન્ય જ હોય છે, પણ એ પદાર્થબોધ થયા પછી, પૂર્વકાળે સંપ્રાપ્ત શ્રુતને અનુસરીને તે પદાર્થ અંગે જે શબ્દાત્મક વિચારણા પ્રવર્તે તે શ્રુતજ્ઞાન ગણાય છે.

જો કે મતિજ્ઞાનના ભેદોમાં પણ અવગ્રહ સુધી જ શબ્દાત્મક અભિલાપ નથી હોતો, ત્યારબાદના ઈહા વગેરે જ્ઞાનો તો શબ્દાત્મક જ હોય છે. પણ એ શબ્દો શ્રુતને અનુસરીને નથી જન્મતા, સ્વાભાવિક હોય છે, તેથી તે ભેદો શબ્દાત્મક હોવા છતાં શ્રુતજ્ઞાન નથી ગણાતા.

આમાં એક વિશેષ સ્પષ્ટતા જરૂરી છે. પ્રાયઃ કોઈપણ શબ્દાત્મક વ્યાપાર પૂર્વે ગ્રહણ કરાયેલ શબ્દોને અનુસરીને જ થતો હોય છે. પણ સમય જતાં મતિ એ રીતે કેળવાતી જાય છે કે એ શબ્દાત્મક વ્યાપાર વખતે પૂર્વના ગૃહીત શબ્દોનું સ્મરણ કરવું, એમનો સાક્ષાત્ આધાર લેવો જરૂરી નથી બનતો. પણ એવી ક્ષમતા ન કેળવાય ત્યાં સુધી તો એ ચોક્કસ શબ્દોને ઉપસ્થિત કરીને જ એમના આધારે પદાર્થની વિચારણા આગળ ચાલતી હોય છે.

ઈહાદિમાં પ્રવર્તતો શબ્દાત્મક વ્યાપાર પૂર્વે ગ્રહણ કરેલા શબ્દો પર જ અવલંબિત હોવા છતાં પણ, એ વ્યાપારના સમયે તે શબ્દોની સાક્ષાત્ ઉપસ્થિતિ જરૂરી ન હોવાથી તે 'શ્રુતનિશ્રિત મતિજ્ઞાન' કહેવાય છે, 'શ્રુતજ્ઞાન' નહીં. જ્યારે અપાય પછીની શબ્દાત્મક વિચારણા પૂર્વે વાંચેલ કે સાંભળેલ શબ્દોને ઉપસ્થિત કરીને - તેના પર આધારિત થઈને પ્રવર્તતી હોવાથી 'શ્રુતજ્ઞાન' ગણાય છે. ટૂંકમાં પૂર્વગૃહીત શબ્દોની સાક્ષાત્ ઉપસ્થિતિ કે અનુપસ્થિતિના આધારે શબ્દાત્મક વ્યાપાર 'શ્રુતજ્ઞાન' છે કે 'શ્રુતનિશ્રિત મતિજ્ઞાન' તે નક્કી થાય છે.

પ્રશ્ન અવશ્ય થાય કે જો શ્રોત્રેન્દ્રિયની જેમ અન્ય ઈન્દ્રિયોમાં પણ અપાય પછીના તબક્કે શ્રુતજ્ઞાનની શક્યતા હોય તો શ્રુતજ્ઞાન શ્રોત્રેન્દ્રિયથી ઉપલબ્ધ થતા શબ્દોને જ વિષય બનાવે છે આવો નિયમ કઈ દૃષ્ટિએ સંગત થઈ શકે? આનો જવાબ એમ સમજાવાય છે કે શ્રોત્રેન્દ્રિય સિવાયની ઈન્દ્રિયોમાં પણ અપાય થયા પછી શ્રુતને અનુસરીને જે શબ્દાત્મક વિચારણા અને બોધ પ્રવર્તે, તે સ્વયં શબ્દાત્મક હોવાથી, જો

તેને બોલવામાં આવે તો તે શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણ થવા માટે યોગ્ય જ હોય છે. તેથી ખરેખર તો તેને શ્રોત્રેન્દ્રિયથી ઉપલબ્ધ થતા શબ્દોરૂપ જ સમજવો જોઈએ. તેથી વાસ્તવિક દૃષ્ટિએ શ્રોત્રેન્દ્રિયથી ઉપલબ્ધ ન થતો હોય તેવો શબ્દાત્મક બોધ પણ શ્રોત્રેન્દ્રિયના વિષય તરીકે સમજી જ શકાય.

ટૂંકમાં, ઇન્દ્રિયજન્ય અનુભૂતિ જે શબ્દ દ્વારા વર્ણ્ય બની શકે તેમ હોય અને એ અનુભૂતિ પૂર્વપ્રાપ્ત શ્રુત (બોલાયેલા કે સંભળાયેલા શબ્દો) ને અનુસરીને પ્રવર્તમાન હોય તો તે અનુભૂતિ 'શ્રુતજ્ઞાન' છે. અને એ સિવાયની શબ્દ દ્વારા અવર્ણ્ય અનુભૂતિઓ અને શ્રુતને અનુસર્યા વગર થતી શબ્દાત્મક અનુભૂતિઓ પણ 'મતિજ્ઞાન' ગણાય છે.

મતિજ્ઞાનમાં અનુભૂતિઓ શબ્દ દ્વારા અવર્ણ્ય બે કારણે હોઈ શકે છે –

1. તેનો વિષયભૂત પદાર્થ પોતે અપ્રજ્ઞાપનીય, અનભિલાપ્ય હોય. આ સંજોગોમાં એ ચોક્કસ પદાર્થ વિષે અનુભૂતિ થવા છતાં પણ, એ અનુભૂતિ શબ્દોમાં ઢાળી શકાય તેમ નથી હોતું. જેમ કે ગોળ, સાકર અને મધ - આ ત્રણ પદાર્થોની મીઠાશમાં જે તફાવત છે તે અનુભવી શકાય છે, પણ તેનું શાબ્દિક વર્ણન શક્ય નથી હોતું.

2. મતિજ્ઞાનના અમુક ભેદો પોતે શબ્દાત્મક નથી હોતા, કેવળ અનુભવાત્મક હોય છે. જેમ કે અવગ્રહ વખતે થતો 'આ કંઈક છે' એવા પ્રકારનો અનુભવ શબ્દરહિત હોય છે. આ અનુભવને આપણે 'કંઈક છે' એવા શબ્દોમાં વ્યાખ્યાયિત કરી શકીએ, પણ વાસ્તવમાં ત્યાં શબ્દાભિલાપ નથી જ હોતો.

આનું તાત્પર્ય એ પણ સમજી શકાય કે શ્રુતજ્ઞાનના વિષય બનતા પદાર્થો નિયમતઃ અભિલાપ્ય, પ્રજ્ઞાપનીય એટલે કે શબ્દાત્મક વ્યવહારના વિષયભૂત જ હોય છે અને માટે જ શ્રુતજ્ઞાનનો વિષય ફક્ત શ્રોત્રેન્દ્રિયથી થતી ઉપલબ્ધિ જ ગણાય છે. લખેલા શબ્દો વાંચીને (અને હવે બ્રેઈલ લિપિ જેવા સ્થળે અડકીને) પણ જે શ્રુતજ્ઞાન થાય તે પણ પરમાર્થથી તો શ્રેત્રેન્દ્રિયનો જ વિષય ગણાય છે.

## અક્ષરાભિલાપનો સદ્ભાવ-અભાવ

અક્ષરના બે પ્રકાર છે. ૧. દ્રવ્યાક્ષર ૨. ભાવાક્ષર. પુસ્તક વગેરેમાં લખેલા સંજ્ઞાક્ષરો અને બોલાતા શબ્દોરૂપ વ્યંજનાક્ષરો દ્રવ્યાક્ષર ગણાય છે. જ્યારે અન્તઃકરણમાં સ્ફુરતા અકારાદિ વર્ણો ભાવાક્ષર કહેવાય છે. ભાવાક્ષરની અપેક્ષાએ મતિજ્ઞાનના અવગ્રહસ્વરૂપ ભેદો શબ્દાત્મક હોતા નથી. મતલબ કે આ ભેદોમાં બોધ કે વિચારણા શબ્દસહિત પ્રવર્તતી નથી. એટલે એ ભેદોની અપેક્ષાએ મતિજ્ઞાન અનક્ષર ગણાય છે, જ્યારે ઈહા, અપાય વગેરે મતિજ્ઞાનના ભેદો શબ્દાત્મક સ્વરૂપ ધરાવતા હોવાથી તેમની અપેક્ષાએ મતિજ્ઞાન સાક્ષર ગણાય છે.

શ્રુતજ્ઞાનમાં આવી વ્યવસ્થા નથી. તે પોતે ભાવાક્ષરની અપેક્ષાએ સાક્ષર જ હોય છે. માત્ર દ્રવ્યાક્ષરની અપેક્ષાએ તેના અક્ષર-અનક્ષર એવા બે ભેદ પડે છે, કેમ કે 'શ્રુતજ્ઞાનનું કારણ બને તે દ્રવ્યશ્રુત' એવી વ્યાખ્યાને અનુસરીને ખોંખારો, ચપટી જેવા સાંકેતિક ધ્વનિ અને માથું હલાવવું, હાથથી ઈશારો કરવો જેવી સાંકેતિક ચેષ્ટાઓ પણ દ્રવ્યશ્રુત જ ગણાય છે કે જે સ્વયં અક્ષરાત્મક નથી, અનક્ષર છે. જ્યારે પુસ્તક વગેરેના લિખિત કે બોલાતા અક્ષરોરૂપ દ્રવ્યશ્રુત સાક્ષર છે. એટલે આવા અનક્ષર કે સાક્ષર દ્રવ્યશ્રુતને અનુસરીને જન્મતું શ્રુતજ્ઞાન પણ સાક્ષર કે અનક્ષર ગણાય છે.

આમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને સાક્ષર-અનક્ષર ઉભયરૂપ હોવા છતાં મતિજ્ઞાન ભાવાક્ષરની અપેક્ષાએ સાક્ષર-અનક્ષર અને શ્રુતજ્ઞાન દ્રવ્યાક્ષરની અપેક્ષાએ સાક્ષર-અનક્ષર હોય છે - આ તફાવત છે.

## પરપ્રત્યાયન-ક્ષમતાનો સદ્ભાવ-અભાવ

પૂર્વે જણાવ્યું તેમ મતિજ્ઞાનનો વિષય બનતી અનુભૂતિઓ શબ્દાત્મક જ હોય તે જરૂરી નથી. ઘણી વખત તે અશબ્દાત્મક પણ હોય છે. વળી શબ્દાત્મક અનુભૂતિઓમાં પણ ઘણી અનુભૂતિઓ અપ્રજ્ઞાપનીય વસ્તુને વિષય બનાવનારી હોય છે. તેથી તે અંગે સામાન્ય શબ્દાત્મક બોધ પ્રવર્તવા છતાં તે અનુભૂતિને વાસ્તવિક રીતે શબ્દદેહ આપવો શક્ય નથી હોતો. જેમ કે કોયલનો ટહુકો અને મોરના કેકારવની અલગ-અલગ મીઠાશ આપણે અનુભવી શકીએ. પણ તેને 'આહા! કેવું મીઠું!' એવા

સામાન્ય શબ્દો સિવાય વિશેષ શબ્દોનાં વાઘાં પહેરાવવાં શક્ય નથી હોતાં. કોઈને તે બે વિભિન્ન મીઠાશની ખરેખર પ્રતીતિ કરાવવી હોય તો મોર અને કોયલ - આ બંનેના અવાજ જ તેને સંભળાવવા પડે. એ સિવાય તેને એ મીઠાશનું પ્રત્યાયન કરાવવું શક્ય નથી હોતું. એ દૃષ્ટિએ મતિજ્ઞાન પરપ્રત્યાયન માટે - બીજાને પોતાનું તત્ત્વ અર્પવા માટે અક્ષમ છે - મૂંગું છે. 'ગૂંગો ગોળતણા ગુણ ગાય' એ કહેવત આ સંદર્ભમાં ખરેખર સાચી ઠરે કે ગોળ-સાકરની મીઠાશ વર્ણવવા બધા ગૂંગા જ હોય છે!

આની સામે શ્રુતજ્ઞાન પોતે શબ્દથી જન્ય હોય છે અને સ્વયં શબ્દાત્મક હોય છે. એટલે એની તમામ અનુભૂતિઓને અને વિચારણાઓને સ્વાભાવિક રીતે શબ્દદેહ આપી શકાય છે. શ્રુતજ્ઞાન પોતાનું સમગ્ર તત્ત્વ બીજાને સમર્પી શકે છે. આ રીતે જોઈએ તો શ્રુતજ્ઞાનમાં પરપ્રત્યાયનક્ષમતા છે, જેનો મતિજ્ઞાનમાં અભાવ છે.

વાસ્તવમાં જોઈએ તો મતિજ્ઞાન હોય કે અવધિજ્ઞાન વગેરે જ્ઞાનો હોય, આ જ્ઞાનોએ જે જોયું હોય - જાણ્યું હોય, તે જો તેમણે બીજાને જણાવવું હોય તો તેમણે તે માટે પહેલાં તો અન્તઃકરણમાં જ એનાં વાક્યો રચવાં પડે, જે ભાવશ્રુત જ છે. પછી વાક્યો બોલાય કે લખાય તે દ્રવ્યશ્રુત અને લખાયેલાં કે બોલાયેલાં વાક્યોથી ભાવકને જે જ્ઞાન જન્મે તે પાછું ભાવશ્રુત. અલબત્ત ક્યારેક મતિજ્ઞાન સીધું જ દ્રવ્યશ્રુતમાં પણ રૂપાંતર પામે તે પણ શક્ય જ છે. તો પણ જ્ઞાનના લેવડદેવડનું માધ્યમ તો શબ્દો અને તાત્પર્યતઃ શ્રુતજ્ઞાન જ બની શકે, અન્ય નહીં. આને જ પરપ્રત્યાયનક્ષમતાનો સદ્ભાવ કે અભાવ કહેવાય છે, જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચેની તાત્ત્વિક ભેદરેખા છે.

*

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચેનો તફાવત સમજવા માટે, બંનેની જે મુખ્ય લાક્ષણિકતાઓ અત્રે વર્ણવી તે સિવાય, દ્રવ્યશ્રુતના સન્દર્ભે બહુ ગમ્ભીર વિચારોને સમાવતી *વિશેષાવશ્યકભાષ્ય* માં बुद्धिदिट्ठे अत्थे... આવી એક પૂર્વગત ગાથા ઉદ્ધૃત થઈ છે અને ત્યાં તેનું અનેક રીતે બહુ વિચારપૂર્વક અર્થઘટન રજૂ થયું છે. આપણે અત્રે

તેના શાબ્દિક અર્થઘટનોને ન જોતાં, જે તાત્પર્ય રજૂ થયું છે તેના આધારે થોડીક વિચારણા કરીશું.

શ્રુતજ્ઞાનથી ગ્રહણ થયેલા પદાર્થો તો ઘણાબધા હોય છે. આ અર્થોમાંથી વક્તા એમાં ઓતપ્રોત થઈને (-ઉપયુક્ત થઈને) જે પદાર્થોને બોલે-નિરૂપે, તે પદાર્થને વિષય બનાવનારું ઉભયશ્રુત જન્મે છે. કેમ કે વકતા એ પદાર્થોમાં શ્રુતોપયોગ ધરાવે છે, માટે ત્યાં ભાવશ્રુત છે, તો બીજી તરફ એ પદાર્થો બોલાઈ રહ્યા છે, માટે તે દ્રવ્યશ્રુત પણ છે. પણ વક્તા જો બોલતી વખતે એમાં ઉપયુક્ત ન હોય, પણ પહેલાં શ્રુતથી ગ્રહણ કરાયેલા પદાર્થોને અભ્યાસના બળે શ્રુતોપયોગ વિના જ બોલી રહ્યો હોય, તો તે દ્રવ્યશ્રુત ગણાય છે, ભાવશ્રુત નહીં. તો એની સામે જે પદાર્થોની પૂર્વગૃહીત શ્રુતના આધારે ફક્ત વિચારણા જ ચાલી રહી હોય, પણ એને બોલવામાં ન આવે, તો તે ભાવશ્રુત જ રહે છે, દ્રવ્યશ્રુતરૂપે એનું પરિણમન નથી થતું.

વાસ્તવમાં પદાર્થો ક્રમશઃ જ કથનનો વિષય બની શકે છે, અને આયુષ્ય તો નાનું જ પડે એવી બાબત છે. તેથી ભાવશ્રુતના વિષયભૂત તમામ પદાર્થોનો એક અનંતમો ભાગ જ વકતા સંપૂર્ણ જીવન દરમિયાન બોલી શકે છે. એટલે ભાવશ્રુતનો એક અનંતમો ભાગ જ દ્રવ્યશ્રુત કે ઉભયશ્રુતરૂપે પરિણમી શકે છે. જુદી રીતે કહીએ તો દ્રવ્યશ્રુત કે ઉભયશ્રુત કરતાં ભાવશ્રુત કોઈ પણ વ્યકિત માટે અનંતગુણ જ હોય છે.

અલબત્ત ભાવશ્રુતના વિષયભૂત તમામ પદાર્થોમાં દ્રવ્યશ્રુત કે ઉભયશ્રુતરૂપે પરિણત થવાની યોગ્યતા તો હોય જ છે, પણ એ યોગ્યતાને વાસ્તવિકતામાં પલટવાનું શક્ય નથી હોતું. તેથી ભાવશ્રુતના વિષય બનતા ઘણાખરા પદાર્થો દ્રવ્યશ્રુત કે ઉભયશ્રુતરૂપે પરિણત થયા વગર જ રહી જાય છે.

ઉપર શ્રુતજ્ઞાન માટે જે વાત જણાવી તે મતિજ્ઞાનમાં પણ એ જ રીતે લાગુ પડે છે. મતિજ્ઞાનથી જણાયેલા અર્થો અનન્તા હોય છે. આ અનન્તા પદાર્થોમાંથી વક્તા જેટલા પદાર્થોનું મતિ-ઉપયોગ સહિત પ્રકાશન કરે તે પદાર્થોને વિષય

બનાવનારું મતિજ્ઞાન 'દ્રવ્યશ્રુત' કહેવાય છે. અને જે પદાર્થોને શબ્દરચનામાં ન ઢાળે તે પદાર્થોનું મતિજ્ઞાન 'મતિજ્ઞાન' જ રહી જાય છે. સ્વાભાવિક રીતે અહીં પણ દ્રવ્યશ્રુત-રૂપે પરિણમેલા અર્થો કરતાં નહીં પરિણમેલા મતિજ્ઞાનના વિષયભૂત અર્થો અનન્તગુણ હોય છે.

વ્યવસ્થા આમ થશે – શ્રુતને અનુસર્યા વગર જે અક્ષરલાભ (-અક્ષરાત્મક બોધ) થાય છે, તેનું કથન જો કરવું હોય તો તે કાર્ય વક્તા મત્યુપયોગમાં વર્તતો રહીને જ કરી શકે છે. માટે ત્યાં મતિજ્ઞાન દ્રવ્યશ્રુતરૂપે પરિણત થાય છે. કેમ કે વક્તાનું એ કથન શ્રોતા માટે ભાવશ્રુત ઉત્પન્ન કરવાનું નિમિત્ત બને છે, તેથી તેને 'દ્રવ્યશ્રુત' જ ગણી શકાય.

હવે શ્રુતને અનુસરીને અન્તઃકરણમાં જે અક્ષરલાભ સ્ફુરે છે તે તો 'શ્રુતજ્ઞાન' જ છે. આ શ્રુતજ્ઞાનને કે અક્ષરલાભને જો શબ્દોમાં ઢાળીએ તો તે 'દ્રવ્યશ્રુત' બને છે, શ્રોતાને તે ભાવશ્રુત ઉત્પન્ન કરી આપે છે એટલે જ. પણ ભાવશ્રુત જ્યારે દ્રવ્યશ્રુતરૂપે પરિણત થાય ત્યારે, જો અતિશય અભ્યાસને લીધે વક્તા એનું કથન શ્રુતોપયોગમાં વર્ત્યા વગર જ (અર્થાત મત્યુપયોગમાં વર્તીને) કરી શકે તો તે વખતે માત્ર દ્રવ્યશ્રુત જ ગણાય, ઉભયશ્રુત નહીં, કેમ કે શ્રુતોપયોગરૂપ ભાવશ્રુત ત્યાં નથી. અને જો કથન કરતી વખતે પણ વક્તા શ્રુતોપયોગમાં વર્તમાન હોય, તો ત્યાં શ્રોતાના ભાવશ્રુતમાં કારણભૂત દ્રવ્યશ્રુત અને શ્રુતોપયોગરૂપ ભાવશ્રુત – એમ ઉભયશ્રુત જન્મે છે.

મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાનની ધારક વ્યક્તિ બોલવાને બદલે લખે અથવા તો ખોંખારો, ચપટી જેવા સાંકેતિક ધ્વનિ કે ડોકું હલાવવા જેવી સાંકેતિક ચેષ્ટાઓ પરપ્રત્યાયન માટે પ્રયોજે ત્યાં પણ આ જ વ્યવસ્થા લાગુ પડે છે. કેમ કે સામી વ્યક્તિને ભાવશ્રુતમાં કારણ બનતી આ બધી જ સામગ્રી આખરે તો દ્રવ્યશ્રુત જ છે.

અત્રે એક બીજી વાત પણ ધ્યાનપાત્ર છે કે શ્રુતજ્ઞાનના વિષયભૂત સઘળા પદાર્થોનું કથન નથી થતું, એટલે કે તે દ્રવ્યશ્રુતરૂપે પરિણત નથી થતા તેમાં તેમની

વિપુલતા જ કારણભૂત છે, બાકી દ્રવ્યશ્રુતરૂપે પરિણત થવાની યોગ્યતા તો તે સઘળાયે પદાર્થોમાં હોય જ છે. આની સામે મતિજ્ઞાનના સઘળા પદાર્થો દ્રવ્યશ્રુતરૂપે પરિણત થવાની યોગ્યતા ધરાવતા નથી હોતા. કેમ કે તેમાં ઘણાખરા તો અપ્રજ્ઞાપનીય ભાવો જ હોય છે, કે જેને શબ્દોમાં ઢાળવા શક્ય જ નથી હોતા. એટલે મતિજ્ઞાનના વિષયભૂત તમામ પદાર્થો કરતાં, દ્રવ્યશ્રુતરૂપે પરિણત મતિજ્ઞાનના પદાર્થો અનંતમા ભાગે હોય તેમાં તે પદાર્થોની વિપુલતા કરતાંયે યોગ્યતાનો અભાવ વધુ ભાગ ભજવે છે.

આ ગાથાના પરિપ્રેક્ષ્યમાં પારમાર્થિક વ્યવસ્થા આમ થઈ શકે – જે પદાર્થો સર્વથા અપ્રજ્ઞાપનીય/અનભિલાપ્ય/બોલવા અશક્ય હોય તે પદાર્થો વિષે મતિજ્ઞાન જ પ્રવર્તી શકે, એ પદાર્થો ક્યારેય શ્રુતજ્ઞાનનો તો વિષય બને જ નહીં. સ્વાભાવિકપણે આ પદાર્થો વિશે દ્રવ્યશ્રુત પણ સંભવતું નથી.

હવે જે અભિલાપ્ય - શબ્દોથી વર્ણ્ય પદાર્થો હોય તેમાંથી મોટા ભાગના પદાર્થો પર-ઉપદેશ કે પુસ્તક વગેરેમાં લખેલા શબ્દોના આધારે જણાય છે. આ શબ્દો એ દ્રવ્યશ્રુત છે. આ દ્રવ્યશ્રુતના આધારે શ્રોતાને કે વક્તાને જે જ્ઞાન પ્રવર્તે તેમાં ધ્વનિ-પરિણામ અવશ્ય હોય જ છે. અને એટલે જ એ સઘળુંયે જ્ઞાન ભાવશ્રુત કહેવાય છે.

અલબત્ત, એક નવાઈભરેલી અને છતાં તદ્દન વાસ્તવિક વાત એ છે કે, એક જ શબ્દના અનેક અર્થ થતાં હોવાથી અને શબ્દોનાં વિવિધ સંયોજનોનો પથારો અતિશય બહોળો હોવાથી, દ્રવ્યશ્રુતમાંથી જન્મતું ભાવશ્રુત, મૂળ દ્રવ્યશ્રુત કરતાં અનેકગણું વધારે હોય છે, અને તે પણ એટલું બધું વધારે કે તેને સંપૂર્ણપણે પુનઃ દ્રવ્યશ્રુતમાં ઢાળવું શક્ય હોવા છતાં, તેમ નથી થતું. એટલે ભાવશ્રુત કરતાં દ્રવ્યશ્રુત નિયમતઃ એક નાનકડા અંશ જેટલું જ હોય છે. અર્થાત્ અન્તઃકરણમાં રહેલા ભાવશ્રુતનો એક નાનકડો અંશ જ વ્યક્તિ લખી કે બોલી શકે છે. મતલબ કે શક્યતાની દૃષ્ટિએ ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત બન્ને સમાન છે, અને સંભવની દૃષ્ટિએ ભાવશ્રુત કરતાં દ્રવ્યશ્રુત અનન્તગણું ઓછું છે.

જો કે ૧. ભાવશ્રુતને જ દ્રવ્યશ્રુતમાં રૂપાન્તરિત કરી શકાય કે ૨. અભિલાપ્ય પદાર્થોમાં શ્રુતજ્ઞાન જ પ્રવર્તે - એવા નિયમો પણ છે, પણ તે બરાબર નથી. કારણ કે, કેટલાક અભિલાપ્ય પદાર્થો દ્રવ્યશ્રુતની સહાયતા વગર મતિજ્ઞાનથી પણ જણાય છે, એમનો અવગ્રહ, ઈહા અને અપાય પણ થાય છે, અને તે નિશ્ચિત સ્વરૂપવાળા પદાર્થોને વિષય બનાવતા શબ્દોમાં તેમને ઢાળી પણ શકાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં ક્યાંય શ્રુતનું અનુસરણ હોતું નથી. તેથી તેમાં શ્રુતનો કોઈ જ હિસ્સો ન ગણી શકાય. એટલે અત્રે અભિલાપ્ય પદાર્થોમાં શ્રુતજ્ઞાન વગર મતિજ્ઞાન પોતે પણ પ્રવર્તી શકે છે અને તે મતિજ્ઞાન સાક્ષાત્ દ્રવ્યશ્રુતમાં રૂપાંતરિત થાય છે તેમ સમજવું જોઈએ.

ટૂંકમાં, શ્રુતજ્ઞાનના વિષયભૂત તમામ પદાર્થો ધ્વનિપરિણામ પામવા (-દ્રવ્યશ્રુતરૂપે પરિણમવા) સમર્થ હોય છે અને મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોમાંથી અભિલાપ્ય પદાર્થો ધ્વનિપરિણામ પામવાની યોગ્યતા ધરાવતા હોય છે અને અનભિલાપ્ય પદાર્થો અનુભવી શકાતા હોવા છતાં ધ્વનિપરિણામ પામવા સક્ષમ નથી હોતા.

આ રીતે બહુ ઊંડાણપૂર્વક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને દ્રવ્યશ્રુત - આ ત્રણનો એકબીજા સાથેનો સમ્બન્ધ *વિશેષાવશ્યકભાષ્ય*માં સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

*

*વિશેષાવશ્યકભાષ્ય* સિવાય પણ અનેક સ્થળે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન - આ બે જ્ઞાન વચ્ચેની ભેદરેખા અને તેને સમ્બન્ધિત અન્ય વિષયો પર વિમર્શ થયો છે. આ વિમર્શમાં જે વિશેષ વાતો ખાસ નોંધપાત્ર જણાઈ તેના પર થોડીક વિચારણા જોઈએ.

→ *તત્ત્વાર્થસૂત્ર* – ૧.૨ ની *સિદ્ધસેનીયા* વૃત્તિમાં श्रुतं मतिपूर्वम् એ પ્રરૂપણાનું વિવરણ કરતાં જણાવાયું છે કે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું સમવાયી કારણ (-ઉપાદાનકારણ) નથી, પણ અપેક્ષાકારણ જ છે. જેમ ઘડાની ઉત્પતિમાં આકાશ વગેરે અપેક્ષાકારણ બને છે, આકાશ વગેરે સિવાય ઘડો બની શકે જ નહીં, તે જ રીતે લબ્ધિસ્વરૂપે (-ક્ષયોપશમસ્વરૂપે) મતિજ્ઞાનનું વિદ્યમાન હોવું તે જ મતિજ્ઞાનનું

શ્રુતજ્ઞાન પ્રત્યે અપેક્ષાકારણ હોવાપણું છે અને આના લીધે જ **श्रुतं मतिपूर्वम्** કહેવાય છે.

પ્રશ્ન એ થાય કે મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ જ ન ગણી શકાય? જેમ માટી ઘડારૂપે પરિણમે છે એમ મતિજ્ઞાન શ્રુતરૂપે પરિણમે છે એમ ન સમજી શકાય? આનો જવાબ ત્યાં એમ જણાવાયો છે કે માટી જ્યારે ઘડારૂપે પરિણમે ત્યારે માટીરૂપે તો એનો નાશ થાય જ છે. એ જ રીતે મતિજ્ઞાન જો શ્રુતરૂપે પરિણમે તો શ્રુતજ્ઞાનની હાજરીમાં મતિજ્ઞાન નથી હોતું એમ જ સિદ્ધ થાય. અને આ વાત તો બરાબર નથી. કેમકે શાસ્ત્રોમાં જણાવાયું છે કે **जत्थ मई तत्थ सुअं, जत्थ सुअं तत्थ मई** (જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન હોય.) આનો અર્થ એવો થાય કે શ્રુતજ્ઞાન વખતે પણ મતિજ્ઞાનની ઉપસ્થિતિ અનિવાર્ય છે. અને મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ ગણીએ તો આ વાત શક્ય નથી. તેથી મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનનું અપેક્ષાકારણ ગણવું જોઈએ અને શ્રુતજ્ઞાન વખતે પણ તેની લબ્ધિ (-શક્તિ) સ્વરૂપે ઉપસ્થિતિ સ્વીકારવી જોઈએ.

પૂર્વે જોયું તેમ મહાભાષ્યમાં મતિજ્ઞાનના અમુક ભેદોને જ 'શ્રુતજ્ઞાન' તરીકે ઓળખાવવામાં આવ્યા છે. એટલે ત્યાં તો મતિજ્ઞાન પોતે જ શ્રુતજ્ઞાન તરીકે પરિણમે છે એમ સ્વીકારાયું છે. મતલબ કે ત્યાં મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ ગણ્યું છે, અપેક્ષાકારણ નહીં. તેથી *સિદ્ધસેન ગણિ*ની ઉપરોક્ત પ્રરૂપણા *વિશેષાવશ્યકભાષ્ય*થી ભિન્ન જણાય છે.

*તત્ત્વાર્થ*ની જ એક બીજી વૃત્તિ *સર્વાર્થસિદ્ધિ*માં *પૂજ્યપાદે* એક જુદા તર્કના આધારે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ ન બની શકે તે સમજાવ્યું છે. તેઓ કહે છે કે માટીમાંથી જે ઘડો બને તેમાં માટીના ઘણાખરા ગુણધર્મો સચવાયા જ હોય છે. કેમ કે ઉપાદાનકારણના ગુણો તેના કાર્યમાં અવશ્ય સમ્બન્ધિત થાય છે. તેથી જો મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ હોય તો મતિજ્ઞાનના ગુણો શ્રુતજ્ઞાનમાં અવશ્ય આવે. અને તો શ્રુતજ્ઞાન મત્યાત્મક જ બની જાય અને પોતાની સ્વતન્ત્ર ઓળખ ગુમાવી દે. તેથી મતિજ્ઞાનને નિમિત્તકારણ જ ગણવું જોઈએ. જેમ ચક્ર જેવાં નિમિત્તકારણોના ગુણો

ઘડામાં દેખાતા નથી, તેમ નિમિત્તકારણરૂપ મતિજ્ઞાનના ગુણો પણ શ્રુતજ્ઞાનમાં આવવાની કોઈ શક્યતા નથી. તેથી શ્રુતજ્ઞાન મત્યાત્મક ન બનતાં શ્રુતાત્મક જ રહે છે.

આ મુદ્દે *રાજવાર્તિકકાર ભટ્ટ અકલંકદેવે* સ્પષ્ટતા કરી છે કે 'કાર્ય કારણના જેવું જ હોય છે' એવો જડ નિયમ નથી. કેમ કે કાર્ય કારણના જેવું હોય પણ ખરું અને ન પણ હોય. આમ આ વાતમાં પણ સપ્તભંગી લાગુ પડે છે.

*શ્લોકવાર્તિકકાર વિદ્યાનન્દ સ્વામી*એ સ્યાદ્વાદનો સહારો લઈને આનો જુદી રીતે જવાબ વાળ્યો છે. તેઓ કહે છે કે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ બનવા છતાં કાર્ય-કારણમાં કંઈક અભિન્નતા, તો કંઈક ભિન્નતા હોવાથી, અભેદની અપેક્ષાએ મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાનરૂપે પરિણમે છે, તો ભિન્નતાની અપેક્ષાએ શ્રુત મતિજ્ઞાનથી જુદું જ રહે છે, તે મત્યાત્મક નથી થઈ જતું.

*મલયગિરિજી*એ મતિજ્ઞાનના ઉત્કર્ષ-અપકર્ષથી શ્રુતજ્ઞાનના ઉત્કર્ષ-અપકર્ષ સ્વીકાર્યા છે. આ અપેક્ષાએ તેઓ પણ મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ જ ગણે છે, અપેક્ષાકારણ નહીં. પરન્તુ ઉપરોક્ત રીતે સ્યાદ્વાદદૃષ્ટિથી તપાસીએ તો તેમાં કશી વિસંગતિ આવતી નથી.

વાસ્તવમાં મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનનું ઉપાદાનકારણ ગણાવનારા આચાર્યો હોય કે તેને અપેક્ષાકારણ ગણનારા આચાર્યો હોય - બન્ને મતે શ્રુતોપયોગ વખતે તો મતિનો ઉપયોગ નથી જ હોતો, લબ્ધિરૂપે જ એનું અસ્તિત્વ હોય છે. અને એ રીતે બન્ને મતમાં जत्थ सुयं तत्थ मई એ વાતની સંગતિ શક્ય જ છે. આ સંજોગોમાં મતિજ્ઞાન પોતે શ્રુતજ્ઞાનરૂપે પરિણમે છે એમ માનો કે તેની લબ્ધ્યાત્મક ઉપસ્થિતિમાં શ્રુતજ્ઞાન જન્મે છે તેમ માનો - કોઈ ફરક પડતો નથી.

→ *તત્ત્વાર્થ*ની દિગમ્બરીય વૃત્તિઓમાં એક સરસ પ્રશ્ન ચર્ચાયો છે કે ક્યારેક એવું પણ બને છે કે એક શ્રુતજ્ઞાન થયા પછી તેના આધારે નવું શ્રુતજ્ઞાન જન્મે છે. જેમકે ઘટ-શબ્દના શ્રવણ (-મતિજ્ઞાન) પછી ઘટાત્મક પદાર્થનું જ્ઞાન (-પ્રથમ શ્રુતજ્ઞાન) થાય છે અને પછી તેના આધારે જ જલધારણાદિ ઘટકાર્યોનું જ્ઞાન (-દ્વિતીય

શ્રુતજ્ઞાન) થાય છે. અત્રે દ્વિતીય શ્રુતજ્ઞાનની પૂર્વે મતિજ્ઞાન નથી, શ્રુતજ્ઞાન જ છે, તો અત્રે **श्रुतं मतिपूर्वम्** ની સંગતિ કઈ રીતે થઈ શકે? *પૂજ્યપાદ* આના સમાધાનમાં પ્રથમ શ્રુતને 'મતિજ્ઞાન' તરીકે ઉપચરિત કરવાનું જણાવે છે, તો *અકલંકદેવ* અને *વિદ્યાનન્દસ્વામી* વધુ યોગ્ય રીતે એમ સમજાવે છે કે શ્રુતજ્ઞાનમાં મતિપૂર્વકત્વ સાક્ષાત્ કે પરમ્પરિત બન્ને રીતે સમજી શકાય. અત્રે પહેલા શ્રુતજ્ઞાનમાં સાક્ષાત્ મતિપૂર્વકત્વ છે, તો બીજામાં પરમ્પરિત છે. એક સંખ્યા બે અને ત્રણ - બન્નેની પૂર્વમાં ગણાય તેમ અત્રે પણ સમજી શકાય.

→ *આવશ્યકનિર્યુક્તિ*ની *અવચૂર્ણિ*માં *વિશેષાવશ્યકભાષ્ય*માં ચર્ચિત એક પ્રશ્ન પર વધુ વિમર્શ થયો છે. ત્યાં શ્રુતોપયોગ (-ભાવશ્રુત) બે રીતે સંભવે તે સમજાવાયું છે – ૧. જે જીવ પાસે ભાષાનું ઉચ્ચારણ કરવાનું સામર્થ્ય છે તે જીવ 'મારે આ બોલવું છે, પહેલાં આ કહું પછી આ કહીશ' આવી રીતે મનમાં વિચારણાના સ્તરે શબ્દોની ગોઠવણી કરે તે શ્રુતજ્ઞાન ગણાય છે. બેઇન્દ્રિય વગેરે જીવો પણ આપણને અસ્પષ્ટ જણાતા જે અવાજ કરે તેની પાછળ પણ તેમના મનમાં આવો કોઈ ને કોઈ અસ્પષ્ટ વિકલ્પ જ રમતો હોય છે અને દ્રવ્યશ્રુતનું કારણ બનતો આવો કોઈપણ વિકલ્પ કે વિચારણા શ્રુતજ્ઞાન ગણાય છે. ૨. જે જીવ પાસે સાંભળવાનું સામર્થ્ય છે તે જીવ કોઈકના શબ્દો સાંભળીને કે વાંચવાનું સામર્થ્ય ધરાવતો જીવ કંઈક વાંચીને જે વિચારણા કરે તે દ્રવ્યશ્રુતની કાર્યભૂત વિચારણા પણ ભાવશ્રુત ગણાય છે.

પ્રશ્ન એ છે કે એકેન્દ્રિય જીવો ભાષાલબ્ધિ કે શ્રોત્રલબ્ધિ ધરાવતાં નથી હોતા. તો એમને શ્રુતોપયોગ કઈ રીતે હોય? આનું સરસ સમાધાન અપાયું છે કે એકેન્દ્રિયોને પણ આહારાદિ સંજ્ઞા હોય છે. આ સંજ્ઞાઓ એક જાતનો અભિલાષ જ છે. અભિલાષ એટલે 'આવા પ્રકારની વસ્તુ મારા માટે પુષ્ટિ કરનારી છે, તો જો આ વસ્તુ મને મળે તો સારું થાય' આવો અધ્યવસાય. આ અધ્યવસાય 'શ્રુત' જ છે, કેમ કે તે શબ્દોથી સમ્બન્ધિત અર્થોના પર્યાલોચન સ્વરૂપ છે. તો આ રીતે અવ્યક્ત એવું શ્રુતજ્ઞાન

એકેન્દ્રિયને પણ હોય જ છે. આ શ્રુતજ્ઞાન વાસ્તવમાં શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમસ્વરૂપ જ સમજવું જોઈએ.

→ *ઉમાસ્વાતિજી ભગવંતે તત્ત્વાર્થસૂત્ર*ના *સ્વોપજ્ઞભાષ્ય*માં મતિ-શ્રુતની બીજી કેટલીક લાક્ષણિકતાઓ વર્ણવી છે. તદનુસાર ૧. મતિ વર્તમાનકાલને વિષય બનાવનારી હોય છે, જ્યારે શ્રુત ત્રિકાલવિષયક હોય છે. ૨. શ્રુતજ્ઞાન મતિજ્ઞાન કરતાં વિશેષ શુદ્ધ હોય છે. અને તેના વિષયભૂત પદાર્થો પણ મતિજ્ઞાન કરતાં અનેકગણા વધારે હોય છે. 'શ્રુત' એટલે 'દ્વાદશાંગી' એ સન્દર્ભે આ વાત સમજવાની છે. ૩. મતિજ્ઞાન ઈન્દ્રિય અને મન ઉભયથી જન્ય હોય છે જ્યારે શ્રુતજ્ઞાન સાક્ષાત્ મનોજન્ય અને પરમ્પરાએ ઈન્દ્રિયજન્ય હોય છે.

→ પરોક્ષજ્ઞાનના વિશેષ ભેદો - અનુમાન, ઉપમાન, શબ્દ, ઐતિહ્ય, અર્થાપત્તિ, સંભવ, અભાવ, ઊહ, પ્રત્યભિજ્ઞા વગેરેનો સમાવેશ મતિજ્ઞાનમાં થાય કે શ્રુતજ્ઞાનમાં તેની ચર્ચા કરતાં *વિદ્યાનન્દસ્વામી શ્લોકવાર્તિક*માં જણાવે છે કે અભ્યાસરહિત દશામાં આ જ્ઞાનો નિયમતઃ શ્રુતાનુસારી અને શબ્દાત્મક હોવાથી શ્રુતજ્ઞાનમાં સમાવિષ્ટ થાય છે, પણ ત્યારે આ જ્ઞાનો અભ્યાસને લીધે અશબ્દાત્મક બને છે ત્યારે તેમનો સમાવેશ મતિજ્ઞાનમાં થઈ શકે છે.

→ *સિદ્ધસેન દિવાકરજી*એ *નિશ્ચયદ્વાત્રિંશિકા*માં **नैरर्थक्यातिप्रसङ्गाभ्यां न श्रुतं मतितः पृथक्** કહીને મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાનને પૃથક્ માનવાનો નિષેધ કર્યો છે. આ મતનું વિશેષ વિવરણ *મહોપાધ્યાય શ્રીયશોવિજયજી* રચિત *જ્ઞાનબિન્દુ*માં રજૂ થયું છે. તેના મુખ્ય મુદ્દા –

1) શ્રુતજ્ઞાનનું જે કાર્ય છે તે કાર્યની સિદ્ધિ મતિજ્ઞાનથી પણ થઈ જ શકે છે. તેથી મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનને પૃથક્ માનવું નિરર્થક છે.

2) જો શ્રુતજ્ઞાનને મતિજ્ઞાનથી ભિન્ન માનવામાં આવે તો અનુમાન, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા વગેરેને પણ મતિજ્ઞાનથી ભિન્ન જ્ઞાનો ગણવા જોઈએ. કારણ કે

અવગ્રહ, ઈહા, અપાય વગેરે ક્રમથી ઉત્પન્ન થનારા સામાન્ય મતિજ્ઞાન કરતાં તો તે જુદા જ પ્રકારનાં જ્ઞાનો છે.

3) જો કોઈ એમ કહે કે "શ્રુતજ્ઞાનથી કોઈક પદાર્થને જાણ્યા પછી **श्रुत्वा जानामि** (-મને શબ્દ સાંભળીને બોધ થયો.) એવો બોધ થાય છે, આવો બોધ મતિજ્ઞાન વખતે નથી થતો, એટલે પણ જણાય છે કે મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન જુદું છે." તો એવી વાત બરાબર નથી. કારણ કે એવું માનીએ તો તે જ રીતે **स्मृत्वा जानामि, अनुमाय जानामि** એવા બોધોના આધારે સ્મૃતિ, અનુમાન વગેરે જ્ઞાનોને પણ મતિજ્ઞાનથી અલગ ગણવાં પડે.

સ્વાભાવિક રીતે જ આ મત બહુમાન્ય નથી બન્યો. કારણ કે અનેક શાસ્ત્રગત ૫ જ્ઞાન, એમનાં આવારક કર્મો, એ કર્મો બાંધવાનાં કારણો, એ કર્મોનું ફળ - આ બધી પ્રરૂપણાઓથી આ મત સ્પષ્ટતઃ વિસંગત બને છે. વળી, ઉપર જોયું તેમ અનુમાન, સ્મૃતિ વગેરે જ્ઞાનોનો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં કેવી રીતે સમાવેશ થઈ શકે તે વિદ્યાનન્દસ્વામીએ બહુ સરસ રીતે સ્પષ્ટ કરી જ આપ્યું છે. એટલે પણ તે જ્ઞાનોને આધારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને અભિન્ન માનવાની વાત બરાબર જણાતી નથી.

→ સ્વપ્ન અને સ્વપ્નમાં થતા અનુભવો મતિજ્ઞાન છે અને પછી એ સ્વપ્નનું ફળ, અન્ય સ્વપ્નો સાથે એની તુલના વગેરે વિષે વિશેષ વિચારણા શ્રુતજ્ઞાન છે. પર્વત પર ધૂમાડાનું જ્ઞાન થવું તે મતિજ્ઞાન છે અને પછી 'જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય, પર્વત પર ધૂમ છે માટે અગ્નિ પણ હોવો જોઈએ' એવી વિચારણા શ્રુતજ્ઞાન છે. સામે રહેલા પદાર્થનું દર્શન મતિજ્ઞાન છે અને એ પદાર્થ અંગે 'આ પહેલાં જોયેલો તે જ પદાર્થ છે' જેવી પૂર્વગૃહીત શ્રુતના આધારે થતી વિચારણાઓ શ્રુતજ્ઞાન છે. એ જ રીતે સ્મૃતિ, ઉપમાન, અભાવ વગેરેમાં પણ મતિ-શ્રુતનો વિભાગ સમજી શકાય.

→ વાસ્તવમાં અતીન્દ્રિય જ્ઞાન જેને પ્રાપ્ત નથી થયું એવી વ્યક્તિને ઈન્દ્રિય અને મનના સહારે થનારો તમામ બોધ આ બે પ્રકારમાં સમાવિષ્ટ થાય છે. આ બોધ

પ્રાયઃ એકસરખા નિમિત્તોથી જન્ય હોવાને લીધે બન્ને વચ્ચે આત્યન્તિક તફાવત હોવો શક્ય પણ નથી. *મલધારી શ્રીહેમચન્દ્રસૂરિજી* તો સ્પષ્ટ કહે છે કે આ બે વચ્ચે પરમાણુ અને હાથી વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત શોધવાનો પ્રયત્ન ન કરવો.

પૂર્વે જોયું તેમ બન્ને જ્ઞાનોમાં અનેક રીતે સમાનતા પણ છે, તો કેટલીક વાતોમાં વૈષમ્ય પણ છે. સમાનતા પર ધ્યાન આપીશું તો બન્ને સમાન જ જણાશે, અસમાનતા પર ધ્યાન આપીશું તો બન્નેની પોતીકી લાક્ષણિકતાઓ તરત જ ધ્યાન પર આવશે. અને સ્યાદ્‌વાદની દૃષ્ટિએ જોઈશું તો બન્ને વચ્ચે કથંચિત્ ભિન્નાભિન્નતાનો બોધ થશે.

*

<u>નિષ્કર્ષ</u>

જગતમાં પદાર્થો બે પ્રકારના હોય છે - ૧. અભિલાપ્ય (-શબ્દોમાં ઢાળી શકાય તેવા), ૨. અનભિલાપ્ય (-શબ્દોનો વિષય ન બને તેવા). આમાં જે અનભિલાપ્ય પદાર્થો છે તે પ્રાયઃ શ્રુતજ્ઞાનનો વિષય બની શકતા નથી. એટલે એ પદાર્થોનો બોધ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનથી જ થઈ શકે છે અને એ પદાર્થો શબ્દોમાં ઢાળવા શક્ય ન હોવાથી આ મતિજ્ઞાનથી જણાતું તત્ત્વ બીજાને જણાવી શકાતું નથી. એટલે એ પદાર્થો વિષયક મતિજ્ઞાન દ્રવ્યશ્રુતમાં પરિણમી શકતું નથી.

આનું તાત્પર્ય એ થાય કે આપણને થનારી એવી કોઈ પણ અનુભૂતિ કે જેને શબ્દોમાં ઢાળવી શક્ય ન હોય, તે મતિજ્ઞાન જ ગણાય છે. ચોક્કસ જ્ઞાન મતિજ્ઞાન છે કે શ્રુતજ્ઞાન તે નક્કી કરવા માટે આ એક મહત્વપૂર્ણ સાધન છે.

અભિલાપ્ય પદાર્થોમાં ત્રણ જ્ઞાન પ્રવર્તી શકે છે – ૧. શ્રુતજ્ઞાન, ૨. શ્રુતનિશ્રિત મતિજ્ઞાન ૩. અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન. કોઈકની પાસે સાંભળેલા કે વાંચેલા શબ્દોનો આધાર લઈને તેના અનુસરણપૂર્વક વર્તમાનકાળે જે બોધ કે વિચારણા પ્રવર્તે તે શ્રુતજ્ઞાન છે. પણ વ્યવહારકાલે શબ્દોનો આધાર હોવા છતાં, જો તે શબ્દોનું સાક્ષાત્ અનુસરણ ન હોય તો પ્રવર્તતો બોધ કે વિચારણા 'શ્રુતનિશ્રિત મતિજ્ઞાન' કહેવાય છે.

આપણે જોઈએ જ છીએ કે એકવાર જે વિષયમાં બુદ્ધિ પરિકર્મિત થઈ જાય તે વિષયમાં પછી દર વખતે 'મેં આ શબ્દોનો આ અર્થ છે એવું પહેલાં જાણેલું છે કે અમુક ગ્રન્થમાં આ વાત આ રીતે કહેવામાં આવી છે.' આવી આવી વિચારણા કર્યા વગર જ બોધની ધારા સહજપણે આગળ વધતી હોય છે. પૂર્વગૃહીત શ્રુતના સંસ્કારો એટલા દૃઢમૂળ થઈ ગયા હોય છે કે એ સંસ્કારોના લીધે શ્રુતને સંભાર્યા વગર જ અર્થની વિચારણા થાય છે. આમાં શ્રુતની નિશ્રા અવશ્ય હોય છે, પણ શ્રુતની ઉપસ્થિતિ નથી. તેથી તે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન જ કહેવાય છે.

આની સામે અમુક અભિલાપ્ય પદાર્થોનું જ્ઞાન સહજસ્ફુરણાના આધારે થતું હોય છે. તો અમુકનું જ્ઞાન વડીલોની કૃપાથી પ્રગટે છે. કામ કામને શીખવાડે એ તો બહુ જાણીતી વાત છે. અને ઉંમર કે અનુભવ વધતો જાય તેમ ઘણુંબધું જાતે સમજાતું જાય તેમ પણ બને જ છે. આ બધા જ્ઞાનોમાં પૂર્વગૃહીત શ્રુતનો કોઈ ફાળો હોતો નથી. કારણ કે આપણે એ વિશે ક્યાંય સાંભળેલું કે વાંચેલું હોતું નથી. અને છતાંય એ સમજાય છે, એનો બોધ થાય છે, એના પર વિચારણા થાય છે. આ બધું અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે.

અભિલાપ્ય પદાર્થો આ ત્રણમાંથી કોઈપણ રીતે જાણ્યા હોય, પણ તેમનું પરપ્રત્યાયન શક્ય જ હોય છે. મતલબ કે માણસ બોલીને કે લખીને કે સાંકેતિક ધ્વનિ-ચેષ્ટાઓ દ્વારા બીજા સુધી પોતાનો બોધ પહોંચાડી જ શકે છે. આ બોલાયેલું, લખાયેલું કે ધ્વનિત-ચેષ્ટિત થયેલું બધું જ 'દ્રવ્યશ્રુત' ગણાય છે, જે બીજાને ભાવશ્રુતની ઉત્પત્તિમાં કારણ બને છે. અલબત્ત દ્રવ્યશ્રુતમાં પરિણત થવાની યોગ્યતા અભિલાપ્ય પદાર્થોને વિષય બનાવનારા શ્રુતજ્ઞાન (-ભાવશ્રુત), શ્રુતનિશ્રિત મતિજ્ઞાન અને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન - ત્રણેના વિષયભૂત તમામ પદાર્થોમાં હોવા છતાં, આ જ્ઞાનોના વિષય બનેલા પદાર્થોનો એક નાનકડો અંશ જ વ્યક્તિ દ્વારા સમગ્ર જીવનમાં દ્રવ્યશ્રુતરૂપે પરિણત થઈ શકે છે.

શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત - બન્ને મતિજ્ઞાન અવગ્રહ → ઈહા → અપાય → ધારણા આ ક્રમે જ જન્મે છે. શ્રુતનિશ્રિત મતિજ્ઞાન જો અભિલાપ્ય પદાર્થને વિષય બનાવતું હોય તો તેના પછી શ્રુતજ્ઞાનની ધારા પ્રવર્તી શકે છે. મતિજ્ઞાન પછી બીજું મતિજ્ઞાન થાય કે શ્રુતજ્ઞાન પછી બીજું શ્રુતજ્ઞાન થાય તો એ પણ શક્ય છે. એ જ રીતે શ્રુતનિશ્રિત મતિજ્ઞાન પછી અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન પ્રવર્તે એ પણ શક્ય છે. ટૂંકમાં શ્રુતનિશ્રિત મતિજ્ઞાન, અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન - આ ત્રણનું ચક્ર સતત ફર્યા જ કરે છે.

મતિજ્ઞાનના ઈહા, અપાય વગેરે ભેદો પણ શબ્દોલ્લેખવાળા જ હોય છે. છતાં પણ તે શ્રુતજ્ઞાન નથી કહેવાતા. કારણ એક જ કે શ્રુતજ્ઞાનમાં પૂર્વે સાંભળેલા કે વાંચેલા શબ્દોની ઉપસ્થિતિ અનિવાર્ય છે. જે ઈહા, અપાય વગેરેમાં નથી હોતી. ટૂંકમાં, કોઈપણ ચોક્કસ જ્ઞાન મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાન છે તે નક્કી કરવામાં શબ્દોલ્લેખનું કશું મહત્ત્વ નથી. મહત્ત્વ તો પૂર્વગૃહીત શબ્દોની ઉપસ્થિતિ-અનુપસ્થિતિનું છે.

સાંભળેલા કે વાંચેલા શબ્દોથી જે શબ્દાત્મક વિચારણા પ્રવર્તે તે જેમ શ્રુતજ્ઞાન છે, તેમ કોઈપણ ઇન્દ્રિયથી ગૃહીત પદાર્થોમાં પણ પૂર્વગૃહીત શબ્દોના આધારે જે વિચારણા પ્રવર્તે તે શ્રુતજ્ઞાન છે.

સમગ્રતઃ જોઈએ તો મતિજ્ઞાનના જે ભેદોમાં પૂર્વે સાંભળેલા કે વાંચેલા શબ્દોની ઉપસ્થિતિ અને તેમના આધારે શબ્દાત્મક વિચારણા હોય તે ભેદો શ્રુતજ્ઞાન ગણાય છે. અને એ સિવાયના ભેદો શુદ્ધ મતિજ્ઞાન જ કહેવાય છે. આ જ એ બે જ્ઞાનો વચ્ચેની તાત્ત્વિક ભેદરેખા છે.

*વિશેષાવશ્યકભાષ્ય* અને અન્ય સન્દર્ભોના આધારે કરેલી આ વિચારણાને આગળ વધારવા તેમ જ તેમાં રહેલી ક્ષતિઓ પ્રત્યે ધ્યાન દોરવા વિદ્વજ્જનોને નમ્ર વિનન્તિ. – त्रै.

* * *

# *ચરણકરણાનુયોગ*

## 200. સામાયિકના પચ્ચક્ખાણનો એક પ્રકાર

આમ તો અત્યારે પ્રચલનમાં સામાયિકના પચ્ચક્ખાણની મર્યાદા બે ઘડીની છે. પરંતુ *પ્રશમરતિ* – ગાથા – ૩૫૦ ની અજ્ઞાતકર્તૃક વૃત્તિમાં સામાયિકના પચ્ચક્ખાણની મર્યાદા કંઈક અલગ રીતે કહી છે. તેમાં જ્યાં સુધી જિનાલય કે સાધુની પાસે રહું ત્યાં સુધીનું પચ્ચક્ખાણ – આવી રીતે પણ સામાયિકની મર્યાદા કરી શકાય છે એમ જણાવ્યું છે. મૂળ પાઠ –

सामायिकं प्रतिक्रमणं, अथवा चैत्यायतन-साधुसन्निधौ वा यावदास्ते तावत् सामायिकं करोति।।

તેનું પચ્ચક્ખાણ આ રીતે લેવાય છે –

करोमि भदन्त! सामायिकं सावद्यं योगं प्रत्याख्यामि यावन्नियमं भगवदर्हद्बिम्ब-साधून् पर्युपासे त्रिविधेन इति।।

**મુનિ શ્રીહીરપદ્મસાગરજી** (શ્રીબુદ્ધિસાગરસૂરિજી-સમુદાય)

## 201. પ્રત્યેકખામણા અંગે એક વિશેષ ઉલ્લેખ

પાક્ષિકાદિ પ્રતિક્રમણના મધ્યભાગમાં થતી પ્રત્યેકખામણાની ક્રિયામાં વિદ્યમાન તપાગચ્છીય સર્વ સમુદાયોમાં પ્રાયઃ સમાન સામાચારી જ હોવાનું જાણમાં છે. જે મુજબ इच्छाकारेण संदिसह भगवन्! प्रत्येकखामणेणं अब्भुट्ठिओमि अब्भिंतर... એમ કહીને પાક્ષિક પ્રતિક્રમણમાં ૩ વડીલોને, ચૌમાસીમાં ૫ વડીલોને અને સંવચ્છરીમાં ૭ વડીલોને વંદન કરવામાં આવે છે.

પરંતુ આ અંગે અજ્ઞાત પ્રાચીન આચાર્ય લિખિત સામાચારીમાં (પ્ર. - *આગમોદય-સમિતિ*, સં. ૧૯૭૫) એક નવી જ વાત જાણવા મળી –

गुरू भणइ – देवसिअं आलोइअं पडिक्कंता इच्छाकारेण संदिसह भगवन्! अब्भुट्ठिओमि पत्तेअखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं?, इच्छं, इच्छकारि अमुकतपोधन!। सो भणइ – मत्थएण वंदामि, खमासमणं च देइ। गुरुराह – अब्भुट्ठिओमि पत्तेअखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं। सो वि अहमवि खामेमि तुब्भे त्ति भणिअ भूनिहिअसिरो भणइ – इच्छं खामेमि पक्खिअं पनरसण्हं दिवसाणं पनरसण्हं राईणं जं किंचि अप्पत्तिअं इच्चाइ। गुरू वि पनरसण्हं इच्चाइ उच्चासणे-समासणेवज्जं भणइ। एवं सव्वे वि साहुणो परस्परं खामिंति। लहुवायणायरिएण सह पडिक्कंताण जिट्ठो पढमं ठवणायरियं खामेइ, तओ सव्वे वि जहारायणिए। गुरुअभावे सामन्नसाहुणो पढमं ठवणायरियं खामिंति। एवं सावया वि। नवरं वुड्ढसावओ भणइ – अमुक-प्रमुखसमस्तश्रावका! वांदउ वांदउ। वुड्ढो भणइ - अब्भुट्ठिओमि इच्चाइ। इअरे भणंति – अहमवि खामेमि तुब्भे। दो वि भणंति - पनरसण्हं दिवसाणं पनरसण्हं राईणं भण्यां भास्यां मिच्छामि दुक्कडं।।

અર્થ – ગુરુ બોલે - देवसिअं आलोइअं पडिक्कंता इच्छाकारेण संदिसह भगवन्! अब्भुट्ठिओमि पत्तेअखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं?, इच्छं, इच्छकारि अमुकतपोधन! (- જે તે મુનિનું નામ લે). જેનું નામ લેવાય તે બોલે - मत्थएण वंदामि અને ખમાસમણ આપે. ગુરુ બોલે - अब्भुट्ठिओमि पत्तेअखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं. તે મુનિ પણ अहमवि खामेमि तुब्भे એમ કહીને ભૂમિ પર મસ્તક અડાડીને इच्छं खामेमि पक्खिअं पनरसण्हं दिवसाणं पनरसण्हं राईणं जं किंचि अप्पत्तिअं... એ પાઠ કહે. ત્યારપછી ગુરુ પણ (તે સાધુને ઉદ્દેશીને) उच्चासणे-समासणे છોડીને पनरसण्हं दिवसाणं पनरसण्हं राईणं जं किंचि अप्पत्तिअं... એ આખો પાઠ બોલે. (આ મુદ્દો પણ ખાસ ધ્યાનપાત્ર છે.) આ રીતે સઘળાય સાધુઓ પરસ્પર ક્ષમાપના કરે.

લઘુ વાચનાચાર્ય સાથે પ્રતિક્રમણ કરતા જ્યેષ્ઠ ભગવંતો સૌપ્રથમ સ્થાપનાચાર્ય સમક્ષ ક્ષમાપના કરે અને પછી રત્નાધિકના ક્રમે સૌ પરસ્પર ક્ષમાપના કરે. ગુરુભગવંતની ગેરહાજરીમાં સામાન્ય સાધુઓ પણ પ્રથમ સ્થાપનાચાર્ય સમક્ષ ક્ષમાપના કરે અને પછી રત્નાધિકના ક્રમે સૌ પરસ્પર ક્ષમાપના કરે.

પછી આ જ રીતે સૌ શ્રાવકો પરસ્પર ક્ષમાપના કરે. પણ વૃદ્ધશ્રાવક સૌપ્રથમ કહે - **अमुकप्रमुखसमस्तश्रावका! वांदउ** (- નામ લે). અન્ય શ્રાવકો પણ નામ લઈને **वांदउ** કહે. પછી વૃદ્ધશ્રાવક **अब्भुट्ठिओमि पत्तेअखामणेणं अब्भिंतरपक्खिअं खामेउं** કહે. ત્યારે અન્ય શ્રાવકો કહે - **अहमवि खामेमि तुब्भे.** પછી બધા એકસાથે બોલે - **पनरसण्हं दिवसाणं पनरसण्हं राईणं भण्यां भास्यां मिच्छामि दुक्कडं.**

આ રીતે સૌ પરસ્પર ક્ષમાપના કરે તેને 'પ્રત્યેકખામણા' કહેવાય. આપણી પ્રચલિત પરંપરામાં તો સંબુદ્ધક્ષમાપના અને પ્રત્યેકક્ષમાપનામાં કોઈ તફાવત નથી. જ્યારે પ્રસ્તુત સામાચારીમાં સંબુદ્ધક્ષમાપનામાં ત્રણ વગેરે રત્નાધિકોને વંદના છે, જ્યારે પ્રત્યેકક્ષમાપનામાં સૌની પરસ્પર ક્ષમાપના છે. ✎ **त्रै.**

## 202. સંથારાપોરિસીની વિધિ

પ્રચલિત સંથારાપોરિસીની વિધિ અને *ઓઘનિર્યુક્તિ*-ગત વિધિને સરખાવતાં અમુક વાતો ધ્યાનપાત્ર જણાઈ તેની નોંધ –

→ રાત્રિનો પહેલો પ્રહર લગભગ પૂરો થવા આવે ત્યારે આ ક્રિયા કરવાની હોય છે. અત્યારે ઘણે ઠેકાણે શ્રાવકોને સંથારાપોરિસી સાંભળવાનો લાભ મળે તે ખાતર પ્રતિક્રમણ પછી મુનિવર્ગ દ્વારા જાહેરમાં જ તરત સંથારાપોરિસી ભણાવી દેવાય છે. પણ આમ કરવું તે સ્પષ્ટપણે અવિધિ છે. (હા, તબિયત ખરાબ હોવી વગેરેની યતના સમજવી.) તાજેતરમાં એક સંઘમાં આવી રીતે પ્રતિક્રમણ પછી તરત સંથારાપોરિસી ન ભણાવનાર સાધુને વર્ષોથી એ રીતે ટેવાયેલા શ્રાવકોએ 'અવિધિ કરે છે' એવો દોષ આપ્યો! એટલે આ વાત ખાસ ધ્યાન પર લેવા જેવી છે.

→ *ઓઘનિર્યુક્તિ* નિર્દિષ્ટ વિધિ –

સંથારાપોરિસીના સમયે સૌ પ્રથમ ગુરુ પાસે જઈને ખમાસમણપૂર્વક નિવેદન કરવાનું છે - बहुपडिपुन्ना पोरिसी अणुजाणह राइसंथारयं. પછી માત્રું કરીને (ઈર્યાપથિકી પ્રતિક્રમીને) સંથારો – ઉત્તરપટ્ટો પાથરી, મુહપત્તિ અને રજોહરણથી કાયાને પ્રમાર્જીને સંથારા પર ચડવાનું છે. ચડતી વખતે રત્નાધિકોની अणुजाणिज्जह એવી અનુજ્ઞા મેળવવાની છે. અને પછી ત્રણ વાર *કરેમિ ભંતે!* નો પાઠ કરીને સૂઈ જવાનું છે.

આની સાથે પ્રચલિત વિધિને સરખાવીએ તો –

૧. સામાન્ય રીતે માત્રું જઈને પછી बहुपडिपुन्ना पोरिसी આદેશ માંગવામાં આવે છે.

૨. પ્રથમ આદેશમાં अणुजाणह राइसंथारयं એ શબ્દો નથી બોલાતા, પણ તેને ઠેકાણે સંથારાપોરિસીની પહેલી ગાથામાં अणुजाणह संथारं બોલાય છે.

૩. સંવિગ્ન પરંપરા મુજબ દિવસની સાતમાંથી અંતિમ ચૈત્યવંદના સંથારાપોરિસીનો ભાગ ગણાય છે.

૪. આ ચૈત્યવંદના પૂર્વે इच्छाकारेण संदिसह भगवन्! बहुपडिपुन्ना पोरिसी राइअसंथारए ठाइसुं? એવા પ્રકારનો આદેશ મંગાય છે. આ શબ્દો મૂળવિધિમાં તો નથી જ, પણ પછી કરાતી ચૈત્યવંદના સાથે તેમનો સંબંધ પણ જોડવો મુશ્કેલ જણાય છે. વળી, बहुपडिपुन्ना पोरिसी राइअसंथारए ठाइसुं આ શબ્દો અન્યત્ર પણ બોલાતા હોવાથી પુનરાવર્તિત પણ બને છે.

૫. મુહપત્તિનું પ્રતિલેખન સંથારાપોરિસીની વિધિ અંતર્ગત શરીરની પ્રમાર્જના માટે કરવાનું છે. "સંથારાપોરિસીની વિધિ ભણાવવા મુહપત્તિ પડિલેહું?" આ આદેશનો એ પ્રમાણે જ અર્થ સમજવાનો છે.

૬. અત્યાર સુધીની વિધિને સ્થાને ઉપાધ્યાયજી રચિત ગણાતા *યતિદિનકૃત્ય* – ગાથા – ૩૫૦-૩૫૪ માં દર્શિત વિધિ – મુહપત્તિ-પ્રતિલેખન → ખમાસમણ → "રાઈસંથારયં સંદિસાહું?" આદેશ → ખમાસમણ → "રાઈસંથારએ ઠામિ?" આદેશ → શક્રસ્તવ-પઠન → સંથારો પાથરવાનો → સંથારા પર બેસીને "અણુજાણહ નિસિહી નમો ખમાસમણપુજ્જાણં" કથન. આ વિધિના આધારે પણ ઉપરોક્ત પ્રશ્નો વિચારણીય જણાય છે.

૭. ત્રણ *કરેમિ ભંતે!* ત્રણ નમસ્કારપૂર્વક ગણાય છે. જેનો ઉલ્લેખ *ઓઘનિર્યુક્તિ*માં નથી, પણ *યતિદિનકૃત્ય* – ગાથા – ૩૫૫ માં છે.

૮. આ પછી બોલાતો **बहुपडिपुन्ना पोरिसी राइअसंथारए ठाइसुं** આ આદેશ શા માટે હશે? તે વિચારણીય છે. કેમ કે તેનો ઉલ્લેખ પૂર્વોક્ત બે સ્થળે તો નથી જ, પણ આ આદેશથી ત્રીજી વાર પોરિસીકાળનું નિવેદન થાય છે.

૯. આ પછી બોલાતી **अणुजाणह संथारं** અને **संकोइय संडासा** આ બે ગાથાઓમાં **अणुजाणह संथारं** આટલા શબ્દોને બાદ કરો તો બાકીનો પાઠ તો સૂવાની વિધિ વગેરે દર્શાવનારો છે. તેનું પઠન શા માટે કરવાનું હશે? અલબત્ત, ગીતાર્થ ભગવંતોની માન્ય પરંપરાથી જ એ બોલાતો આવ્યો છે, એટલે એ યોગ્ય જ હોય. પ્રશ્ન ફક્ત પરંપરાના પ્રયોજનને સમજવાનો છે. જુદી રીતે આ પ્રશ્ન પૂછીએ તો – **आभोएत्ताण नीसेसं** કે **न सम्ममालोइयं हुज्जा** જેવી ગાથાઓ ગોચરી આલોવવાની વિધિ જણાવે છે. તો આ ગાથાઓ પ્રમાણે આપણે આચરણ કરીએ છીએ કે આલોવતી વખતે આ ગાથાઓનું પઠન કરીએ છીએ?

૧૦. આ પછીની **जइ मे हुज्ज** વગેરે ગાથાઓનો ઉપરોક્ત બંને સ્થળે ઉલ્લેખ નથી, પરંતુ ગીતાર્થ ભગવંતોની બહુમાન્ય પરંપરા અનુસાર શુભભાવનાત્મક એ ગાથાઓ બોલાય છે.

૧૧. એક મોટો પ્રશ્ન कुक्कुडिपायपसारण એ પંક્તિના અર્થઘટનનો છે. *ઓઘનિર્યુક્તિ* – ગાથા – ૨૦૭ ની વૃત્તિમાં આ પંક્તિનું વિવેચન આમ થયું છે - यथा कुक्कुटी पादावाकाशे प्रथमं प्रसारयति एवं साधुनाऽप्याकाशे पादौ प्रथमं शक्नुवता प्रसारणीयौ, यदा आकाशव्यवस्थिताभ्यां पादाभ्यां न शक्नोति स्थातुं तदा भुवं प्रमृज्य पादौ स्थापयति ।। આનું પ્રકાશિત ગુજરાતી વિવેચન - "જેમ કુકડી બે પગોને આકાશમાં જ પહેલાં પ્રસારી રાખે એમ સાધુ પણ જો સમર્થ હોય તો બેય પગોને આકાશમાં જ પ્રસારી રાખે. એટલે કે પગના પંજાઓને નીચે જમીન પર અડવા ન દે, એને અદ્ધર રાખે અને ઊંઘે." આમ વિવેચન કર્યા પછી વિવેચનકારે ટિપ્પણી કરી છે - "અત્યંત અપ્રમત્ત મુનિઓ જ આ કરી શકે. આપણને અભ્યાસ ન હોવાથી અને આવું કરનાર કોઈ ન દેખાવાથી આ વસ્તુ અશક્ય ભલે લાગે, પણ તેવા મુનિઓ માટે આ શક્ય જ હતું, છે."

વાસ્તવમાં જોઈએ તો, વિવેચનકાર ડાબા પડખે સૂઈને બે પગ અદ્ધર રાખવાનું કહે છે તેવી રીતે ઊંઘવાનું અપ્રમત્ત મુનિઓ માટે તો શું, પ્રાયઃ કોઈ માટે શક્ય નથી. અને તેથી જ વિવેચનકારે ઉપરોક્ત ટિપ્પણી કરવી પડી છે.

ખરેખર कुक्कुडिपायपसारण એટલે શું તેનો ખુલાસો *યતિદિનકૃત્ય* - ગાથા – ૩૫૬-૩૫૯ માં મળે છે. ત્યાં સમજાવાયું છે કે સાધુએ ડાબા પડખે હાથનું ઓશીકું બનાવીને બે પગ કુકડીની જેમ સંકોચીને સૂવાનું છે. (લોકભાષામાં 'ટૂંટિયું વાળીને સૂતો છે' એવી આ મુદ્રા થશે.) આવી રીતે સૂવાથી અઢી હાથપ્રમાણ સંથારામાં સાધુની કાયા સમાઈ જાય છે.

પ્રસૂતા કુકડી બચ્ચાઓનાં રક્ષણ માટે બે પગ નીચે બચ્ચાં રાખી પગ વાળીને સૂઈ જાય છે. આપણે વિહાર દરમ્યાન ગામડાઓમાં કુકડીને આવી રીતે સૂતી જોઈ પણ શકીએ. આવી રીતે બે પગ નીચે ઢબૂરાઈ જવાથી બચ્ચાઓનું ઠંડી, કૂતરાં-બિલાડાં વગેરે સામે રક્ષણ પણ થાય છે, અને તેમને માની હૂંફ પણ મળ્યા કરે છે. હવે જો એને

એવી રીતે પગ સંકોચી રાખવાનું ન ફાવે તો, પહેલાં એને હવામાં લાંબા કરે અને પછી ફરીથી પગના સ્થાને સાફ કરીને પગ મૂકી દે. એ જ રીતે કુકડીની જેમ પગને સંકોચીને સૂતેલા સાધુના પગ જો દુઃખી જાય તો, પહેલાં ગગનભાગ – હવામાં જ એને લાંબા કરે. જો આવી સ્થિતિમાં થોડીક ક્ષણો રહેવાથી એને સારું લાગે તો, ફરીથી પ્રમાર્જના કરીને પગને સંકોચીને સૂઈ જાય. અને જો એમ કરવાની શક્તિ ન હોય તો, ભૂમિને પ્રમાર્જીને પગ લાંબા કરીને સૂઈ જાય. આપવાદિક સંજોગોમાં તો પહેલેથી પણ પ્રમાર્જનાપૂર્વક પગ લાંબા કરીને સૂઈ શકાય છે.

આમાં, ડાબા પડખે સૂઈને કુકડીની પેઠે બે પગ ઊંચા કરીને ઊંઘવાની કોઈ વાત નથી, તે જોઈ શકાશે.

આ સંબંધે વિશેષ ચર્ચા આવકાર્ય છે. ✍ त्रै.

## 203. દેશવિરત શ્રાવક કોને કહેવો?

સામાન્ય સમજણ એવી છે કે બાર વ્રતમાંથી કોઈ પણ એક વ્રતને સ્વીકાર કરનાર પણ પાંચમા દેશવિરતિ ગુણઠાણાવાળો કહેવાય. *આવશ્યકનિર્યુક્તિ*માં પણ વ્રતોના આ રીતે ભાંગા બતાવ્યા છે –

सोलस चेव सहस्सा अट्ठ सया चेव होंति अट्ठहिया।
एसो उवासगाणं वयगहणविही समासेणं।।

(અધ્યયન – ૬, નિર્યુક્તિ - ૧૫૬૪ પછી પ્રક્ષિપ્ત ગાથા)

અર્થ – શ્રાવકોના વ્રતગ્રહણના ૧૬૮૦૮ ભાંગા છે. આ સંક્ષેપથી શ્રાવકોના વ્રતગ્રહણની વિધિ છે.

બીજી બાજુ ચોથા કર્મગ્રંથમાં બંધહેતુના વર્ણનમાં પાંચમા દેશવિરતિ ગુણઠાણાવાળા જીવને સંકલ્પથી ત્રસકાયની અવિરતિનો નિષેધ કર્યો છે –

त्रसासंयमात् सङ्कल्पजाद् एवाऽसौ विरतो न त्वारम्भजादपि।। (ગાથા - ૫૬ ની ટીકા)

અહિંયા ધ્યાન આપવા યોગ્ય વસ્તુ એ છે કે કર્મગ્રંથ પ્રમાણે જીવ પહેલા અણુવ્રતનું ગ્રહણ કરે તો જ પાંચમા દેશવિરતિ ગુણઠાણામાં કહેવાય અને *આવશ્યક-નિર્યુક્તિ* પ્રમાણે જીવ કોઈ પણ એક વ્રતના ગ્રહણથી પણ પાંચમા દેશવિરતિ ગુણઠાણામાં કહેવાય. અણુવ્રતનું ગ્રહણ આવશ્યક નથી, આ રીતે વિરોધ થાય છે.

વર્તમાનમાં પ્રચલિત એવું છે કે જીવ નવકારશી જેવું સામાન્ય પચ્ચક્ખાણ પણ ગ્રહણ કરે તો પાચમું દેશવિરતિ ગુણઠાણું કહેવાય છે, ભલે એકેય વ્રતનું ગ્રહણ ન કર્યું હોય.

તો હવે દેશવિરતિ શ્રાવક કોને કહેવો? તેના ત્રણ વિકલ્પ થઈ શકે છે –

૧. શું નવકારશી જેવા સામાન્ય પચ્ચક્ખાણવાળાને પણ દેશવિરતિ શ્રાવક કહેવો? આ પ્રચલિત માન્યતાનો કોઈ શાસ્ત્રીય આધાર ખરો?

૨. શું *આવશ્યકનિર્યુક્તિ* પ્રમાણે ૧૬૮૦૮ ભાંગામાંથી કોઈ પણ એક ભાંગાના પચ્ચક્ખાણવાળાને દેશવિરત શ્રાવક કહેવો?

૩. ચોથા કર્મગ્રંથ પ્રમાણે દેશવિરતિ ગુણઠાણામાં પહેલું અણુવ્રત આવશ્યક ગણવું જોઈએ?

તથા કોઈ શ્રાવક કોઈ પણ વ્રતનું ગ્રહણ કરે તો એમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી વ્રતની મર્યાદા કેટલી રાખવી પડે? શા માટે?

**મુનિ શ્રીસુવ્રતચન્દ્ર-નયજ્ઞ-ગોયમચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

# ગણિતાનુયોગ

## 204. ૩૧ કે ૩૨ સાગરોપમ?

વિજયાદિ ચાર અનુત્તર દેવોની જઘન્ય સ્થિતિ ૩૧ સાગરોપમ માનવી કે ૩૨ સાગરોપમ? *સમવાયાંગસૂત્ર*માં જ પરસ્પર ભિન્ન પ્રરૂપણાઓ જોવા મળે છે. સૂત્ર - ૩૧ માં લખ્યું છે – विजय-वेजयंत-जयंत-अपराजिताणं देवाणं जहण्णेणं एक्कतीसं सागरोपमाइं ठिती पण्णत्ता।। હવે આ જ ગ્રન્થમાં સૂત્ર – ૧૫૧ માં ચારે અનુત્તરની જઘન્ય સ્થિતિ ૩૨ સાગરોપમ લખે છે. અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ છે. મૂળપાઠ – गोयमा! जहन्नेणं बत्तीसं सागरोपमाइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाणि।। અન્ય સૂત્રોમાં જેમ કે *અનુયોગદ્વાર*, *ઉત્તરાધ્યયનસૂત્ર*, *તત્ત્વાર્થસૂત્ર* (*સિદ્ધસેનીયા* ટીકા), *પન્નવણાસૂત્ર* વગેરેમાં તો જઘન્ય સ્થિતિ ૩૧ સાગરોપમ જ કહે છે. અને દિગંબર મતમાં તો ચારે અનુત્તરની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ માને છે. તેમ જ *પન્નવણાજી*નો પણ ઉત્કૃષ્ટ સ્થિતિમાં આ જ અભિપ્રાય છે.

વિજયાદિ ચાર અનુત્તર વાસી દેવોમાં –

| સૂત્ર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| સમવાયાંગસૂત્ર - ૩૧ | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| સમવાયાંગસૂત્ર – ૧૫૧ | ૩૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| અનુયોગદ્વારસૂત્ર | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| ઉત્તરાધ્યયનસૂત્ર | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| તત્ત્વાર્થસૂત્ર | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| પ્રજ્ઞાપનાસૂત્ર | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| તત્ત્વાર્થ - રાજવાર્તિક | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

**મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

# *ધર્મકથાનુયોગ*

## 205. રથનેમિ, નેમિનાથ અને રાજીમતી અંગે થોડીક ચર્ચા

રથનેમિ પ્રભુ નેમિનાથના મોટાભાઈ છે આવી વાત *દશવૈકાલિકસૂત્ર*ની *હારિભદ્રી* ટીકામાં વાંચવા મળી –

...यदा किल अरिट्ठणेमी पव्वइओ तया रहणेमी तस्स जेट्ठो भाउओ राइमइं उवयरइ...।। (२.६ वृत्ति)

પરંતુ અન્યત્ર આનાથી સાવ વિપરીત કથન પ્રાપ્ત થાય છે. *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત*માં રથનેમિ એ પ્રભુ નેમિનાથના નાનાભાઈ છે એમ જણાવ્યું છે –

इतश्च नेमेरनुजो रथनेमिः स्मरातुरः।। (८.९.२५८ – पूर्वार्द्ध)

सर्वज्ञस्याऽनुजोऽसि त्वं शिष्यस्तस्यैव तत्तव।। (८.१०.२७८ – पूर्वार्द्ध)

તથા *પં. શ્રીપદ્મવિજયજી*-કૃત *શ્રીનેમીશ્વર-રાસ*માં પણ આ જ કથનને સમર્થન આપવામાં આવ્યું છે –

"લઘુભાઈ જિન નેમનો, રહનેમિ જસ નામ." (૪.૧.૧૪.૧ નો પૂર્વાદ્ર્ધ)

તેમ જ *ઉત્તરાધ્યયનસૂત્ર*ની *બૃહદ્વૃત્તિ*માં ૨૨ મા રથનેમીય અધ્યયનના પ્રારંભે ટિપ્પણમાં ક્યાંક આ બે ગાથાઓ અધિક દેખાય છે એમ કહીને બે ગાથાઓ આપી છે તેમાં પણ માતા શિવાદેવીને અનુક્રમે અરિષ્ટનેમિ, રથનેમિ, સત્યનેમિ અને દૃઢનેમિ એમ ચાર પુત્રો છે એમ જણાવ્યું છે, જેનાથી પણ ફલિત થાય છે કે રથનેમિ નાનાભાઈ જ છે. તે બે ગાથા –

सोरियपुरंमि नगरे आसी राया समुद्दविजओ त्ति ।
तस्ससि अग्गमहिसी सिव त्ती देवी अणुज्जंगी ।।१।।
तेसिं पुत्ता चउरो अरिट्ठनेमी तहेव रहनेमि ।
तइओ य सच्चनेमी चउत्थओ होइ दढनेमी ।।२।।

અને *અંતકૃદ્દશાંગ*માં પણ સમુદ્રવિજય તથા શિવાદેવીના પુત્ર સત્યનેમિ અને દૃઢનેમિ પ્રભુ નેમિનાથ પાસે દીક્ષા સ્વીકારી અનુક્રમે શત્રુંજય પરથી મોક્ષે ગયા એમ જણાવ્યું છે. એટલે આ બધા શાસ્ત્રપાઠના આધારે શિવાદેવી માતાને ચાર પુત્રો હતા અને તેમાં જ્યેષ્ઠપુત્ર શ્રીનેમિનાથ પ્રભુ હતા એમ નક્કી થાય છે. પણ *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત*માં 'પ્રભુ નેમિનાથના સાત ભાઈઓએ દીક્ષા લીધી' એમ જે કહેવામાં આવ્યું છે તે વિચારણીય છે. મૂળ પાઠ – **शिवा च स्वामिनो माता सप्त चापि सहोदराः** (૮.૧૦.૧૪૭ – પૂર્વાર્દ્ધ)

આ સિવાય દર વર્ષે પર્યુષણમાં *કલ્પસૂત્ર*ના આધારે રથનેમિ-રાજીમતીના વર્ણનમાં એમ જણાવાય છે કે નેમિનાથ પ્રભુને વંદન કરવા જતાં રસ્તામાં વરસાદ નડવાથી રાજીમતીએ ગુફામાં પ્રવેશ કર્યો. પરન્તુ *કલ્પસૂત્ર-સુબોધિકા* ટીકા સિવાય પ્રાયઃ કરીને સર્વ ઠેકાણે પ્રભુને વંદન કરીને પાછા ફરતાં રથનેમિ અને રાજીમતીવાળો પ્રસંગ ઘટિત થયો છે એમ પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ બધી વાતોનો સાર એ છે કે *દશવૈકાલિકસૂત્ર*ની *હારિભદ્રી* ટીકામાં 'નેમિપ્રભુ કરતાં રથનેમિ મોટા છે', *ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત*માં 'નેમિનાથના સાત ભાઈઓએ દીક્ષા લીધી' અને *કલ્પસૂત્ર-સુબોધિકા*માં 'વંદન કરવા જતાં રથનેમિ-રાજીમતીવાળી ઘટના ઘટી' આ ત્રણેય કથનો વિચારણીય છે.

**મુનિ શ્રીશીલચન્દ્ર-દિવ્યચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## *સંશોધન*

## 206. પર્ષદાની વ્યવસ્થા

'ગંધારે મહાવીર જિણંદા...' સ્તુતિની ત્રીજી ગાથાની ત્રીજી પંક્તિ આ પ્રમાણે છે – "વ્યંતર જ્યોતિષી ભવનપતિ સાર, એહનો નૈર્ઋત્ય ખૂણે અધિકાર, વાયવ્ય ખૂણે એની નાર."

અહીં પર્ષદાના વર્ણનમાં વ્યંતર, ભવનપતિ અને જ્યોતિષ્ક દેવોનું સ્થાન નૈર્ઋત્ય ખૂણામાં તથા વ્યંતરદેવી, ભવનપતિદેવી અને જ્યોતિષ્કદેવીઓનું સ્થાન વાયવ્ય ખૂણામાં જણાવ્યું છે. *આવશ્યકનિર્યુક્તિ-ભાષ્ય*[1] તથા *કાળલોકપ્રકાશ*[2]માં આનાથી તદ્દન વિપરીત પ્રતિપાદન છે. આ બે ગ્રંથોમાં વ્યંતરાદિ ત્રણ દેવોનું સ્થાન વાયવ્ય ખૂણામાં અને વ્યતંર વગેરે ત્રણ દેવીઓનું સ્થાન નૈર્ઋત્ય ખૂણામાં જણાવાયું છે.

તથા યુક્તિથી પણ આ વાત બરાબર નથી જણાતી. કેમ કે વ્યંતરાદિ દેવો પશ્ચિમ દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરે છે તથા વ્યંતરાદિ દેવીઓ દક્ષિણ દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરે છે. પશ્ચિમ દિશામાંથી પ્રવેશ કરીને નૈર્ઋત્ય ખૂણામાં જવું એ તો સંભવિત છે. પરંતુ દક્ષિણ દિશામાંથી પ્રવેશીને વાયવ્ય ખૂણામાં જવું એ તો અસંભવિતપ્રાયઃ છે. કારણ કે તે માટે તો નૈર્ઋત્ય ખૂણામાં બેઠેલી પર્ષદાનું અતિક્રમણ કરીને જવું પડે અથવા તો અગ્નિ અને ઈશાન એ બે ખૂણામાં બેઠેલી પર્ષદાનું અતિક્રમણ કરીને જવું પડે, પરંતુ અવ્યવહિતપણે તો કોઈ રીતે ન જઈ શકાય.

આથી સ્તુતિમાં લેખનદોષથી નૈર્ઋત્ય-વાયવ્યનો ક્રમવિપર્યાસ થઈ ગયો હોય એવું સમજવું વધુ યોગ્ય જણાય છે. આથી સાચો પાઠ આ પ્રમાણે હોવો જોઈએ – "વ્યંતર જ્યોતિષી ભવનપતિ સાર, એહનો વાયવ્ય ખૂણે અધિકાર, નૈર્ઋત્ય ખૂણે એની નાર."

**✎ મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી (શ્રીનેમિસૂરિજી-સમુદાય)**

---

[1] जोइसिय-भवण-वंतर-देवीओ दक्खिणेण पविसेउं।
चिट्ठंति दक्खिणावर-दिसिम्मि तिगुणं जिणं काउं ।।११७।।
अवरेण भवणवासी-वंतर-जोइससुरा य अतिगंतुं।
अवरुत्तरदिसिभाए चिट्ठंति जिणं नमंसित्ता ।।११८।।

[2] देव्योऽथ भवन-ज्योति-र्व्यन्तराणामिति त्रयम्।
याम्यद्वारा प्रविश्याऽऽस्ते नैर्ऋत्यां दिशि पर्षदाम् ।।९३२।।
सुरास्त्रयोऽमी पूर्वोक्ताः पुनस्तिष्ठन्त्यनुक्रमात्।
प्रविश्य पश्चिमद्वारा वायव्यां विनयानताः ।।९३३।।

# 207. मुनिरपेक्षां क्षयेत्/क्षपयेत्?

नैरपेक्ष्यादनौत्सुक्य-मनौत्सुक्याच्च सुस्थता।
सुस्थता च परानन्दस्तदपेक्षां क्षयेन्मुनिः।। (*योगसारे* – ५.१९)

अत्र 'अपेक्षां मुनिः क्षयेत्' इति प्रयोगः कथं साधुः स्यात्? क्षि-धातुः नित्याकर्मकः। अत्र च स्फुटं कर्म [अपेक्षामिति] विलोक्यते। अत्र 'अपेक्षां क्षपयेत्' इति प्रयोग एव साधीयानिति कल्पयितुं शक्नुयाम। परम् 'आर्षं सन्दधीत, न तु विघटेत' इत्युक्तिं स्मरद्भिरस्माभिः समाधिरन्वेषणीयः।

अत्र *चारुदेवशास्त्रि*कृतः *शब्दापशब्दविवेकः* इति ग्रन्थ उपयोगी भवेत्। अस्मिन् सकर्मकत्वा-ऽकर्मकत्वाधिकारे [पृ.१७१] इत्थमुक्तमस्ति –

"६६ तस्य दर्शनमात्रेण विघ्नसार्थः क्षयेत् स्वयम् (*स्कन्द०* का० ४.५७.१००)।।"

अस्य विवेचनं पुनरित्थम् –

"६६ क्षि क्षये भ्वादिरकर्मकः। अन्तर्णीतण्यर्थस्तु सकर्मक इति *दीक्षितः*।।"

'मुनिरपेक्षां क्षयेत्' इत्यत्राऽपि अन्तर्गतप्रेरकार्थः कल्पयितुं शक्यः। तेन 'मुनिः अपेक्षां क्षपयेत्' इत्यर्थः भविष्यति।।

**श्रीविजयमुक्ति-मुनिचन्द्रसूरयः** (कलापूर्णसूरिजी-समुदायसत्काः)

## इदमत्र चिन्त्यम्...

## 208. *ઓઘનિર્યુક્તિ*-વિવેચન ની કેટલીક વિચારણીય વાતો – ૨

<u>પૃષ્ઠ – ૪૭૩</u> अहाच्छन्दस्य धर्मकथां कुर्वतोऽसन्मार्गप्ररूपिकां तेन साधुना व्याघातः कर्तव्यः।। આ પાઠનો એવો અર્થ કરવામાં આવ્યો છે કે “જ્યારે તે યથાછંદ ખોટા માર્ગની પ્રરૂપણા કરવા રૂપ ધર્મકથાને કરતો હોય ત્યારે સાધુએ તે કથાનો વ્યાઘાત કરવો. અર્થાત્ એવું કંઈ કરવું કે તે દિવસે તે યથાછંદ ધર્મકથા કરી ન શકે. જો કરે અને તે ઉત્સૂત્રપ્રરૂપણા પોતાના કાનમાં પડે તો એનાથી પોતાને નુકસાન થવાની શક્યતા છે. અથવા તો આગંતુક લોકોને કહે કે ‘આની વાત બરાબર નથી’. આ રીતે એની ધર્મકથાનો વ્યાઘાત કરે.”

આ વિવેચન પરથી જણાય છે કે અત્રે ‘ધર્મકથા’નો અર્થ ‘વ્યાખ્યાન, સભા-સમક્ષ અપાતો ઉપદેશ’ એવો લેવામાં આવ્યો છે. અને યથાછંદ તે કરતો હોય તો સુવિહિત મુનિએ તે થઈ ન શકે તેવી મહેનત કરવી તેવો આશય સમજવામાં આવ્યો છે.

પરંતુ આવો આશય અત્રે સમજવો યોગ્ય નથી જણાતો. કારણ કે, આવી રીતે અડચણ કરવી તે સાધુ માટે તો શું, સામાન્ય સજ્જન પુરુષ માટે પણ ઉચિત નથી ગણાતું. અને ધારો કે સાધુ દ્વારા થતી આવી અડચણોને લીધે પેલા યથાછંદ મુનિ એક દિવસ વ્યાખ્યાન ન કરી શકે, તો પણ બીજા દિવસે તો સાધુએ ત્યાંથી નીકળી જવાનું વિધાન હોવાથી, બીજા દિવસે તો સાધુની ગેરહાજરીમાં તો તે કરી જ શકશે. તો શો ફાયદો થયો? ઉપરથી સાધુ તે યથાછંદ મુનિ અને અન્ય અનેક લોકોની અપ્રીતિનું ભાજન બને અને શાસનમાલિન્યમાં નિમિત્ત બને તે તો નફામાં!

વળી, સામાન્ય રીતે તો સાધુને બૂમબરાડા પાડીને કે ગ્રંથમાં પ્રદર્શિત અન્ય કોઈ પણ ઉપાયથી કોઈનું વ્યાખ્યાન બગાડવાનો તો હક નથી જ. આવો હક અપાય તો તો શાસનમાં ઘણી અસમંજસતા સર્જાય. હા, સાધુ સાચા માર્ગની પ્રરૂપણા ચોક્કસ કરી શકે, યથાછંદ આદિએ કરેલી ઉત્સૂત્રપ્રરૂપણાનું ખંડન પણ કરી શકે. પણ કોઈના વ્યાખ્યાનાદિમાં વ્યાઘાત પહોંચાડવો તે તો 'તોફાન' જ કહેવાય. સાધુ 'તોફાન' કરે ખરો?

વાસ્તવમાં અત્રે મૂળ પંક્તિઓમાં વપરાયેલો 'ધર્મકથા' શબ્દ ભાષ્યગાથા – ૩૯ ની વૃત્તિમાં વપરાયેલા 'ધર્મકથા' શબ્દની જેમ 'હિતશિક્ષા, અનુશિષ્ટિ' પરક છે. એટલે अहाच्छन्दस्य धर्मकथां कुर्वतोऽसन्मार्गप्ररूपिकां तेन साधुना व्याघातः कर्तव्यः।। એ પંક્તિનો ભાવ એ છે કે યથાછંદ જો સાધુ પાસે આવીને પોતાનો ખોટો માર્ગ 'સાચો છે' એવું સમજાવવાની કોશિશ કરે, એ મતલબની શીખ તેને આપે તો સાધુ એને રોકે. પોતાનું સંયમજીવન ડહોળાય તેવી વાતોથી દૂર રહેવાનો સાધુને અધિકાર છે જ. અને એ કેવી રીતે થઈ શકે તેના ઉપાયોનું નિદર્શન જ આ અને તેની આગળ-પાછળની પંક્તિઓમાં થયું છે.

આગળ આવતી 'સાધુ કાન બંધ કરી દે કે જેથી એને ધર્મકથા ન સંભળાય' વગેરે પ્રરૂપણાઓ પણ અત્રે 'ધર્મકથા' શબ્દ વ્યાખ્યાન-અર્થમાં નહીં, પણ શીખામણ-અર્થમાં જ પ્રયોજાયો હોવાનું સૂચવે છે.

પોતાને અયોગ્ય જણાતી વાત કરનાર વ્યાખ્યાતાને ગમે તે રીતે ચૂપ કરવો એ સાધુનો ધર્મ છે – એવો એક અનુચિત સંદેશો આમાંથી કોઈ ગ્રહણ ન કરી લે તેવા આશયથી જ આટલા લંબાણથી આ વિચારણા કરી છે.

<u>પૃષ્ઠ – ૪૯૬</u> અત્રે નિર્યુક્તિ – ૧૨૫ ની વૃત્તિમાં છેલ્લું વાક્ય આમ છે – जयमाणा खलु एवं तिविहाओ समासतो समक्खाया। આના પછી નિર્યુક્તિ – ૧૨૬ ની અવતરણિકા આમ છે - इदानीं विहरमाणका उच्यन्ते, अत आह –

विहरंता वि अ दुविहा, विहरमाणका द्विप्रकारकाः - गच्छगता गच्छनिग्गया चेव, एतदेव व्याख्यानयन्नाह - ...

આ છપાઈ જોવા પરથી એવું જણાય છે કે વિવેચનકાર મહાત્માને અત્રે એક આખી ગાથા હોવાનો ખ્યાલ નથી આવ્યો. ગાથા આમ છે –

जयमाणा खलु एवं तिविहाओ समासतो समक्खाया।
विहरंता वि अ दुविहा, गच्छगता निग्गया चेव।।

આમાંથી ત્રીજું ચરણ તો પ્રતીક તરીકે લઈને વૃત્તિકારે એના પર વ્યાખ્યા પણ કરી છે. એટલે આ ગાથાને ખરેખર તો મૂળમાં સ્થાન આપવું જોઈએ એમ સમજાય છે. (અન્યત્ર પ્રકાશિત *ઓઘનિર્યુક્તિ* – મૂળના પુસ્તકમાં આ ગાથાને પ્રક્ષેપગાથા તરીકે સ્થાન અપાયું છે.)

<u>પૃષ્ઠ – ૫૩૨</u> આ પૂર્વે નિર્યુક્તિ – ૧૪૧ માં ક્ષેત્રપ્રતિલેખના માટે આભિગ્રહિક મુનિઓને મોકલવા, પણ બાળ, વૃદ્ધ, અગીતાર્થ, યોગી, વૃષભ અને તપસ્વીને ન મોકલવા એવી પ્રરૂપણા થઈ છે. જે ૬ ને મોકલવાની મનાઈ છે તેમને મોકલીએ તો કયા દોષ લાગે તેની વાત ત્યાર પછી ભાષ્યગાથા – ૬૮-૭૨ માં થઈ છે. હવે પ્રશ્ન એ આવ્યો કે જો આભિગ્રહિક મુનિઓ ન હોય તો કોને મોકલવા? આવા વખતે ગણાવચ્છેદક ગીતાર્થ મુનિઓને અને તે પણ ન હોય તો સામાન્ય ગીતાર્થ મુનિઓને મોકલવા જોઈએ. પરંતુ જો તેવા મુનિઓ પણ ન હોય તો શું કરવું? તેનો જવાબ નિર્યુક્તિ – ૧૪૨-૧૪૩ માં અપાયો છે –

एए चेव हविज्जा पडिलोमेणं तु पेसए विहिणा।
अविही पेसिज्जंते ते चेव तहिं तु पडिलोमं।।
सामायारिमगीए जोगिमणागाढ खमग पारावे।
वेयावच्चे दायण जुयल समत्थं व सहिअं वा।।

આનો સંભવિત અર્થ – જો બાલ વગેરે ૬ પ્રકારના જ મુનિઓ હોય, એ સિવાય ન હોય તો, તેમને વિધિપૂર્વક પ્રતિલોમ = ઊલટા ક્રમે મોકલવા. તે સિવાયના

ક્રમે અવિધિપૂર્વક મોકલવાથી તો તેના તે જ દોષો લાગે. અને તે ઊલટો ક્રમ આમ છે – ૧. સૌપ્રથમ બાલાદિ ૫ સિવાયના અગીતાર્થને સામાચારી શીખવાડીને મોકલવો. ૨-૩. એ ન હોય તો અનુક્રમે અનાગાઢ યોગીને અને તપસ્વીને પારણું કરાવીને મોકલવા. ૪. એ પણ ન હોય તો વૃષભને કુળ દર્શાવવા મોકલાય. ૫-૬. એ પણ ન હોય તો છેવટે વૃદ્ધ કે બાલ મુનિને મોકલવા પડે. પણ તે સમર્થ હોવા જોઈએ અને તે પણ ગીતાર્થની સાથે જ મોકલાય. *બૃહત્કલ્પલઘુભાષ્ય*માં આવતી આ પ્રકારની ગાથાની વૃત્તિમાં પણ पडिलोमं અને सहिअं ના ઉપરોક્ત અર્થ જ થયા છે અને વિવરણ પણ ઉપર દર્શાવેલા અર્થને સમાન થયું છે.

પણ *દ્રોણાચાર્ય ભગવંત ઓઘનિર્યુક્તિ*ની વૃત્તિમાં पडिलोमं નો અર્થ 'અપવાદ' કરે છે અને અને એટલે 'પ્રતિલોમ ક્રમ આમ છે' એવું દર્શાવનારી तहिं तु पडिलोमं એ પંક્તિનો અપવાદપરક જે અર્થ કરે છે તેનું શબ્દશઃ ગુજરાતી વિવરણ પણ કરવું અઘરું ભાસે છે.

ખરેખર અત્રે तहिं तु पडिलोमं કેમ કહેવું પડ્યું છે તે જોઈએ. *બૃહત્કલ્પ-લઘુભાષ્ય*માં આવતી આવી ગાથામાં મોકલવાનો નિષેધ કરતું વિધાન આમ છે –

वेयावच्चगरं बाल वुड्ढ खमयं वहंतऽगीयत्थं।
गणावच्छेइअगमणं तस्स व असती य पडिलोमं।।

વૃષભ, બાલ, વૃદ્ધ, તપસ્વી, યોગી, અગીતાર્થને ન મોકલવા. એવો અત્રે ભાવ છે. હવે જો આમને મોકલવા જ પડે તો 'ઊલટા ક્રમે મોકલવા' એવું વિધાન સંગત થઈ જાય છે. કેમ કે અપવાદપદે એ ૬ ને મોકલવા જ પડે તો (વૃષભને બાદ કરતાં) મોકલવાનો ક્રમ ખરેખર ઊલટો જ છે.

પરંતુ *ઓઘનિર્યુક્તિ*માં ૬ ને મોકલવાની ના પાડતી વખતે - બાલ, વૃદ્ધ, અગીતાર્થ, યોગી, વૃષભ, તપસ્વી – આવો ક્રમ રાખ્યો છે. તેથી અપવાદપદે ઊલટા ક્રમે મોકલવા એમ કહીએ તો ઊલટો ક્રમ આમ આવે – તપસ્વી, વૃષભ, યોગી, અગીતાર્થ, વૃદ્ધ, બાલ, જે બરાબર નથી. કેમ કે માન્ય ક્રમ તો આમ છે – અગીતાર્થ,

યોગી, તપસ્વી, વૃષભ, વૃદ્ધ, બાલ. એટલે *ઓઘનિર્યુક્તિ*માં तर्हिं तु पडिलोमं કહીને વિશેષ વિધાન કરવાનું થયું છે, જેની જરૂર *બૃહત્કલ્પલઘુભાષ્ય*માં નથી.

પરંતુ *દ્રોણાચાર્ય ભગવંત ઓઘનિર્યુક્તિ*ની વૃત્તિમાં पडिलोमं નો અર્થ ઊલટા ક્રમને સ્થાને 'અપવાદ' કરે છે. અને એટલે तर्हिं तु पडिलोमं એ પાઠનો જે અર્થ કરે છે તે વિચારણીય બને છે. વળી, सहिअं એ એક જ પદના *ઓઘનિર્યુક્તિ*ની વૃત્તિમાં તેમણે કરેલા અર્થને આ જ પ્રકરણના એ જ પદના *બૃહત્કલ્પલઘુભાષ્ય*ની વૃત્તિમાં *શ્રીક્ષેમકીર્તિસૂરિજી*એ કરેલા અર્થ સાથે સરખાવી જોઈશું તો બંને ભગવંતો પાસે રહેલી અર્થપરંપરામાં જે ભેદ છે તે તરત સમજાઈ જશે.

ઉપરાંત, વિવેચનકારે આ પાઠના અર્થઘટન વખતે જે વિધાનો કર્યાં છે તે તો વધારે વિચારણીય છે. જેમ કે - "જો ગણાવચ્છેદક ન હોય એટલે કે બાલાદિ ૬ માં કોઈપણ ગણાવચ્છેદક ન હોય તો પછી આ ૬ માંથી જે ગીતાર્થ હોય તે મોકલાય ... જો ૬ માંથી એકેય ગીતાર્થ ન હોય તો પછી અગીતાર્થ પણ મોકલાય." ખરેખર તો જે ૬ ની અત્રે વાત થઈ રહી છે તેમાંથી એક તો અગીતાર્થ જ છે, એટલે આ વાક્યોનો શો અર્થ કરવો તે સમજાતું નથી.

<u>પૃષ્ઠ – ૫૭૬</u> નિર્યુક્તિ – ૧૬૩ આમ છે –

मोहुब्भवो उ बलिए दुब्बलदेहो न साहए जोए।
तो मज्झबला साहू दुट्ठस्सेणेत्थ दिट्ठंतो।।

આનો અર્થ વૃત્તિમાં આ પ્રમાણે થયો છે – બળવાન મનુષ્યને મોહનો ઉદય થાય છે. અને કૃશ શરીરવાળો સાધુ સંયમના યોગોની આરાધના કરી શકતો નથી. માટે મધ્યમબળવાળો સાધુ ઈષ્ટ છે. આ સંદર્ભમાં દુષ્ટાશ્વ = ગર્દભનું દૃષ્ટાંત જાણવું. જેમ ગર્દભ ઘણું ખાવા મળે તો દર્પિષ્ઠ થઈને ધમાલ કરીને વાસણો તોડી નાખે છે. અને ઓછું ખાવા મળે તો અશક્ત થઈને પડી જવાથી પણ વાસણ તોડી નાખે છે. પરંતુ જો મધ્યમ = માપસરનું ખવડાવીએ તો યોગ્ય રીતે ભારવહન કરે છે. તેમ મધ્યમ-બળવાળો સાધુ પણ સંયમક્રિયાનું રૂડી રીતે પાલન કરી શકે છે.

વૃત્તિના આ ભાવાર્થ પરત્વે બે પ્રશ્નો ઊઠે છે – ૧. **तो मज्झबला साहू** (એટલે મધ્યમબળવાળો સાધુ) એમ ઉદ્દેશ્ય કહ્યા પછી 'શું?' તે વિધેય બાકી રહી જાય છે. વૃત્તિમાં પણ **इष्यते** અધ્યાહારથી જ ઉમેર્યું છે. તો ગાથામાં જ વિધેયવચન જડે ખરું? ૨. દુષ્ટાશ્વ = ગર્દભ એવો અર્થ પણ અત્રે તેમ જ *બૃહત્કલ્પલઘુભાષ્ય*માં આવતી આ ગાથાની વૃત્તિ સિવાય ક્યાંય જોવા મળે ખરો? વળી, અશ્વ 'દુષ્ટ' થાય એટલે 'ગર્દભ' કેવી રીતે બની જાય?

આ પ્રશ્નોના જવાબમાં એવું સૂઝ્યું કે અહીં **तो मज्झबला साहूऽदुट्ठस्सेणेत्थ दिट्ठंतो।।** એમ સમજવું જોઈએ. અર્થાત્ તેથી મધ્યમબળવાળા સાધુઓ 'અદુષ્ટ' = ઈષ્ટ ગણાય છે. અને આ સંદર્ભમાં અશ્વનું દૃષ્ટાંત છે. આમાં ૧. **अदुट्ठ** એવું વિધેયવચન મળી જાય છે. ૨. દુષ્ટાશ્વ = ગર્દભ એવો વિચિત્ર જણાય તેવો અર્થ પણ કરવાનો નથી થતો. ૩. અશ્વ પણ વધુ ખાય તો તોફાન કરે, ઓછું ખાવાથી અશક્ત બને અને માપનું ખાવાથી સારી રીતે રહે – એ રીતે દૃષ્ટાંતની સંગતિ શક્ય છે જ.

આ રીતે વિચારી શકાય?

<u>પૃષ્ઠ – ૬૦૧</u> અપશુકન તરીકે નિર્દિષ્ટ **कुच्चंधरा** નો વિવેચનકારે 'દાઢી-મૂછવાળો માણસ' એવો અર્થ કર્યો છે. પણ માણસ તો દાઢી-મૂછવાળો જ હોય ને! (ખાસ કરીને એ જમાનામાં તો એવું જ હતું.) અને તો તો કાયમ અપશુકન થયા જ કરે! તેથી તેનો અર્થ 'દાઢી-મૂછવાળી સ્ત્રી (-નપુંસક)' કરવો જોઈએ. *પાઈયસદ્દમહણ્ણવો* પણ આ જ અર્થ નિર્દેશે છે.

<u>પૃષ્ઠ – ૬૭૧</u> નિર્યુક્તિ – ૨૧૧ માં સાધુના વિહારમાં આવતા ગામના વિહૃત-અવિહૃત એમ પ્રકાર દર્શાવીને વિહૃત અંગે વાત કરી છે. અને અવિહૃત માટે હવે પછી કહીશું એમ ઉપન્યાસ કરનારી **अविहरिअविही इमो होइ** એવી પંક્તિ મૂકી છે. મૂંઝવણની વાત એ છે કે આ પછીની નિર્યુક્તિ – ૨૧૨ માં તો આ વાતની કોઈ ગંધ

પણ નથી. પણ સીધું નવું સાધર્મિકદ્વાર જ શરુ થઈ જાય છે. તો આનું સમાધાન શું હોઈ શકે?

અલબત્ત, નિર્યુક્તિ – ૨૧૧-૨૧૨ વચ્ચે આવતી ભાષ્યગાથાઓમાંથી ભાષ્યગાથા – ૧૦૧ માં અવિહૃતની વાત છે. પણ ધારો કે આ ભાષ્યગાથા ન હોત અથવા તો જ્યારે આ ભાષ્ય નહોતું રચાયું અને એકલી *ઓઘનિર્યુક્તિ* જ હતી ત્યારે अविहरिअविही इमो होइ એ પંક્તિનો શો અર્થ થતો હશે? *ઓઘનિર્યુક્તિ* પૂરતી તો એ પંક્તિ લટકતી જ રહી જાય છે. વળી, એક રીતે તો એ પંક્તિ અવતરણિકાસ્વરૂપ છે. તો ભાષ્યગાથાની અવતરણિકા નિર્યુક્તિમાં કેવી રીતે સંભવે?

એટલે ખરેખર તો આ પંક્તિની સંગતિને જ સબળ પ્રમાણ ગણીને ભાષ્યગાથા – ૧૦૧ ને નિર્યુક્તિગાથા ગણવી જોઈએ એમ લાગે છે.

અને આ તો એક નમૂનો છે. વાસ્તવમાં તો આવાં અનેક ઉદાહરણ મળે કે જેના પરથી સમજાય કે વૃત્તિકાર કે સંપાદક ભગવંતોએ કરેલું *ઓઘનિર્યુક્તિ* અને તેની ભાષ્યગાથાઓનું વિભાજન ગંભીર વિચારણા માગે છે.

*બૃહત્કલ્પલઘુભાષ્ય*ની વૃત્તિમાં *શ્રીમલયગિરિજી ભગવંતે* કરેલું વિધાન આ સંદર્ભે પણ સાચું લાગે છે કે – सुखग्रहण-धारणाय भाष्यकारो भाष्यं कृतवान्, तच्च सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगतमिति सूत्रस्पर्शिकनिर्युक्तिर्भाष्यं चैको ग्रन्थो जातः।।

<u>પૃષ્ઠ – ૭૨૯</u> મૂળ વૃત્તિપાઠ –

शिरो यतो यत्र कुड्यं तत्र हस्तमात्रं मुक्त्वा स्वपन्ति।।

આનું પ્રકાશિત વિવેચન આમ છે - "જે દિશા તરફ મસ્તક હોય કે જ્યાં ભીંત હોય ત્યાં એક હાથ જેટલી જગ્યા છોડીને ઊંઘે. આશય એ છે કે <u>ભીંત તરફ પગ રાખે</u>,... ભીંત તરફ માથું હોવાનો અર્થ એ કે સાધુ ઊંઘીને જેવો બેઠો થાય કે <u>તેનું મોઢું ભીંત તરફ આવે</u>..."

અહો આશ્ચર્યમ્! આપણામાંથી ઘણાના વડીલો એમ કહેતાં હશે કે “ઉત્તર તરફ માથું કરીને ન ઊંઘવું”. આનો અર્થ આપણે એમ સમજીએ છીએ કે ઉત્તર દિશામાં માથું અને દક્ષિણ દિશામાં પગ ન રાખવા. પરંતુ વિવેચનકારના અર્થ પ્રમાણે તો એમ સમજવું જોઈએ કે <u>ઉત્તર દિશામાં પગ ન કરવા</u>. કેમ કે સાધુ ઉત્તર તરફ પગ કરીને સૂઈ જાય તો ઊંઘીને જેવો બેઠો થાય કે તેનું મોઢું ઉત્તર તરફ આવે અને તેને જ ‘ઉત્તર તરફ માથું કહેવાય’! ખરેખર તો આપણને દક્ષિણ દિશા તરફ પગ કરવાની ના પાડવી હોય તો વડીલોએ એમ કહેવું જોઈએ કે “દક્ષિણ દિશા તરફ માથું ન કરતા”!

ખેર, આ તો રમૂજ થઈ. પણ ‘ભીંત તરફ માથું’ એ વાક્યનો અર્થ ‘ભીંત તરફ પગ’ એવો કરવા જતાં વિવેચનકારે ‘પાત્રાં તરફ પણ પગ કરવા પડે’ તેવું જણાવવું પડ્યું છે. જે પણ ઘણા સમુદાયોમાં અનૌચિત્ય કે આશાતનારૂપ ગણાય છે.

<u>પૃષ્ઠ – ૭૮૯</u> અહીં વિવેચનમાં આવું વાક્ય છે - “પછી ૨૩૯ મી નિર્યુક્તિ-ગાથા આવશે”. અહીં ૨૩૯ ના સ્થાને ૨૪૦ સમજવું જોઈએ. ગ્રંથમાં પણ જે ગાથાની વાત છે તેને ૨૪૦ ક્રમાંક જ અપાયો છે. આવું બીજે પણ છે.

બન્યું છે એવું કે વિવેચનકારે વિવેચન કરવા માટે આધાર તરીકે *આગમોદય-સમિતિ*વાળી *ઓઘનિર્યુક્તિ*ની પ્રત રાખી હશે. આ પ્રતમાં નિર્યુક્તિક્રમાંક – ૨ એકને બદલે બે ગાથાને અપાયો છે. આને લીધે આગળ બધે જ ૧-૧ ક્રમાંક ઘટ્યો છે. વિવેચનકારે મૂળગ્રંથમાં આ ક્ષતિ અવશ્ય સુધારી લીધી છે. પણ વિવેચનમાં ગાથાઓના રેફરન્સનંબર અમુક સ્થળે પોતાના ગ્રંથને બદલે *આગમોદય-સમિતિ*વાળી *ઓઘનિર્યુક્તિ*ની પ્રત પ્રમાણે આપ્યા છે!

<u>પૃષ્ઠ – ૭૯૮</u> આ પૃષ્ઠ પર ભાષ્યગાથા – ૧૪૨ તરીકે गामब्भासे बयरी... આ ગાથા પ્રકાશિત છે. હવે આ જ ગાથા (અક્ષરશઃ અને અર્થતઃ પણ સરખી) ભાષ્યગાથા – ૧૪૩ તરીકે પૃષ્ઠ ૮૦૦ પર પણ મુદ્રિત છે! તો એક જ ગાથાને સળંગ બે વખત છાપવાનું અને એને બે અલગ-અલગ ક્રમાંક આપવાનું શું પ્રયોજન હશે?

<u>પૃષ્ઠ – ૮૧૦</u> નિર્યુક્તિ – ૨૪૫ માં एक्कगलंभे શબ્દ છે. આનું વિવરણ વૃત્તિકાર ભગવંત આમ કરે છે - एकस्य वा साधोस्तत्र भोजनलम्भः जातस्ततोऽन्यग्रामे व्रजन्ति।। "એક સાધુ પૂરતો જ આહાર મળ્યો હોય તો બીજા ગામે જાય." પણ ખરેખર एक्कगलंभे નો અર્થ "આહાર અને પાણી – બેમાંથી એક જ મળે તેથી બીજા ગામે જવું પડે" એવો કરવો જોઈએ એમ જણાય છે. સંદર્ભ તરીકે જુઓ – *શ્રીદશવૈકાલિકસૂત્ર – અગસ્ત્યસિંહીયા ચૂર્ણિ* – ૫.૧.૧ ✎ त्रै.

## 209. સ્ત્રી-નપુંસક વેદ કરતાં પુરુષવેદનો ઉદયકાળ

*સપ્તતિકા* કર્મગ્રંથ અંતર્ગત ઉપશમશ્રેણીના *રમ્યરેણુ* લિખિત વિવેચનમાં ૨૧ પ્રકૃતિના ઉદયકાળનું (-પ્રથમ સ્થિતિનું) અલ્પબહુત્વ આ પ્રમાણે છે – "સ્ત્રી-નપુંસકવેદનો ઉદયકાળ સૌથી અલ્પ (-પરસ્પર સમાન) છે. તેનાથી પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતભાગ અધિક છે." (પૃષ્ઠ – ૧૧૭)

અહીં સ્ત્રી-નપુંસક વેદ કરતાં પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતભાગ અધિક કહ્યો છે. પરંતુ *સપ્તતિકા*ના અન્ય વિવેચનોમાં તથા *કમ્મપયડી*ની *શ્રીમલયગિરિજી* કૃત ટીકામાં સ્ત્રી-નપુંસકવેદ કરતાં પુરુષવેદનો ઉદયકાળ સંખ્યાતગુણ અધિક કહ્યો છે. તેથી પ્રસ્તુત વિવેચનમાં પણ 'સંખ્યાતભાગ અધિક' ના સ્થાને 'સંખ્યાતગુણ અધિક' હોવું જોઈએ તેમ જણાય છે.

स्वोदयकालप्रमाणं च चतुर्णां संज्वलनानां त्रयाणां च वेदानामिदं – स्त्रीवेदनपुंसकवेदयोरुदयकालः सर्वस्तोकः स्वस्थाने तु परस्परं तुल्यः। ततः पुरुषवेदस्य संख्येयगुणः।। - *કમ્મપયડી*, ઉપશમનાકરણ, ગાથા – ૪૨, *મલયગિરીયા* વૃત્તિ.

✎ **મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી (શ્રીનેમિસૂરિજી-સમુદાય)**

# 210. ધ્યાનની વ્યાખ્યા

યોગવિંશિકા ગાથા ૩ - ટીકામાં ધ્યાનની વ્યાખ્યા *મહોપાધ્યાયજી* આ રીતે કરે છે –

आध्यानं – प्रशस्तैकार्थविषयं स्थिरप्रदीपसदृशमुत्पातादिविषय-सूक्ष्मोपयोगयुतं चित्तम्।।

અહીં ચિત્તના સામાન્યથી ત્રણ વિશેષણ મૂકાયાં છે - પ્રશસ્ત એવી એક વસ્તુના વિષયવાળું, સ્થિર પ્રદીપ જેવું, ઉત્પત્તિ, સ્થિતિ કે નાશને લગતા સૂક્ષ્મ ઉપયોગવાળું ચિત્ત.

અહીં *દિવ્યદર્શન ટ્રસ્ટ* દ્વારા પ્રકાશિત વિવેચનમાં प्रशस्तैकार्थविषयम् નો એક અલગ વિગ્રહ પણ દર્શાવ્યો છે – एकार्थः विषयः यस्य तद् एकार्थविषयम् (चित्तम्), प्रशस्तं च तद् एकार्थविषयं च इति प्रशस्तैकार्थविषयम्।। તેનું કારણ ત્યાં જણાવ્યું છે કે "તણખલા જેવા તુચ્છ પદાર્થ અંગે પણ એના ઉત્પાદાદિના સૂક્ષ્મ ઉપયોગવાળું સ્થિરચિત્ત કેળવાય તો એ પણ ચિત્તવૃત્તિનિરોધ કરનારું પ્રશસ્તધ્યાન બની શકે છે." આથી એમણે વિષયને પ્રશસ્ત કહેવાના સ્થાને ચિત્તને પ્રશસ્ત કહ્યું છે.

હવે, જો *મહોપાધ્યાયજી* કે *શ્રીહરિભદ્રસૂરિજી*ને આ અર્થ અભિપ્રેત હોત તો એઓએ प्रशस्तैकार्थविषयम् એવા ક્લિષ્ટવિગ્રહવાળા પદના સ્થાને ત્રણના સ્થાને ચાર વિશેષણો જ દર્શાવ્યાં હોત એવું ન સમજી શકાય?

જો એવું વિચારીએ કે તણખલા જેવો તુચ્છ વિષય પણ તેના પર થતી વિચારણાના આધારે પ્રશસ્ત ન કહી શકાય? અર્થાત્ વિષય પર થતી વિચારણા પ્રશસ્ત હોવાથી વિષયને પણ પ્રશસ્ત કહેવો. તો પદાર્થ તરીકે અશુભ પદાર્થ પણ પ્રશસ્ત બનતાં આવો સમાસ કરવાનો ન રહેતાં સહજ અર્થ થઈ શકે.

**મુનિ શ્રીસૌમ્યચન્દ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

# 211. निष्ठाऽप्राप्तौ કે પછી निष्ठाप्राप्तौ?

*શ્રીવિજયજયસુંદરસૂરિજી મ.* દ્વારા અનૂદિત *ઉપદેશરહસ્ય* સટીક ગ્રંથમાં ગાથા – ૭૪ ની ટીકામાં જીરણશેઠની કથા છે, તેમાં આ પ્રમાણેનો પાઠ છે કે –

निष्ठाऽप्राप्तावपि पारम्पर्येण मोक्षफलतया संवृत्तः।। આનો અર્થ આમ કરવામાં આવ્યો છે કે "... શ્રી જીરણશેઠનો મનોરથ સ્વયં નિર્દોષ હોવાની સાથે પારણા સંબંધી ભેરીવાદનના ધ્વનિ સાંભળવા પૂર્વે વધતો જતો હતો પણ પરંપરાએ ભવો ઘણા ટૂંકા થવાથી મોટા ફ્લવાળો થઈને ઊભો રહ્યો."

અહીં निष्ठाऽप्राप्तावपि પાઠ સ્વીકારી અર્થ બેસાડવાનો પ્રયત્ન થયો છે, જ્યારે *પં. શ્રીપ્રવીણભાઈ મોતા*ના *ઉપદેશરહસ્ય*ના અનુવાદવાળા પુસ્તકમાં निष्ठाप्राप्तावपि પાઠ સ્વીકારીને આ પ્રમાણે અર્થ કરવામાં આવ્યો છે - "અને અનવદ્ય એવો આ પણ = વિશુદ્ધભાવથી યુક્ત એવો જીરણશ્રેષ્ઠીનો ઈચ્છારૂપ અભિગ્રહ પણ, પારણાની ભેરીના શબ્દના શ્રવણકાલ સુધી પ્રવર્ધતો છતાં નિષ્ઠાની પ્રાપ્તિ થયા છતાં પણ પરંપરાએ મોક્ષફ્લપણાથી સંવૃત્ત થયો..." વગેરે.

આ બન્નેય પાઠના આધારે થયેલ અનુવાદને જોતાં निष्ठाप्राप्तावपि પ્રમાણે થયેલ અનુવાદ વધુ સુસંગત જણાય છે તેમજ અન્યત્ર જ્યાં જ્યાં જીરણશ્રેષ્ઠીનું કથાનક જોવા મળે છે તે તે *ધર્મસંગ્રહણી, કથાકોષપ્રકરણ* આદિ ગ્રંથોમાં પણ પ્રાયઃ સર્વત્ર ભેરીશબ્દના શ્રવણથી પ્રવર્ધમાન એવો જીરણશ્રેષ્ઠીનો પરિણામ ત્યાં જ અટકી ગયો, નિષ્ઠાને પામ્યો અર્થાત્ આગળ ન વધ્યો આ પ્રકારના ભાવને સ્પષ્ટ કરતો અર્થ જ પ્રાપ્ત થાય છે અને અદ્યાવધિ પ્રવચનાદિમાં ગુરુભગવંતોના શ્રીમુખેથી પણ આ અર્થ જ એટલે કે निष्ठा-अप्राप्तौ ને બદલે निष्ठाप्राप्तौ પ્રમાણેનો અર્થ જ સાંભળવા મળ્યો છે. એટલે જો ટીકામાં निष्ठाऽप्राप्तावपि ને સ્થાને निष्ठाप्राप्तावपि પાઠ સ્વીકારીને અર્થ કરવામાં આવે તો સરળતાથી અર્થ બેસી જાય અને ક્લિષ્ટતા ટળી જાય એમ લાગે છે.

**મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

# *પ્રકીર્ણ*

## 212. *ઉપદેશકલ્પવલ્લી*ની વિશેષ વાતો

૧. અત્રે સમકિતના ૬૭ ભેદોમાં ૧૦ પ્રકારનાં વિનય-સ્થાનો – ૧. તીર્થંકર ૨. જિનપ્રતિમા ૩. જિનાલય ૪. શ્રુતજ્ઞાન ૫. ધર્મ ૬. સાધુ ૭. આચાર્ય ૮. ઉપાધ્યાય ૯. જિનમત ૧૦. સંઘ – એ પ્રમાણે છે. જ્યારે સમકિતની ૬૭ બોલની સજ્ઝાયમાં ૧૦ વિનય-સ્થાનો - ૧. તીર્થંકર ૨. સિદ્ધ ૩. જિનપ્રતિમા-મંદિર ૪. શ્રુતજ્ઞાન ૫. ૧૦ યતિધર્મ ૬. સાધુ ૭. આચાર્ય ૮. ઉપાધ્યાય ૯. સંઘ ૧૦. સમ્યગ્દર્શન અથવા સમ્યગ્દૃષ્ટિ આત્મા.

૨. અત્રે ૨૪ મા પલ્લવમાં કહ્યું છે કે સંપ્રતિ મહારાજાએ ૨૫,૦૦૦ જિનાલયો, ૧,૨૫,૦૦,૦૦૦ ધાતુપ્રતિમાઓ અને ૧,૨૫,૦૦,૦૦૦ પાષાણ-પ્રતિમાઓનું નિર્માણ કરાવ્યું. જ્યારે *કલ્પસૂત્ર*ની *સુબોધિકા*વૃત્તિમાં જણાવ્યું છે કે સંપ્રતિ મહારાજાએ ૧,૨૫,૦૦૦ જિનાલયો, ૧,૨૫,૦૦,૦૦૦ પાષાણપ્રતિમાઓ અને ૯૫,૦૦૦ પિત્તલપ્રતિમાઓનું નિર્માણ કરાવ્યું.

૩. અત્રે ૨૬ મા પલ્લવમાં કહ્યું છે કે શ્રીવીરપ્રભુના વિહાર પછી ચંડકૌશિકનું મરણ થયું. જ્યારે *કલ્પસૂત્ર*ની *સુબોધિકા*વૃત્તિમાં જણાવ્યું છે કે ચંડકૌશિકના મરણ પછી વીરપ્રભુએ વિહાર કર્યો.

૪. અત્રે પલ્લવ – ૩૪ માં કહ્યું છે કે સાધુઓ માટે બનાવેલ ભોજન ગુણાધિકને આપવા માટે ઈન્દ્રે ભરતચક્રીને કહ્યું. જ્યારે ભરતેશ્વર-બાહુબલીવૃત્તિમાં જણાવ્યા મુજબ તે ભોજન સાધર્મિકોને આપવાનું સ્વયં ઋષભદેવે ભરતને કહ્યું હતું.

**✍ મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી (શ્રીલબ્ધિસૂરિજી-સમુદાય)**

# 213. *પઉમચરિય*માં જાણવા મળેલ કેટલીક વિશેષ વાત – 3

૭. સગર ચક્રીના ૬૦,૦૦૦ પુત્રો વિશે એવું પ્રચલિત છે કે તેઓ અષ્ટાપદતીર્થની રક્ષા કરતાં નાગેંદ્ર દ્વારા ભસ્મ કરાયા. પણ અત્રે એમ જણાવાયું છે કે તે ૬૦,૦૦૦ પુત્રોમાંથી ભગીરથ અને ભીમ એ બે પુત્રોને ભસ્મ નથી કરાયા. અને પુત્રમૃત્યુના સમાચાર મળતાં વૈરાગ્યથી વાસિત અંતઃકરણવાળા સગર ચક્રીએ ભગીરથને રાજગાદી સોંપીને ભીમ સાથે દીક્ષા લીધી. અત્રે એવું સમજી શકાય કે ૬૦,૦૦૦ ની અપેક્ષાએ ૨ ની સંખ્યા અતિઅલ્પ હોવાથી વ્યવહારમાં ‘૬૦,૦૦૦ પુત્રો ભસ્મ થયા’ એવું કહેવાતું હશે? મૂળ ગાથા –

न य दड्ढे दोण्णि जणे ताणं मज्झट्ठिए कुमाराणं।
काऊणं अणुकंपं जिणवरधम्मप्पभावेणं।। (५.१७४)

[પ્રચલિત પરંપરા મુજબ તો ભગીરથ સગર ચક્રીનો પૌત્ર ગણાય છે, જ્યારે અહીં તેને પુત્ર ગણાવાયો છે, તે પણ વિશેષતા છે. – ત્રૈ.]

૮. એકવાર ભરત રાજાને વિચાર આવ્યો કે પ્રકૃષ્ટ દાન-પુણ્ય માટે ગૃહસ્થ-આચારસંપન્નને ભોજન કરાવું. તેથી તેઓએ ઘણા પુરુષોને ભોજન કરાવીને તેઓનું સન્માન કર્યું. તે પુરુષોમાં કેટલાક મિથ્યાત્વીઓ હતા. તેઓ આ સન્માનથી ગર્વિત થયા. મંત્રી દ્વારા રાજાને ખબર પડી કે આ લોકો તો હિંસક છે અને યજ્ઞોમાં પશુઓનો વધ કરનારા છે. તેથી રાજાએ ક્રોધિત થઈ તેઓને નગરમાંથી કાઢી મૂકાવ્યા. તે પુરુષો લોકો દ્વારા પથ્થર વગેરેથી મરાતાં મરાતાં શ્રીઋષભદેવ પ્રભુના શરણમાં આવ્યા. પ્રભુએ ભરતને કહ્યું કે ‘મા હણ, મા હણ’. ત્યારથી તેઓ ‘માહણ’ તરીકે ખ્યાત થયા. મૂળ ગાથા –

मा हणसु पुत्त! एए जं उसभजिणेण वारिओ भरहो।
तेण इमे सयले च्चिय वुच्चंति य माहणा लोए।। (४.८४)

✎ **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

# 214. नासाग्रन्यस्तदृष्टिः એટલે શું?

ધ્યાન માટે नासाग्रन्यस्तदृष्टिः એ વિશેષણ વારંવાર વપરાય છે. પ્રશ્ન એ થાય કે જો મન નાસાગ્ર માટે પ્રયત્ન કરશે તો આત્મામાં સ્થિર કેમ થશે? આનો સરસ જવાબ *શ્રીભગવદ્ગીતા*ના *શાંકરભાષ્ય*માં મળે છે –

सम्प्रेक्ष्य नासिकाग्रं। टीका – स्वं नासिकाग्रं सम्प्रेक्ष्य- सम्यक् प्रेक्षणं दर्शनं कृत्वा इव इति इव-शब्दो लुप्तो द्रष्टव्यः। नहि स्वनासिकाग्रसम्प्रेक्षणमिह विधित्सितम्। किं तर्हि? चक्षुषोर्दृष्टिसन्निपातः स चाऽन्तःकरणसमाधानापेक्षो विवक्षितः। स्वनासिकाग्रसम्प्रेक्षणमेव चेद् विवक्षितं मनस्तत्रैव समाधीयते, नाऽत्मनि।।

તાત્પર્ય – નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ રાખી હોય તેમ અન્યત્ર દૃષ્ટિ કર્યા વગર મનને આત્મામાં સ્થિર કરવું.

✒ **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

# 215. મુનિવાચક શબ્દો/વિશેષણો

(*શ્રીદેવચન્દ્રજી*-રચિત *અષ્ટપ્રવચનમાતા*ની સજ્ઝાયમાંથી ચયનિત/નિર્મિત)

<u>દુહા</u> - શ્રમણ, ચારિત્રી, મુનિવર, સાધક, પરમ અહિંસક, ભિક્ષુ, માહણ, યતિ (૮)

<u>ઢાળ - ૧</u> - સમતારસી, ગુણગેહ, મુનીશ્વર, જ્ઞાની, ધ્યાની, સ્વાધ્યાયી, અનુભવરસી, ક્ષમાવંત, દયાલુ, નિઃસ્પૃહી, તનુનીરાગ, નિર્વિષયી, ગજગતિ, મહાભાગ, પરમાનંદરસાનુભવી, નિજગુણરમી, ધીર (૧૭)

<u>ઢાળ - ૨</u> - સાધુજી, મહાવ્રતી, મૌનધારી, જગતઉપકારી, જ્ઞાનસમુદ્ર, સમતાભૃત્, સંવરદયાભંડાર, તત્ત્વાનંદઆસ્વાદી, ચરણગુણધાર, અમોહી, શુદ્ધ, નિજસાધ્યલયલીન, જ્ઞાનામૃતરસપીન(-પુષ્ટ) (૧૩)

<u>ઢાળ - ૩</u> - અણાહારી, મનમોહન, નવિપરસંગી, આત્મરતિ, વ્રતી, પરત્યાગી, સંવરી, ગુણવાન્, નીરાગ, અસંભ્રાન્ત, મૂર્ચ્છારહિત, ભ્રમરસમ, વડભાગ, તત્ત્વરુચિ, તત્ત્વાશ્રયી, તત્ત્વરસિક, નિર્ગ્રંથ, નિર્મમ, સંત, મહંત, સમતામૃતકંદ, વાચંયમી (૨૨)

<u>ઢાળ - ૪</u> - પરમઅહિંસક, જ્ઞાનસમાજ, સહજસંવેગી, ભવજલતરણ-જહાજ, આત્મતત્ત્વાભિલાષી, સિદ્ધાંતસાખી, સર્વપરિગ્રહસંગવર્જી, ધ્યાનાકાંક્ષી, અપ્રમાદ, અસંગ, પરભાવવિરત, દેહઅમોહી, અલોભી, રત્નત્રયીસંપત્ત, રજોહરણધારી, મુખવસ્ત્રાદિધર, ચોલપટ્ટગ્રહી, ઉપદેશક, નિર્મોહી, નિરાબાધ, ચિત્રાત્મપરિણતિભાવક, સમિતિપ્રકાશગ્રાહક, ગતરાગ, સંયમશ્રેણિસંચારી, કર્મકલંકહારી, સમતારસધારી, તત્ત્વરમણી, નિઃશંક, જગઉપકારી, ભવ્યતારક, લાયક, પૂર્ણાનંદી, મુનિરાજ (૩૩)

<u>ઢાળ – ૫</u> મૃદુપરિણામ, કરુણાપરિણામ, સુખદાય, સ્થિરભાવયુક્ત, સંયમશોભાસંયુક્ત, નિર્મલસંવરધારી, તનુરાગત્યાગી, ધ્યાનરસી, જ્ઞાનચરણસુપ્રસાદ, આયતિલાભપિછાણ, તપિયા, દેહઅરાગી, સંલોકાદિદૂષણપરિહારી, રાગદ્વેષવર્જી, આગમસંમતપરઠવણાકારી, યથાલંદી, ક્ષમી, મુનીશ, દ્વેષનિવારી, માદકભાવ-રહિત, સર્વવિભાવવિરામ, આત્મપરિણતિતત્ત્વમયીકારક, પરભાવપરિહારક, પંચ-સમિતે સમિત, ક્ષમાકોષ, ગતરોષ, ભાવનપાવનસંયમસાધક, ગુણગણપોષ, સાધ્યરસી, નિજતત્ત્વે તન્મયી, ઉત્સર્ગરુચિ, નિર્માયી, યોગાવંચક, ક્રિયાવંચક, ફલાવંચક, ભાવાવંચક, આણાયુત, નાણી, દર્શની, નિશ્ચયી, નિગ્રહવંત, મહંત (૪૨)

ઢાળ – ૬ મનવશી, યતિવર, જ્ઞાનનિધાન, વસ્તુધર્મચિન્તનરસી, મુનિદક્ષ, નિર્વિકલ્પઅનુભવરસી, આત્માનંદી, નિર્મળઆતમચારી, શ્રુતાલંબી, સાધ્યરસી, આત્મરુચિ, આત્માલયી, તત્ત્વાનંતધ્યાતા, સ્યાદ્વાદજ્ઞાની, તત્ત્વરમણ, ઉપશાંત, નવિ અપવાદરુચિ, શિવરસિક, અણગાર, યથાશક્તિ આગમસેવી, કર્મપ્રચારનિંદક, નિજતત્ત્વસિદ્ધ, પૂર્ણાનંદસમાજ (૨૩)

ઢાળ - ૭ સુધી, અનુભવરસાસ્વાદી, આત્મધ્યાનકારી, આત્મગુણસંપત્ત, સ્થિર, સંયમી, તત્ત્વગ્રાહી, ગુણસંચયી (૮)

ઢાળ – ૮ પરમાનંદી, અચલ, અવિકારી, સ્થિરદેહી, નિર્મલસ્થિરોપયોગી, સહાયી, ગુણઆવાસ, ખંતિધર, મુક્તિયુત, અકિંચની, ભાવશૌચમય, બ્રહ્મધર, પરિષહસહી, વીર, પરમસૌંડીર, કર્મપડલદલક્ષાયી, આત્મઋદ્ધિસમૃદ્ધ, ગુરુગુણ-વૃદ્ધ (૧૮)

કુલ – ૧૮૪

**મુનિ શ્રીદિવ્યચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## *જિજ્ઞાસા*

**? 66** આપણે ત્યાં સામાન્ય સમજણ એવી છે કે જેટલી અવિરતિ હોય, એટલો કર્મબંધ હમેશાં ચાલુ જ હોય. ૧૪ નિયમ, પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા વગેરેના પરિપ્રેક્ષ્યમાં શ્રાવકોને એવી જ સમજણ અપાતી હોય છે કે તમે ૧૪ નિયમ ગ્રહણ ના કરો તો તમને બધાં પાપો પૂરેપૂરાં ચાલુ જ છે, તમે પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા ના કરો તો પૂર્વભવમાં પણ તમે જે પાપો કર્યાં હશે, શસ્ત્રો વગેરે વસાવ્યાં હશે, એ બધાનું પાપ તમને ચાલુ જ હોય.

બીજી બાજુ મિથ્યાત્વ ગુણઠાણામાં રહેતા જીવને ક્યારેક એક જ કાયવધ ચાલુ હોય, ક્યારેક બે... યાવત્ ક્યારેક છએ કાયવધ ચાલુ હોય એવું વર્ણન ચોથા કર્મગ્રંથમાં બંધહેતુઓના વિવેચનમાં છે. (*કર્મગ્રંથ* – ૪, ગાથા – ૫૪-૫૮ *જીવવિજયજી*-કૃત ટબામાં વિશેષબંધહેતુનું વર્ણન, *રમ્યરેણુ*ના વિવેચનમાં પૃષ્ઠ - ૨૧૯)

હવે પ્રશ્ન એમ થાય છે કે ઉપરોક્ત બે નિયમ એક-બીજાથી વિપરીત બોધ કરાવે છે. જો જીવને જેટલી અવિરતિ હોય એટલો બંધ હમેશાં ચાલુ જ હોય તો મિથ્યાત્વ ગુણઠાણામાં રહેતા જીવને સંપૂર્ણ અવિરતિ હોવાના કારણે હમેશાં છએ કાયવધ ચાલુ જ રહેવા જોઈએ. ક્યારેક એક, ક્યારેક બે વગેરે કેવી રીતે સંભવી શકે? અથવા ઉપરોક્ત પહેલા નિયમ માટે કોઈ શાસ્ત્રીય આધાર ખરો?

**? 67** ૧૫ પ્રકારના યોગમાંથી એક જીવને એક સમયે એક જ યોગ બંધહેતુરૂપ હોય છે. (*રમ્યરેણુ*ના વિવેચનમાં પૃષ્ઠ - ૨૨૧) તો પ્રશ્ન એમ છે કે આપણે બોલીએ છીએ ત્યારે શું કાયયોગ બંધ થઈ જાય છે? અથવા કાયયોગ બંધ થવાનો અનુભવ તો આપણને થતો નથી તો બોલતી વખતે કાયયોગ કેમ બંધહેતુ નથી થતો? કે પછી આ કથન પ્રધાનતાની અપેક્ષાએ છે? ✎ **મુનિ શ્રીદિવ્યચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 68** *योगबिन्दु* – श्लोक - ६ में 'तत्स्वाभाव्यात्' पद है, जिसका समासविग्रह टीकाकार ने इस तरह किया है – संसारहेतुर्मोक्षहेतुश्च (स) स्वभावो ययोस्तौ (तत्स्वभावौ) तद्भावः (तत्स्वाभाव्यं) तस्मात् तत्स्वाभाव्यात्। यहाँ प्रश्न यह है कि 'तत्स्वभाव' शब्द में ट्यण् प्रत्यय लगाने पर 'तत्' में वृद्धि क्यों नहीं हुई?

**? 69** *योगदृष्टिसमुच्चय* – श्लोक - १२ में 'उच्यन्त अष्टौ' पद उतरार्ध में है, जिसका संधिविग्रह स्वयं *हरिभद्रसूरिजी* ने टीका में 'उच्यन्ते...अष्टौ' किया है। यहाँ 'एदोतः पदान्तेऽस्य लुक (१.२.२७)' सूत्र बलवान् होने से 'अ' का लोप

होना चाहिए, किंतु ग्रंथकार ने 'एदैतोऽयाय् (१.२.२३)' सूत्र से 'ए' का 'अय्' कर 'य' का लोप कैसे किया? क्या इसमें कोई अपवाद है?

? 70 *स्नातस्या०* की दूसरी थुई के अंतिम पद में 'तेषां नतोऽहं क्रमान्' वाक्य में नम्-धातु को क्त-प्रत्यय कैसे हुआ? क्त-प्रत्यय अकर्मक धातुओं से कर्तरि प्रयोग में और कर्मणि प्रयोग में सकर्मक धातुओं से ही होता है। यहाँ कर्म होने से धातु सकर्मक है, फिर भी धातु को क्त-प्रत्यय कौन से सूत्र से लगा है ?

? 71 ५वें कर्मग्रंथ की टीका में अघाती कर्म की व्याख्या इस प्रकार है – 'ज्ञान-दर्शनादि-गुणानां मध्ये न कञ्चिद् गुणं घ्नन्तीत्येवंशीला अघातिन्यः' अर्थात् ज्ञान-दर्शनादि गुणों में से किसी भी गुण को घात करने का स्वभाव नहीं हैं जिनका, ऐसी प्रकृतियों को अघाती कहा है। चार मूल प्रकृतियाँ अघाती हैं। प्रश्न यह है कि आठ कर्म के क्षय से सिद्ध भगवंतों में आठ गुण प्रगट होते हैं, यह बात प्रचलित है। तो इसका अर्थ हुआ कि चार अघाती कर्म के क्षय से भी चार गुण प्रगट होते हैं अर्थात् ये प्रकृतियाँ भी गुणों का आवरण तो करती ही हैं, जैसे – नामकर्म से अरूपित्व, आयुष्यकर्म से अक्षयस्थिति इत्यादि। इस प्रकार गुणों का आवरण करने पर भी इन प्रकृतियों को अघाती क्यों कहा जाता है?

? 72 उपक्रम लगने पर जब आयुष्य का अपवर्तन होता है, तब आयुष्य कर्म के शेष दलिक अंतर्मुहूर्त में ही उदय में आ जाते हैं, उस समय जीव के अनुभव में (सामान्य आयुष्यकर्म के उदय से) क्या अंतर होता है?

? 73 शरीर नामकर्म के उदय से शरीर की प्राप्ति होती है। इस प्रकृति का तीव्ररस उदय में हो या मंद रस उदय में हो, जीव को शरीर तो प्राप्त होने ही वाला है। तो रस की तीव्रता या मंदता से विपाक (अनुभव) में विशेष होता

है? इसी प्रकार शरीर नामकर्म जैसी अन्य अघाती प्रकृतियों में भी विचारणा कर सकते हैं।

**? 74** मन द्वारा होने वाले अवग्रहादि का वर्णन *नंदीसूत्र* में इस तरह किया गया है – "से जहानामए केई पुरिसे अव्वत्तं सुमिणं पासिज्जा, तेणं सुमिणे त्ति उग्गहिए, नो चेव णं जाणइ के वेस सुमिणे त्ति, तओ ईहं पविसइ, तओ जाणइ – अमुगे एस सुमिणे... ।।" (सू.३६) अर्थात् कोई पुरुष अव्यक्त स्वप्न देखता है, यह 'स्वप्न है' ऐसा अवग्रह हुआ, किंतु ऐसा नहीं जानता है कि यह कौन-सा स्वप्न है? फिर ईहा में प्रवेश करता है।

इसका विवरण करते हुए *मलयगिरिसूरिजी* लिखते हैं कि वह प्रतिपत्ता (अवग्रह-ज्ञान करने वाला) नहीं जानता है कि 'यह स्वप्न है', वह तो मात्र कुछ अनिर्देश्य का ही अवग्रह करता है। यहाँ 'स्वप्न है' ऐसा तो प्रज्ञापक अर्थात् सूत्रकार भगवंत कह रहे हैं। ये रहे टीकाकार के शब्द – 'स्वप्नमिति प्रज्ञापकः सूत्रकारो वदति, स तु प्रतिपत्ता स्वप्नादि-व्यक्तिविकलं किञ्चिदनिर्देश्यमेव तदानीं गृह्णाति...।।" (*नंदीसूत्र* – सूत्र - ३६ की टीका)।

यहाँ प्रश्न यह है कि मनोवर्गणा के पुद्गलों के आकार की रचना पहले ही हो जाती है, फिर उसके अवग्रह-ईहादि होते हैं, अथवा इस अवग्रहादि की प्रक्रिया के दौरान ही मनोवर्गणा के आकार की रचना भी चालू रहती है?

यहाँ 'पहले आकार की रचना, फिर अवग्रहादि' ऐसा पहला विकल्प ही अधिक उचित लग रहा है, किंतु पुनः प्रश्न होगा कि पहले आकार की रचना कैसे हुई? क्या उसे मनोयोग = मन का व्यापार मान सकते हैं?

✍ **मुनि श्रीगोयमचन्द्रविजयजी** (डहेलावाला-समुदाय)

# *સમાધાન*

**? 46** *तत्त्वार्थसूत्र* अनुसार विजयादि चार विमानों में उत्कृष्ट स्थिति ३२ सागरोपम ही होती है – "विजयादिषु चर्तुष्वपि... द्वात्रिंशत्" (सूत्र - ४/३८ स्वोपज्ञभाष्य) । इस मत से मतिज्ञान, सम्यग्दर्शनादि की उत्कृष्ट स्थिति साधिक ६६ सागरोपम कैसे घटेगी? "दो वारे विजयाईसु..." पाठ के आधार पर दो बार विजयादि में जाने पर ६४ सागरोपम ही होंगे । (अर्थात् अच्युत कल्प में तीन बार जन्म लेकर ही घटेगी, विजयादि में नहीं ।)

**@** *અકલંકદેવ*-કૃત *તત્ત્વાર્થવાર્તિક* (- *રાજવાર્તિક*) માં નવ ગ્રૈવેયક બાદ નવ અનુદિશ વિમાનોનું પણ ગ્રહણ કર્યું છે – **नवशब्दस्य वृत्त्यकरणमनुदिश-सूचनार्थम्।।** (૪.૧૯.૫) અર્થાત્ **सौधर्मेशान०** સૂત્રમાં **नवषु** પદનું બે રીતે ગ્રહણ થશે. **नवषु** પદને ગ્રૈવેયક સાથે જોડતાં નવ ગ્રૈવેયક સૂચિત થશે. પરંતુ એમ ન જોડીએ તો **नवषु** પદ સ્વતંત્ર રીતે અનુદિશ વિમાનોનું સૂચક થશે. અને એટલે **आरणाच्युता०** સૂત્રમાં સ્થિતિ ૧-૧ સાગરોપમ અધિક કરતાં **विजयादिषु द्विचरमाः** અનુદિશ વિમાનોમાં ૩૨ સાગરોપમ સ્થિતિ થશે. અને વિજયાદિ ૪ માં જઘન્યથી ૩૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ સ્થિતિ થશે. જ્યારે સર્વાર્થસિદ્ધમાં ફક્ત ૩૩ સાગરોપમ સ્થિતિ કહેવાઈ છે. જેથી **विजयादिषु द्विचरमाः** સૂત્રના આધારે બે વાર વિજયાદિમાં જવામાત્રથી ૬૬ સાગરોપમ ઘટી શકે છે.

પરંતુ આ માન્યતા દિગંબર સંપ્રદાયની જ છે. સ્વોપજ્ઞભાષ્યમાં તો અનુદિશ વિમાનોનો ઉલ્લેખ નથી. અને વિજયાદિ ૪ ની સ્થિતિ ૩૨ સાગરોપમ જ છે. માટે તે મુજબ બે વાર વિજયાદિ ૪ માં જવાથી પણ ૬૪ સાગરોપમ જ થાય છે.

**મુનિ શ્રીસૌમ્યચન્દ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**? 58** १५ प्रकार के योग में से एक जीव को एक समय में एक ही योग होता है। (*रम्यरेणु* का विवेचन – पृष्ठ - २२१) तथा ५ इन्द्रिय में से किसी एक इन्द्रिय की ही अविरति होती है। (*कर्मग्रंथ* ४ – गाथा - ५४-५८ *जीवविजयजी* कृत टबा, *रम्यरेणु*

का विवेचन – पृष्ठ - २१९) यहाँ मन की अविरति पाँचों इन्द्रिय के साथ अनुस्यूत समझना है। तो जिस समय जीव को कोई काययोग अथवा वचनयोग होगा, तब मन की अविरति अनुस्यूत कैसे होगी?

**? 59** जब वचनयोग होगा तब इन्द्रिय तथा मन की अविरति कैसे होगी अथवा कौन-सी इन्द्रिय की अविरति होगी?

**@** ઇંદ્રિયનો સૌપ્રથમ પદાર્થ સાથે વ્યંજનાવગ્રહ થાય છે ત્યારે જીવ કાયયોગમાં વર્તતો હોય છે. તે સમયે તેમાં મન જોડાયેલું હોતું નથી. હવે જ્યારે અર્થાવગ્રહાદિ થશે ત્યારે કાયયોગમાંથી જીવ મનોયોગમાં પ્રવૃત્ત થશે. અને ત્યારે રાગદ્વેષાદિ ભાવો ભળશે, તે જ જે તે ઇંદ્રિય તથા મનસંબંધી અવિરતિ થશે.

આ જ વાતને દૃષ્ટાંતથી જોઈએ. જ્યારે જીવને ખાવાની ઇચ્છા થઈ. તે મનોયોગ અને તે સાથે જ રસનેંદ્રિય અને મન સંબંધી અવિરતિ થઈ. હવે તેને માટે હાથ વગેરે અંગોને પ્રવૃત્ત થવાની આજ્ઞા પૂર્વે મન દ્વારા જ થઈ જાય છે. એટલે જ્યારે હાથ પ્રવૃત્ત થાય ત્યારે મનોયોગ હોતો નથી, ફક્ત કાયયોગ હોય છે અને ત્યારે ઇંદ્રિય કે મન સંબંધી અવિરતિ પણ હશે નહીં.

વચનયોગમાં પણ તે જ રીતે, જ્યારે બોલવાની ક્રિયા થાય છે ત્યારે વચનયોગ અને મનોયોગ સતત બદલાતા રહે છે અને જ્યારે મનોયોગ હોય છે ત્યારે જ ઇંદ્રિય અને મન સંબંધી અવિરતિ છે. શેષ કાળમાં આરંભજન્ય અવિરતિ ન માનતાં સંકલ્પજન્ય અવિરતિ માનવી જોઈએ.

**✎ મુનિ શ્રીસૌમ્યચન્દ્રવિજયજી (શ્રીનેમિસૂરિજી-સમુદાય)**

**? 23** જેમ મનુષ્યનાં ચૌદ અશુચિસ્થાનોમાં સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે તેમ પંચેંદ્રય તિર્યંચનાં અશુચિ સ્થાનોમાં સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચો ઉત્પન્ન થાય ખરા?

@ પંચેંદ્રિય તિર્યંચોનાં અશુચિસ્થાનોમાં સંમૂર્છિમ જીવો ઉપજે છે, પણ કાળ થોડોક ભિન્ન છે. ગાયના મૂત્રાદિમાં ૨૪ પ્રહર પછી, ભેંસના મૂત્રાદિમાં ૧૬ પ્રહર પછી, બકરીના મૂત્રાદિમાં ૧૨ પ્રહર પછી અને ગાડરીના મૂત્રાદિમાં ૮ પ્રહર પછી સંમૂર્છિમ જીવો ઉપજે છે. મનુષ્યોની જેમ અંતર્મુહૂર્ત પછી તરત સંમૂર્છિમ જીવો ઉપજે તેવો નિયમ આ બાબતમાં નથી. (આધાર – *સજ્જન સન્મિત્ર*, મહાનિધિ – ૬, પૃષ્ઠ – ૮૪૪, સૂતક વિચાર સંબંધ)

**મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

**? 30** વાંચનમાં સર્વ સ્થાને ભગવાનને અથવા ગુરુને વંદન કરવાનો પાઠ तिक्खुत्तो आयाणं વગેરે આવે છે. તો આપણે ત્યાં ક્યારથી બદલાયું? એ વિધિ શા માટે બદલવી પડી?

@ *શ્રીરત્નશેખરસૂરિજી*-કૃત *શ્રાદ્ધવિધિપ્રકરણ*માં પ્રકાશ – ૧, ગાથા - ૬ ની ટીકામાં જણાવ્યું છે કે શ્રાવકે દેશના શ્રવણ કર્યા બાદ ગુરુને સુખશાતા પૂછવી જોઈએ, અને એ માટે શ્રાવક નીચે પ્રમાણે કહે છે - तथा पृच्छति यतिकृत्यनिर्वाहं - यथा निर्वहति युष्माकं संयमयात्रा? सुखरात्रिर्भवतां? निराबाधाः शरीरेण यूयं? न बाधते वः कश्चिद् व्याधिः? न योग्यः किमपि? वैद्यादेः वः प्रयोजनं किञ्चि-दौषधादिना? नार्थित्वं किञ्चित् पथ्यादिना इत्यादि। एवंप्रश्नश्च महानिर्जरा-हेतुः। प्राग्वन्दनावसरे सामान्यतः "सुहराई सुहतप सरीर निराबाधे"त्यादि प्रश्नकरणेऽपि विशेषेणाऽत्र प्रश्नः सम्यक्स्वरूपपरिज्ञार्थस्तदुपायकरणार्थश्च।।

આમાં પૂર્વે પણ પ્રશ્ન થવાનું જણાવ્યું છે. આથી આટલું તો સ્પષ્ટ છે કે " ઇચ્છકાર સુહરાઈ" ઇત્યાદિ સુધીની ગુરુવંદનવિધિ *શ્રીરત્નશેખરસૂરિજી*ના કાળમાં વિદ્યમાન હતી.

**મુનિ શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**? 17** અષ્ટાપદ પર્વત પર સર્વે પરમાત્મા કાઉસ્સગ્ગધ્યાનની અવસ્થામાં છે કે અલગ અવસ્થામાં ? જો કાયા પ્રમાણે ગણીએ તો કાઉસ્સગ્ગધ્યાનની અવસ્થામાં હોય એવું વધારે સંગત લાગે.

**@** *અનુસંધાન* ૭૧ (ડૉ. મધુસૂદન ઢાંકી વિશેષાંક) – પૃષ્ઠ – ૧૨૬ માં *અષ્ટાપદ તીર્થ - ભરતચક્રવર્તી ઋદ્ધિ સ્તવન* આપવામાં આવ્યું છે. તેમાં સામાન્યથી એવો ઉલ્લેખ છે કે અષ્ટાપદ ઉપર સર્વે પરમાત્મા કાઉસ્સગ્ગ અવસ્થામાં નહિ, પરંતુ પદ્માસનસ્થ છે –

પૂરવદિસિ દોઈ જીનવર જેન,
દક્ષિણ ઓલિ ચ્યારિ બેઠા, દીઠા પશ્ચિમ આઠ ।
ઉત્તરદિસિ દિ(દ)સિસું ચુવીસઈ,
આદિ અજીત રતનઈ બાવીસઈ, વીસઈ વસ્યા ન ઘાટ (?) ।।૯।।

✒ **મુનિ શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## પત્રચર્ચા

**74. ✉ (🔗 ∑ 180 પ્રભુવીર જીવન મતાંતર)**

ચંદનબાળાના પ્રસંગમાં વાત આવે છે કે ધનાવહ શ્રેષ્ઠી ચંદનાને ત્રીજા દિવસે બહાર કાઢે છે અને ત્યારે પ્રભુનું અને ચંદનબાળાનું પણ પારણું થાય છે. એટલે આમ તો ચંદનબાળાને છટ્ઠ થયો એવું જ આના પરથી ફલિત થાય. પણ ચંદનબાળાને છટ્ઠ હતો કે અટ્ઠમ તે સંબંધે વિભિન્ન ગ્રંથોમાં વિભિન્ન પ્રતિપાદનો જોવા મળ્યાં. અમુક ઠેકાણે ત્રીજા દિવસે કે ચોથા દિવસે બહાર નીકળવાનો ઉલ્લેખ છે, તો અમુક સ્થળે સ્પષ્ટ છટ્ઠ કે અટ્ઠમનો જ નિર્દેશ છે, જ્યારે અમુક ગ્રંથોમાંથી સ્પષ્ટ રીતે કોઈપણ નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ જણાય છે. ક્યાંક એક જ કર્તાએ છટ્ઠ અને અટ્ઠમ એમ બે પરસ્પર વિરોધી વિધાનો પણ કર્યાં છે. –

साहह मा भे मारह, ताहे थेरदासी एक्का, सा चिंतेइ – किं मे जीविएण? सा जीवउ वराई, ताए कहियं – अमुयघरे, तेण उग्घाडिया।। (- *આવશ્યકસૂત્રની ચૂર્ણિ, હારિભદ્રી* વૃત્તિ, *મલયગિરીયા* વૃત્તિ, *ઉપદેશમાલા – હેયોપાદેયા* વૃત્તિ)

तइय दियहे कुद्धो पुच्छइ परियणं – साहह, नो भे मारीहामि...।। (- *શ્રીવર્ધમાનસૂરિજી*-રચિત *મનોરમાકથા*)

अवीक्ष्याऽह्नि तृतीयेऽपि तामुत्कण्ठीं धनावहः।
जगौ जनान् कुतोऽप्याशु समानयत चन्दनाम्।।
चन्दनाऽप्युत्थिता दध्यौ कथं षष्ठस्य पारणे।
असंविभज्य भुञ्जेऽहमित्यक्षि बहिरक्षिपत्।। (- *ઉપદેશમાલા – કર્ણિકા* વૃત્તિ – ૧૦૬૦, ૧૦૬૬, પાઠ આપનાર – મુનિ શ્રીસિદ્ધાંતચન્દ્રવિજયજી (- શ્રીનેમિ-સૂરિજી-સમુદાય)

तृतीयदिने श्रेष्ठिना क्रुद्धेन पृष्टं, तदैकया वृद्धभोजनकारिकया मूलायाः सर्वा वार्ता प्रकाशिता।। (- *શ્રીદેવેંદ્રસૂરિજી*-રચિત *દાનાદિકુલકસંગ્રહ*)

तइयदिणे सेट्ठी निब्बंधेण पुच्छइ, एगाए थेरीए भणियं...।। (- *શ્રીજિનેંદ્ર-સૂરિજી*-રચિત *કથાકોશ*)

तइयदिणे य अच्चंतमाउलचित्तस्स आपुच्छमाणस्स वि पुणो पुणो जाव न कोई साहेइ ताव जाया से आसंका...।। (*શ્રીગુણચન્દ્રસૂરિજી*-રચિત *મહાવીરચરિત્ર*)

एवं त्रयो दिवसा जाताः। चतुर्थे दिवसे केनाऽपि प्रातिवेश्मिकेन श्रेष्ठिने निवेदितं – वसुमती क्व गता?।। (*ઉપદેશમાલા – શ્રીરામવિજય ગણિ* રચિત વૃત્તિ)

एवं दिने चतुर्थेऽपि चन्दनाया अदर्शने।
शङ्काकोपाकुलः श्रेष्ठी प्रोचे परिजनं ततः।।
इदानीमष्टमस्याऽपि पारणे दुर्दशावशा।
हा हा निष्पुण्यका भोक्ष्ये संविभागं विनाऽपि किम्।। (- *શ્રીચન્દ્રપ્રભ-સૂરિજી*-રચિત *શ્રીતિલકસૂરિજી*-રચિત વૃત્તિયુક્ત *સમ્યક્ત્વપ્રકરણ* – ૬૪, ૮૦)

जाणइ नही दिवस नइ रयणी झरतउ नीर निवारि नयणि।
चंदनबाला मंत्र मनि जपइ त्रिहुं उपवासे कर्म ज खपइ।।

तदाऽष्टमतपःपारणे चन्दनबालाऽतिथिसमागमं यावद् वाञ्छति तावद्...।। (*શ્રીશુભશીલ ગણિ* રચિત *શ્રીભરતેશ્વર-બાહુબલી*-वृत्ति)

तइयदिणे परिकुविओ भणइ य मारेमि जइ न साहेह।
ताहे एगा थेरी चिंतइ किं मज्झ जीएणं।।
जइ कोइ एज्ज अतिही ता अट्ठमपारणं करेमि अहं।
एए च्चिय कुम्मासे दाउमवत्थोचिए तस्स।। (*શ્રીનેમિચન્દ્રસૂરિજી*-રચિત *મહાવીરચરિત્ર* – ૧૩૦૩, ૧૩૧૫)

अण्णम्मि दिणे णिब्बंधेण पुच्छमाणस्स 'किं मह मूला करिस्सइ?'...।। (- *શ્રીશીલાંકાચાર્ય*-રચિત *ચઉપન્નમહાપુરુસચરિયં*)

एवमेव तृतीयेऽपि विगते खलु वासरे।
चतुर्थे च समायाते श्रेष्ठिनाऽकारि निश्चयः।।
धन्याऽहं कृतपुण्याऽहं कृतार्था कृतलक्षणा।
यथा ममाऽष्टमस्यान्ते आजगाम महामुनिः।।
षष्ठस्य[3] पारणे मेऽद्य कुल्माषाः समुपस्थिताः।
बुभुक्षाबाधिता बाढं तदेतानपि पारये।। (- *શ્રીવર્ધમાનસૂરિજી*-રચિત સ્વોપજ્ઞવૃત્તિયુક્ત *ધર્મરત્નકરંડકપ્રકરણ* – ૭૫, ૧૩૪, ૯૩)

આ સિવાય *શ્રીસોમપ્રભાચાર્ય*-રચિત *કુમારપાલપ્રતિબોધ* જેવા ગ્રંથોમાં પણ છટ્ઠની જ વાત છે. તો *કલ્પસૂત્ર*ની *સુબોધિકા*વૃત્તિમાં 'ચોથો દિવસ' એ શબ્દથી અટ્ઠમ સમજાય છે. ✍ **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

75. ✉ (🔗 ∑ 180 **પ્રભુવીર જીવન મતાંતર**)

અત્યારે વધુ પ્રચલિત કથાનક મુજબ અભિગ્રહની અન્ય બધી જ શરતો પૂર્ણ થતી હોવા છતાં પણ ચંદનબાળાની આંખમાં આંસુ ન હોવાના એકમાત્ર કારણથી પ્રભુ વીરે તેના હાથે ભિક્ષા ગ્રહણ ન કરી અને ત્યાંથી પ્રસ્થાન કર્યું. પરંતુ ત્યારબાદ પ્રભુના આવી રીતે જતા રહેવાથી શોકાકુળ થયેલી ચંદનબાળાના રડવાનો અવાજ સાંભળીને પ્રભુ પરત આવ્યા અને તેના હાથે અડદનાં બાકળાં વહોર્યાં.

---

[3] આનો અર્થ ત્રણ દિવસમાં ૬ વખત ભોજનનો ત્યાગ એવો (સામાન્ય પરિભાષાથી વિરુદ્ધ જઈને) કરીએ તો અઠ્ઠમનું કથન પણ સમજી શકાય.

પરંતુ આ સંબંધે વિવિધ ગ્રંથો તપાસતાં ધ્યાન પર આવ્યું કે મહત્તમ શાસ્ત્રગ્રંથો 'પ્રભુ વીરના આવતાં પૂર્વે જ ચંદનબાળા પોતાની દુઃખી અવસ્થાને લીધે રડતી હતી' એવું જણાવે છે –

ताहे सा हत्थिणी जहा कुलं संभरिउमारद्धा एलुगं विक्खंभइत्ता तेहिं पुरओकएहिं हिययब्भंतरओ रोवति, सामी य अलियओ, ताए चिंतियं – सामिस्स देमि।। (- *આવશ્યકસૂત્ર*ની *ચૂર્ણિ, હારિભદ્રી* વૃત્તિ, *મલયગિરીયા* વૃત્તિ, *ઉપદેશમાલા – હેયોપાદેયા* વૃત્તિ)

इय णिययावत्थं णिंदिऊण सुकुलुग्गयं च सविसेसं।
पुणरुत्तणेंतबाहंबुणिब्भरं रुयइ सा बाला।। (- *શ્રીશીલાંકાચાર્ય*-રચિત *ચઉપ્પન્નમહાપુરુસચરિયં* - ૨૪૯)

परुमुण्डितमुण्डां च भिक्षुकीमिव चन्दनाम्।
अश्रुपूरितनेत्राब्जामीक्षाञ्चक्रे धनावहः।। (- *ત્રિષષ્ટિ૦* – ૧૦.૪.૫૬૬)

सा तयवत्था सुमरिय पिउगेहं हत्थिणि व्व नियजूहं।
मुत्ताहलसरिसाइं रोयइ अंसूइं मुयमाणी।। (*શ્રીનેમિચન્દ્રસૂરિજી*-રચિત *મહાવીરચરિત્ર* - ૧૩૧૧)

चंदणा वि करिणि व्व विंझं पिउहरं सुमरिउं रोयइ ईईसी मम अवत्था दहिवाहणधूयाए वि होऊण।। (- *શ્રીજિનેંદ્રસૂરિજી*-રચિત *કથાકોશ*)

तओ दट्ठूण उच्छंग-गय-सुप्पकोण-कय-कुम्मासे अहिणवालाण-बद्ध-करि व्व विंझं नियकुलं सरिऊण रोविउमारद्धा।। (- *શ્રીવર્ધમાનસૂરિજી*-રચિત *મનોરમાકથા*)

तत्तद्बद्धं गृहद्वारं द्रागुद्धाट्य धनावहः।
रुदतीं क्षुत्पिपासार्तां दीनां चैक्षत चन्दनाम्।। (- *ઉપદેશમાલા – કર્ણિકા* વૃત્તિ - ૧૦૬૩)

मग्ना दुःखार्णव इव रुदत्यश्रुजलाविला।
दर्शं दर्शं च तन्माषान् पुनरेवं व्यभावयत्।।
नोल्लङ्घ्य देहलीं गन्तुं चन्दना निगडैः क्षमा।
तत्रस्थैवाऽद्भुताभक्तिः स्वामिनं स्माऽऽह सार्द्रदृक्।। (- *શ્રીચન્દ્રપ્રભ-સૂરિજી*-રચિત *શ્રીતિલકસૂરિજી*-રચિત વૃત્તિયુક્ત *સમ્યક્ત્વપ્રકરણ* – ૭૮,૧૧૬)

कुत्र सर्वोत्तमं पात्रं क्क च दातव्यमीदृशम्।
इति साश्रु सखेदं च चन्दना गद्गदस्वरम्।। (- *શ્રીવર્ધમાનસૂરિજી*-રચિત સ્વોપજ્ઞવૃત્તિયુક્ત *ધર્મરત્નકરંડકપ્રકરણ* - ૧૩૭)

इय दुव्वहसोगभरावरुद्धकंठक्खलंतवयणा सा।
निवडंतसलिलबाहप्पवाहधोयाणणा बाला।।
तण्हाछुहाकिलामियकवोलमह पाणिपल्लवे ठविउं।
वयणं खणंतरं रोविऊण दीहं च नीससिउं।। (*શ્રીગુણચન્દ્રસૂરિજી*-રચિત *મહાવીરચરિત્ર* – ૪,૫)

આ સિવાય *શ્રીસોમપ્રભાચાર્ય*-રચિત *કુમારપાલપ્રતિબોધ* જેવા ગ્રંથોમાં પણ ચંદનબાળા પહેલેથી જ રડતાં હતાં તેવી વાત છે. પરંતુ બહુ જ થોડા ગ્રંથોમાં પ્રભુના જતા રહેવાથી આંસુ આવ્યાં તેવી પણ વાત જોવા મળે છે –

बुभुक्षिता सत्यपि रोदनं न करोति, ततः स्वामिना करो न प्रसारितः, तदा अहो ममाऽभागिन्या हस्तादयं मुनिरप्याहारं न गृह्णातीति चिन्तयन्ती सा रुदनं चकार।। (- *શ્રીદેવેંદ્રસૂરિજી*-રચિત *દાનાદિકુલકસંગ્રહ*)

मदीयोऽभिग्रहः संपूर्णः, परं सा रुदती नास्ति, अतो न गृह्णामीति बुद्ध्या पश्चाद् वलितो भगवान्। तदा वसुमत्यश्रुजलाविललोचना चिन्तयति – धिग् मन्दभाग्याऽहं मद्गृहमागतोऽपि भगवान् मामवधृत्य गतः, तदा भगवताऽभिग्रहं पूर्णं जातं दृष्ट्वा पश्चाद् वलित्वा माषभिक्षा गृहीता।। (*ઉપદેશમાલા* – *શ્રીરામવિજય ગણિ* રચિત વૃત્તિ)

આમ છતાં અનેક રીતે વિચારતાં ચંદનબાળાની આંખમાં આંસુ પહેલેથી જ હતાં એમ માનવું વધુ ઉચિત જણાય છે.

**✒ મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી (શ્રીકેસરસૂરિજી-સમુદાય)**

76. ✉ (🔗 @ 49 **વીરાસનાદિ આસનોમાં વિશેષ**)

वीरासणं तु सीहासणे व जह मुक्क जणुकणिविट्ठो।
दंडे लगंडउवमा आयतखुज्जा य दुण्हं पि।।

વીર પુરુષો જવલ્લે જ જે આસન કરી શકે તે વીરાસન મુદ્રા. સિંહાસન ઉપર ભૂમિ પર પગ અડે એવી રીતે બેસે અને સિંહાસન ખસેડી દેવામાં આવે છતાં મુદ્રા ન

બદલાય તે વીરાસન કહેવાય. એટલે કે આલંબન વિના પણ સિંહાસન પર બેઠેલ વ્યક્તિની જેમ અતિદુષ્કર એવું સાહસિક વ્યક્તિનું જે આસન તે વીરાસન મુદ્રા.

આ સિવાય પૂજ્ય *પંન્યાસપ્રવર શ્રીઅભયસાગરજી મહારાજે* યતિદિનચર્યા પર આપેલી વાચનામાંથી –

काऊण वामजाणुं हिट्ठा उड्ढं च दाहिणजाणुं।
सुतं भणंति सम्मं करजुयपुत्तिरयहरणा।।

વિશેષ વિસ્તારથી પ્રતિક્રમણ કરવા પાછળની પ્રમાર્જનાપૂર્વક અવગ્રહની બહાર જાય અને ઈષ્વાસન મુદ્રાએ બેસી વિધિપૂર્વક પ્રતિક્રમણસૂત્ર કહે. ઈષુ એટલે બાણ. બાણ મારવા માટે જેમ વીર પુરુષો બેઠા હોય તે રીતે ઈષ્વાસને બેસે.

ડાબા પગને નીચો રાખી અને જમણા પગને ઊંચો રાખી ઓઘો-મુહપત્તિ હાથમાં રાખી પ્રતિક્રમણસૂત્ર કહે. વીરાસનમાં જમણો પગ ઊભો, ડાબો પગ નીચે એમ મુખ્ય છે. પણ, વીરાસન મુદ્રા પાંચ પ્રકારે થાય છે. તેમાં પ્રતિક્રમણસૂત્રની 'ઈષ્વા-સન' મુદ્રા છે. તેમાંય અપ્રમત્તભાવ કેળવવા ડાબા પગના ઢીંચણને જમીનથી બે આંગળ અને જમણા પગના ઢીંચણને છ આંગળ ઊંચો રાખે. તેમાં હાથની યોગમુદ્રા જાળવે. ✍ **મુનિ શ્રીતારકચન્દ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

**77-78. ✉ (🔗 ∑ 73 સાંવત્સરિક પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગ ૧૬૦ નવકારનો હોય કે ૧૬૧ નવકારનો?)**

પ્રસ્તુત લેખમાં જણાવાયું છે કે "લોગસ્સ ન આવડતો હોય તેને ૪ નવકારનો કાયોત્સર્ગ કરાવાય છે. ત્યાં શ્વાસોચ્છ્વાસ પ્રમાણે નવકાર નથી ગણવાના, પણ એક લોગસ્સ એટલે ૪ નવકાર એમ સામાન્યથી જ ગણતરી સમજવાની છે". આ જ વાતને સમર્થન આપતો પાઠ *સેનપ્રશ્ન*માં પણ જોવા મળે છે. ત્યાં પ્રશ્ન પૂછાયો છે કે "જેને અતિચારની ૮ ગાથા નથી આવડતી તેને ૮ નવકારનો કાયોત્સર્ગ કરવાનું વિધાન છે, પણ ૮ ગાથાના અને ૪ નવકારના શ્વાસોચ્છ્વાસ તો સરખા જ થાય છે. તો

પછી ૪ નવકારનો જ કાયોત્સર્ગ કેમ નથી કરાવાતો?" આ પ્રશ્નના જવાબમાં જણાવાયું છે કે **यस्याऽष्टौ गाथा नाऽऽयान्ति तस्याऽष्टनमस्कारकायोत्सर्गः कार्यते, न तूच्छ्वासमानम्।।** "જેને ૮ ગાથા નથી આવડતી તેને ૮ નવકારનો જ કાયોત્સર્ગ કરાવાય છે, ત્યાં શ્વાસોચ્છ્વાસનું માપ નથી જોવાતું." આના આધારે સમજી શકાય કે લોગસ્સ ન આવડે તેને સામાન્યથી જ ૧ લોગસ્સ એટલે ૪ નવકાર એમ કાયોત્સર્ગ કરાવવાનો હોય છે, શ્વાસોચ્છ્વાસની ગણતરી ત્યાં પણ કરવાની હોતી નથી. **મુનિ શ્રીશ્રુતાંગચન્દ્રવિજયજી (શ્રીનેમિસૂરિજી-સમુદાય)**

આ લેખમાં મુનિશ્રી એમ જણાવે છે કે "સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ અને ઉપર એક નવકારનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે અને લોગસ્સ ન આવડે તો ૧૬૧ નવકારનો કાઉસ્સગ્ગ પરંપરાથી કરાવાય છે. હમણાં કેટલેક ઠેકાણે ૧૬૦ નવકારનો કાઉસ્સગ્ગ કરાવાતો હોવાનું જાણવા મળ્યું..."

આ બાબતમાં વડીલો, ગુરુભગવંતો તેમજ અન્ય સમુદાયના ગુરુભગવંતો આદિને પૃચ્છા કરતાં ક્યાંય પણ ૪૦ લોગસ્સ અને એક નવકારના સ્થાને ૧૬૧ નવકારનો કાઉસ્સગ્ગ કરાવાતો હોવાનું જાણવા કે સાંભળવા મળ્યું નથી. અર્થાત્ પરંપરાથી ૧૬૧ નવકારને બદલે ૧૬૦ નવકાર જ કરાવાય છે અને કેટલેક ઠેકાણે જ ૧૬૧ નવકારનો કાઉસ્સગ્ગ કરાવાતો હશે એમ એમના લેખના વાંચન પછી જ ખ્યાલ આવ્યો છે. ભારતનાં વિધ-વિધ રાજ્યોનાં અનેક શહેરોના સંઘોમાં ચાતુર્માસ એવં પર્યુષણપર્વની આરાધનાર્થે જવાનું થયું છે તે તે શ્રીસંઘોમાં પણ ક્યાંય પરંપરાથી ૧૬૧ નવકારનો કાઉસ્સગ્ગ કરાવાતો હોય એમ જાણ્યું કે સાંભળ્યું નથી.

આ સંબંધમાં એ લેખમાં મુનિશ્રીએ જે થોડીક ચર્ચા કરી છે તેના આધારે જ વિચાર કરીએ તો ૪૦ લોગસ્સ અને ૧ નવકારના ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસ થાય છે અને ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગમાં નવકાર તો ૧૨૬ જ થાય. તો પણ જેમ ૧ લોગસ્સના સ્થાને ૪ નવકાર છે તેમ જ અહિંયા પણ ૪૦ લોગસ્સ અને ૧ નવકારના સ્થાને જ ૧૬૦ નવકારની ગણતરી પરંપરાથી કરવામાં આવે છે. એમ

વડીલો પાસેથી જાણવા મળ્યું છે. એટલે કે ૧૬૦ નવકારમાં જે ૮ શ્વાસોચ્છ્વાસમાનવાળો મંગલનો એક નવકાર ગણવાનો છે તે તો આવી જ જાય છે. પછી તે એક નવકારને ૧૬૦ ની વિધિથી અલગ કરી ૧૬૧ નવકાર ગણવારૂપે અતિવિધિમાં સ્થાન આપવું ઉચિત જણાતું નથી. *પ્રવચનસારોદ્ધાર* આદિમાં તેમજ મુનિશ્રીએ જણાવેલ શાસ્ત્રપાઠોમાં ૪૦ લોગસ્સ અને ઉપર એક મંગલ માટે ગણાતો નવકાર એનું સંયુક્ત માપ ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસ થાય છે. એ બન્નેને ધ્યાનમાં રાખીને વિચારતાં અલગથી ૧ નવકાર અધિક ગણવાની જરૂર જણાતી નથી. એમ વડીલો પાસેથી જાણવા મળ્યું છે. તેમ છતાંય આ ૧૬૧ નવકારની વડીલોના જાણવા મુજબ તો નૂતનવિધિ ક્યાં ચાલી રહી છે? તે જણાવવા કૃપા કરશો.

✍ **મુનિ શ્રીશીલચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

[અમારા નેમિસૂરિજી-સમુદાયમાં બે પરિપાટી પ્રવર્તે છે. કેટલાક ૧૬૦ નવકાર ગણવાનું સ્વીકારે છે, તો કેટલાકના અભિપ્રાય પ્રમાણે ૪૦ × ૪ = ૧૬૦ અને ઉપરનો એક મંગલનો નવકાર તેમાં ઉમેરવાનો હોય એમ ૧૬૧ નવકાર ગણવા જોઈએ. ગીતાર્થ આચાર્ય ભગવંતોના મુખે આ સાંભળ્યું અને જાણ્યું છે, તેમ જ પૂજ્ય ઉદયસૂરિજી, નંદનસૂરિજી, વિજ્ઞાનસૂરિજી, કસ્તૂરસૂરિજી મ. જેવા ગીતાર્થ વડીલોએ આચરેલી આ વાત છે. તેથી તેને અતિવિધિ કે નૂતનવિધિ કહેવાનું મન ન થાય. બધા સમુદાયોને તે સંમત ન હોય કે ન થાય તે તો બની જ શકે. ✍ त्रै.]

79. ✉ (🔗 ∑ 4 **વાસુપૂજ્યસ્વામીના લગ્ન ન કરવા અંગે એક ઉલ્લેખ**)

આ અંગે એક નવો જ ઉલ્લેખ *શ્રીવલ્લભ ઉપાધ્યાય* રચિત *દેવાનંદ-મહાકાવ્ય*માં મળે છે –

त्रयोविंशतिरर्हन्तः परिणीतवरस्त्रियः।
संजातानेकपुत्राश्च प्रान्ते प्रापुः शिवश्रियम्।।

આમાં ૨૩ તીર્થંકરોએ લગ્ન કરીને દીક્ષા લીધી હોવાનો ઉલ્લેખ છે. આપણે ત્યાં ૧૯, ૨૦ અથવા ૨૨ તીર્થંકરોએ લગ્ન કરીને દીક્ષા લીધી હોવાના મત પ્રચલિત છે. પરંતુ ૨૩ તીર્થંકરોએ લગ્ન કરીને દીક્ષા લીધી હોવાનો ઉલ્લેખ અન્યત્ર ક્યાંય પ્રાયઃ નથી મળતો. એટલે આ ઉલ્લેખ અનાભોગજન્ય જ લાગે છે. ✍ त्रै.

[આધાર – *નિબંધનિચય, મુનિ શ્રીકલ્યાણવિજયજી*]

80. ✉ (📎 @ 42 इन्द्रिय के विषय बद्ध कैसे)

**श्रुतसंविभाग** - ૧૩ માં મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજીએ જિજ્ઞાસા – ૭૨ ના સમાધાનમાં ફોરેન્સિક-પદ્ધતિનો દાખલો આપીને, ત્વગિન્દ્રિય સાથે જેનો સંયોગ થાય છે તે પદાર્થના પુદ્ગલો ત્વગિન્દ્રિય સાથે એકમેક થાય જ છે અને તેથી ત્વગિન્દ્રિય બદ્ધ પુદ્ગલોનો જ બોધ કરે છે – આવું જણાવ્યું છે. આ વાતથી સાવ વિપરીત વૈજ્ઞાનિક માન્યતાનો દાખલો *મુનિશ્રી અમરેન્દ્રવિજયજી* પોતાના પુસ્તક विज्ञान और अध्यात्म માં આપે છે. જુઓ –

वैज्ञानिक कहते हैं कि हमें ठोस लग रही इन वस्तुओं के अणु भी आपस में सट कर रहे हैं ऐसा नही, पर परस्पर आकर्षण-प्रभावक्षेत्र (FORCE – FIELD) के कारण वें अपने अपने स्थान पर रहते हैं। हम जब पुस्तक का स्पर्श करते हैं तब हमारे हाथ के अणु और पुस्तक के अणु एक-दूसरे का सचमुच स्पर्श तो करते ही नहीं है। किन्तु हमारे हाथ के और पुस्तक के अणुओं के प्रभावक्षेत्र ही परस्पर को प्रभावित करते हैं।

આ રીતે જોવા જઈએ તો આપણી ત્વચા કોઈ વસ્તુને અડકતી નથી. તેવી વૈજ્ઞાનિક માન્યતા હોવાથી તેના આધારે ત્વચાનું બદ્ધ-સ્પૃષ્ટ-ગ્રાહકપણું ઘટાવી ન શકાય. ફોરેન્સિક-પદ્ધતિમાં એવું હોઈ શકે કે આપણા અવયવોમાંથી ખરેલા પુદ્ગલો તે તે સ્થાને રહેલાં હોય અને તે પુદ્ગલોના આધારે તે નિષ્ણાતો ગુનેગારનો નિર્ણય કરતા હોય. પરંતુ તેનાથી ત્વચાને અડતી વસ્તુનાં પુદ્ગલો ઈન્દ્રિય સાથે એકમેક થાય જ છે તેવું સિદ્ધ થઈ શકે નહીં.

જો કે આ બંને વૈજ્ઞાનિક-માન્યતાનો તલસ્પર્શી અભ્યાસ કર્યા વગર ત્વચાનું બદ્ધ-સ્પૃષ્ટ-વિષય-ગ્રાહકપણું વૈજ્ઞાનિક દૃષ્ટિને અનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેનો નિર્ણય ન થઈ શકે. આમ આ સવાલ જેમનો તેમ ઊભો રહે છે.

✒ **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

81. ✉ (🔗 ∑ 185 कल्याणकविषयकं किञ्चित्)

**श्रुतसंविभाग** – ૧૩ માં પ્રગટ થયેલ कल्याणकविषयं किञ्चित् આ લેખ સંદર્ભે વિમર્શ કરતાં કેટલીક સકારાત્મક વિગતો જાણવા મળી છે. લેખક આચાર્ય ભગવંતશ્રીએ ધર્મનાથના જન્મનક્ષત્રનો મેળ બેસાડવા મહા સુદ ૩ ના બદલે ૧૩ ના દિવસની સંભાવના સૂચવી છે. તે જ રીતે કુંથુનાથના નિર્વાણ નક્ષત્રની સંગતિ માટે ચૈત્ર વદ ૧ ના બદલે વૈશાખ સુદ ૧ નો દિવસ સૂચવ્યો છે. આ બંને સંભાવનાની પુષ્ટિ *આચાર્ય ગુણભદ્ર* કૃત *ઉત્તરપુરાણ* નામના દિગંબર સંપ્રદાયના ગ્રંથમાં મળે છે. તેમાં ઉપરોક્ત બે કલ્યાણકોની તિથિ આચાર્ય ભગવંતે સૂચવી તે પ્રમાણે જ છે. અને નક્ષત્રો પણ અનુક્રમે ગુરુયોગ (ગુરુપુષ્ય?) અને કૃત્તિકા જ છે. આ રીતે તિથિ અને નક્ષત્રની સંગતિ થઈ જાય છે.

આચાર્ય ભગવંતે લેખમાં ૧૮ કલ્યાણકો બાબતે નક્ષત્રની અસંગતિ વિશે ચર્ચા કરી છે. તેમાં અભિનંદનસ્વામીના જન્મકલ્યાણક બાબતે ચર્ચા કરી નથી. આપણે ત્યાં અભિનંદનસ્વામીની જન્મ તિથિ મહા સુદ ૨ અને નક્ષત્ર પુનર્વસુ માનવામાં આવે છે, પરંતુ અત્રે પણ તિથિ અને નક્ષત્રનો મેળ બેસતો નથી. તેના બદલે મહા સુદ ૧૨ ની તિથિ માનવામાં આવે તો નક્ષત્ર સાથે સંગતિ થઈ જાય છે. અને ઉપરોક્ત *ઉત્તરપુરાણ* ગ્રંથમાં અભિનંદનસ્વામીની જન્મકલ્યાણક-તિથિ તરીકે મહા સુદ ૧૨ નો જ ઉલ્લેખ છે.

લેખકશ્રીએ લેખમાં નક્ષત્રોની સંગતિ માટે તિથિઓમાં ફેરફારની સંભાવના સૂચવી છે. એ જ રીતે એમ પણ બની શકે કે તિથિ તો સાચી હોય, પરંતુ નક્ષત્રના નામમાં કોઈ ભૂલ થઈ હોય. જેમ કે આપણે ત્યાં અભિનંદન-સ્વામીનું કૈવલ્યકલ્યાણક પોષ સુદ ૧૪ ના દિવસે અભિજિતનક્ષત્રમાં મનાયું છે. અહીં લેખકે નક્ષત્રની સંગતિ માટે પોષ સુદ ૧૪ ને બદલે પોષ વદ ૧૪ નો નિર્દેશ કર્યો છે. હવે આ કલ્યાણકની તિથિ *ઉત્તરપુરાણ*માં પોષ સુદ ૧૪ જ છે, પરંતુ ત્યાં નક્ષત્ર તરીકે પુનર્વસુનો ઉલ્લેખ

છે. જે પંચાગ પ્રમાણે બરાબર મળે છે.[4] તેથી નક્ષત્રોમાં શરતચૂકથી ફેરફાર થયા હોય તેને પણ નકારી શકાય નહીં.

છેલ્લી એક વાત, આગમસૂત્રોના આધારે જેમણે પંચાંગ બનાવવાનો પ્રયત્ન કર્યો છે તે બિંદુબહેનના મોઢે એવી વાત સાંભળેલી કે તેમણે બનાવેલા પંચાંગમાં બધા ભગવાનના કલ્યાણકોની તિથિઓ અને નક્ષત્રો બરાબર સંગત થાય છે. જો એમની વાત સાચી હોય તો એ સંભાવનાને પણ નકારી ન શકાય કે અત્યારે તિથિ-નક્ષત્રનો જે મેળ બેસતો નથી તેનું કારણ આપણી બદલાઈ ગયેલી પંચાંગ-પદ્ધતિ હોય, બાકી તિથિ અને નક્ષત્રો એકદમ સાચા જ હોય. અને જો આમ હોય તો અત્યારની તિથિ અને નક્ષત્રો બેમાંથી એકમાં પણ સંશોધન કરવા કરતાં આપણી પંચાંગ-પદ્ધતિમાં જ સંશોધન કરી લેવાથી બધી સંગતિ થઈ જાય. પરંતુ તેમનો દાવો કેટલો સાચો છે તે તો જેમણે તેમના પંચાંગનું અધ્યયન કર્યું હોય તેઓ જ કરી શકે. **श्रुतसंविभाग** પરિવારમાંથી કોઈ મુનિશ્રીએ આ પંચાંગનું અધ્યયન કર્યું હોય તો આ વિશે સમાધાન આપવા અનુરોધ.

✎ **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

82. ✉ (🔗 ∑ 133 **द्रव्येन्द्रियना भेदो**)

लेख में एक आधार दिया गया है – “नानाकारं कायेन्द्रियम्... कश्चित् प्रायः।।” मुनिश्री ने लेख में इस पंक्ति का अर्थ स्पष्टरूप से नहीं किया है, किंतु उसका संदर्भ ऐसा दिखाया है कि *भाष्यकार* के द्वारा निर्वृत्ति इन्द्रिय के बाह्य और आभ्यंतर भेद नहीं बताने का कारण इस पंक्ति में दर्शाया गया है।

---

[4] આ વિગતનો ઉલ્લેખ મુનિ શ્રીલબ્ધિનિધાનવિજયજીએ ‘શ્રીબૃહદ્ધારણા-યંત્ર એવં શ્રીધારણાગતિયંત્ર’ (પ્રકા. – *જિનશાસન આરાધના ટ્રસ્ટ*) પુસ્તકના પરિશિષ્ટ – ૩ (પૃષ્ઠ - ૬૫) માં કર્યો છે.

हकीकत में यह पंक्ति अलग संदर्भ में है। टीकाकार *श्रीसिद्धसेन-गणिजी* सभी निर्वृत्ति इन्द्रिय के आकार और दो भेद बताते हुए यह पंक्ति लिखते हैं, जिसका अर्थ है – 'कायेन्द्रिय अर्थात् स्पर्शनेन्द्रिय अनेक आकार वाली है तथा इस इन्द्रिय की निर्वृत्ति में प्रायः अन्तर और बाह्य ऐसा कोई भेद नहीं है।' इसके बाद *टीकाकार* रसनेन्द्रियादि के संस्थानादि दर्शाते हैं। अतः यह पाठ कुछ अलग संदर्भ में है। यद्यपि मुनिश्री के लेख में शेष सामग्री बराबर है, *भाष्यकार* ने निर्वृत्ति के दो भेद नहीं किए हैं, यह तो लेख में दिए पाठ से भी स्पष्ट ही है।

यहाँ एक विशेष ध्यानार्ह बात यह है कि हमारे प्राचीन आगम *प्रज्ञापनासूत्र* में भी निर्वृत्ति इन्द्रिय के भेद नहीं किए हैं - 'फासिंदिए णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! नाणासंठाणसंठिए, जिब्भिंदिए णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! खुरप्पसंठिए... ।। (पद १५, सू.१९१)'। इस पाठ को भी *टीकाकार सिद्धसेनगणिजी* ने प्रचलित परंपरा में ढालने का प्रयत्न किया है। उन्होंने लिखा है – 'अभ्यन्तरां निर्वृत्तिमङ्गीकृत्य सर्वाण्यमूनि सूत्राण्यधीतानि, बाह्या पुनर्निर्वृत्तिश्चित्राकारत्वान्नोपनिबद्धुं शक्या।।' (सू. २.१७ - टीका) अर्थात् ये सभी सूत्र अभ्यन्तर निर्वृत्ति के आश्रय से कहे गए हैं, बाह्य निर्वृत्ति अनेक विचित्र आकार वाली होने से सूत्र में गूंथना शक्य नहीं है। यहाँ इतना तो स्पष्ट है कि *प्रज्ञापनासूत्र* में बाह्य-अभ्यंतर निर्वृत्ति के भेद बिना मात्र इन्द्रिय के आकार का निर्देश है, उसे *टीकाकार* ने प्रचलित अर्थपरंपरानुसार अभ्यन्तर निर्वृत्ति के सूत्र रूप में प्रस्तुत किया है। अतः उपर्युक्त अर्थ-परंपरा श्वेतांबरीय आम्नाय में *भाष्यकार*, *शीलांकाचार्य भगवंत* के अलावा प्राचीन आगमों में भी सुरक्षित है।

**मुनि श्रीगोयमचन्द्रविजयजी** (डहेलावाला-समुदाय)

83. ✉ (🔗 ∑ 189 દ્વાદશાંગીની નિત્યાનિત્યતા)

मुनिश्री द्वारा दिए गए *नंदीसूत्र* की टीका के पाठ से भी यह स्पष्टता नहीं होती कि द्वादशांगी सूत्र से नित्य है या अर्थ से? महाविदेह क्षेत्र की अपेक्षा से जो श्रुत अनादि-अनंत कहा गया है, वहाँ सूत्र या अर्थ की अपेक्षा स्पष्ट नहीं है। वह सूत्र की अपेक्षा से भी हो सकता है। अतः यहाँ ∑ १०९ में लिखी गई बात ही पुनः स्थापित हो जाती है।

दूसरी बात, मुनिश्री ने एक जगह लिखा है – 'उत्सर्पिणीना ४था आराना प्रारंभे श्रुतनी आदि थाय छे'। यह अनुवाद ठीक नहीं है। भरत-ऐरावत क्षेत्र में उत्सर्पिणी के तीसरे आरे के प्रारंभ में श्रुत की आदि होती है। टीका में दुष्षमसुषमा आरे के प्रारंभ में लिखा है, जो अवसर्पिणी काल में चौथा आरा होता है और उत्सर्पिणी काल में तीसरा होता है ।

✒ **मुनि श्रीगोयमचन्द्रविजयजी** (डहेलावाला-समुदाय)

84. ✉ (🔗 ∑ 169 **चक्षुःप्राप्यकारिता???**)

(સંકલનકારની ટિપ્પણીમાં અપાયેલા સમાધાન ઉપર વિચારણા)

૧. રૂપનાં પુદ્ગલો અને પ્રકાશનાં કિરણો બે જુદાં તત્ત્વો છે તે અમે પણ માનીએ છીએ, પણ સાથે એટલી સ્પષ્ટતા જરૂરી છે કે અમારો આશય એવો છે કે – ઘટના રૂપને આંખથી જોઈએ તેમાં પ્રકાશ માધ્યમ બને છે, પણ તેમાં ઘટનો સંયોગ આંખ સાથે નથી તેથી ચક્ષુ અપ્રાપ્યકારી છે – આ વાત અમને ઈષ્ટ નથી. અમારી વિચારણા પ્રમાણે – કિરણ આંખમાં પ્રવેશે છે તેનું રૂપ જોઈને આપણે જે દિશામાંથી કિરણ આવ્યું તે દિશામાં રહેલા પદાર્થનું રૂપ પણ તેવું જ છે – આ પ્રમાણે જાણી લઈએ છીએ. હવે આ પ્રમાણે તો આપણે કિરણના રૂપને જોયું છે અને કિરણ આંખમાં સંયુક્ત થયું છે તેથી ચક્ષુપ્રાપ્યકારિતા જ ઘટે.

૨. જો આપણે એવો આગ્રહ રાખીએ કે – રૂપ તો ઘટનું જ જોયું છે પણ તેમાં માધ્યમ કિરણ બન્યું છે, તો પ્રશ્ન થાય કે – કિરણ માધ્યમ બને છે તે તેના રૂપને કારણે જ થાય છે. અને ત્યારે તેનું રૂપ કેવી રીતે જાણ્યું? આ પ્રશ્નનો જવાબ શું?

કારણ કે આપણી ચક્ષુ તો અપ્રાપ્યનું જ જ્ઞાન કરે છે અને વળી તેનું માધ્યમ બીજો પદાર્થ હોય છે. (આવું અપ્રાપ્યકારી મતે માનવું પડે) આ રીતે અનવસ્થા આવશે.

૩. મુનિશ્રીએ લખ્યું છે – *આ પરિવર્તિત કિરણો આપણી આંખમાં પ્રવેશે એટલે આપણે તે તે કિરણોના રંગોનું વિશ્લેષણ કરીને સામેના પદાર્થનું રૂપ જાણી લઈએ છીએ.* આ શબ્દો પર વિચાર કરીએ તો તે આખા વાક્યાર્થની બે જ દિશા દેખાશે – કાં તો ચક્ષુપ્રાપ્યકારિતા અને કાં અનવસ્થા.

૪. મુનિશ્રીનું વાક્ય – *પ્રકાશના કિરણોના પરાવર્તનને વાસિત પુદ્ગલો જેવાં જ ગણીએ તો પણ તે સ્વયં રૂપ નથી જ.* આ વાક્યની સામે બે વાત ધ્યાનમાં લેવી જોઈએ - ૧. અમે કિરણના રૂપના માધ્યમથી ઘટાદિ પદાર્થ સાથે ચક્ષુની પ્રાપ્યકારિતા નથી કહેતા. અમે તો કિરણના રૂપ સાથે ચક્ષુની પ્રાપ્યકારિતા કહીએ છીએ. ૨. પ્રકાશ એ દ્રવ્ય છે. તેમાં ઘટાદિથી ટકરાઈને જે રૂપ પ્રગટ્યું છે તે પ્રકાશનું જ રૂપ છે અને પ્રકાશ-કિરણ આંખમાં જાય છે.

૫. મુનિશ્રીના સમાધાનમાં – *રસવાળી વસ્તુ સીધી જીભને અડકે છે. ઉત્કટ ગંધ ધરાવતા પુદ્ગલો હવાના માધ્યમ દ્વારા સીધા નાકમાં પ્રવેશે છે. સ્પર્શ સીધો ત્વચા ને અડકતી વસ્તુનો હોય છે.* આ સંદર્ભ માં એમ પણ કહી શકાય કે – કિરણ (જે રૂપવાળાં છે) તે સીધા આંખમાં પ્રવેશે છે આથી તેના રૂપને જાણનારી ચક્ષુ પ્રાપ્યકારી છે.

૬. મુનિશ્રીનો પ્રશ્ન છે - *ઘડાના રૂપ સાથે ચક્ષુનો કોઈ સંયોગ ખરો? ઘડાનાં કોઈ પણ પુદ્ગલો આંખમાં પ્રવેશે છે ખરાં?* પણ ખરી વાત એ છે કે અમે ઘટરૂપની વિવક્ષાએ ચક્ષુને પ્રાપ્યકારી કહેતાં જ નથી. પણ કિરણના રૂપની અપેક્ષાએ જ ચક્ષુને પ્રાપ્યકારી કહી છે.

૭. આખા લેખમાં અમારો આશય એ જ હતો કે – આપણે સાક્ષાત્ કોઈ પણ વસ્તુને જોતાં જ નથી. તે તે પદાર્થને ટકરાઈને આવેલાં કિરણોને જ જોઈએ છીએ. પણ અજ્ઞાન કે ભ્રમવશે તે તે વસ્તુને જોઈ એવો ઉપચાર કરીએ છીએ. અને આ રીતે માનવામાં ચક્ષુ સાથે કિરણનો સંયોગ હોવાના કારણે ચક્ષુ પ્રાપ્યકારી બની જાય છે.

૮. મુનિશ્રીના ટિપ્પણમાં – *પ્રકાશનાં કિરણોની અપેક્ષાએ ચક્ષુ પ્રાપ્યકારી હોવા છતાં, મૂળ વિષયભૂત રૂપની અપેક્ષાએ તો તે અપ્રાપ્યકારી જ રહે છે.* પણ વિચારણીય બાબત એ છે કે ચક્ષુનો વિષય કોણ કહેવાય? જેને ચક્ષુ જાણે તે જ ને

વળી. તો ચક્ષુ તો કિરણને જ જાણે છે, તેથી રૂપની અપેક્ષાએ ચક્ષુને અપ્રાપ્યકારી ઘટાવવાનો કોઈ મતલબ ખરો ?

૯. આ આખી ચર્ચામાં હજી એક દૃષ્ટાંતને સામે રાખવું જરૂરી છે. સૂર્યની સામે જોઈએ ત્યારે તેનાં કિરણો આપણી આંખમાં પણ જાય છે અને ત્વચાને પણ સ્પર્શે છે. હવે આપણે કિરણના સ્પર્શને પ્રાપ્યકારી માનીશું અને તે જ કિરણના રૂપ-દર્શનને અપ્રાપ્યકારી માનીશું?

મધ્યસ્થભાવે આ વિષયમાં ગંભીર વિચારણા કરીને આ બાબતે આપણો મત કઈ રીતે પ્રસ્થાપિત થઈ શકે તે જણાવવા વિદ્વદ્ મિત્ર મુનિવરોને હાર્દિક અનુરોધ છે.

**મુનિ શ્રીનયજ્ઞ-ગોયમચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

85. ✉ (🔗 ∑ 177 **પઉમચરિયંમાં જાણવા મળેલ કેટલીક વિશેષ વાત – ૨**)

આ લેખમાં પ્રભુના જન્માભિષેક માટે ઈન્દ્રને બદલે હરિણૈગમેષી દેવ પ્રભુને ગ્રહણ કરીને તત્પશ્ચાત્ ઈન્દ્રના હાથમાં આપે છે એમ જે વિશેષતા જણાવી છે, આવી જ વાત –

अह पासे ठाऊणं भणंति सेणावइं पयत्तेणं।
जणणीण सगासाओ आणेह जिणे विणएणं।।२०३।।
तो ते हरिसियवयण साहिऊण अहो सुही जिणवरिंदे।
थित्ते विणायविणया उवणंति सहस्सनयणाण।।२०४।।(- *તિત્થોગાલી૦*)

અર્થ – પ્રભુનાં જન્મભવનની પાસે ઊભા રહીને શક્રસૈન્યના સેનાની એવા હરિણૈગમેષી દેવને ઈન્દ્રે આદેશ કર્યો કે પૂર્ણ વિનયપૂર્વક નવજાત તીર્થંકરોને તેમની માતાઓ પાસેથી પ્રયત્નપૂર્વક લઇ આવો. (ત્યાર પછી) ઈન્દ્રની આજ્ઞાને સહર્ષ શિરોધાર્ય કરીને વિજ્ઞાતવિનય એવા હરિણૈગમૈષી દેવ સુખનિધાન એવા જિનેશ્વરોને ઈન્દ્રની પાસે લાવે છે.

हरिणगमेसिसमप्पियमह भयवंतं सकरयले धरिउं।
पंचविउव्वियरुवो मेरुं संपत्थिओ सक्को।।७०२।। (- *મહાવીરચરિયં*)

અર્થ- હરિણૈગમેષી દેવે ભગવાનને ઈન્દ્રના હાથમાં સમર્પિત કર્યા. (ત્યાર પછી) હવે ભગવાનને પોતાના કરતલમાં ધારણ કરીને વિકુર્વ્યા છે પાંચ રુપ જેણે એવા ઈન્દ્ર મેરુ તરફ ચાલ્યા. **મુનિ શ્રીશીલચન્દ્ર-નિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

86. ✉ (🔗 ∑ 78 **અપવર્તનીય – અનપવર્તનીય આયુષ્ય વિશે થોડીક સ્પષ્ટતા)**

આ ટીકા જે ગાથાની છે તે મૂળ *શ્રીશિવશર્મસૂરિજી*-રચિત *કર્મપ્રકૃતિ*ના ઉદયાધિકારની ૧૬ મી ગાથા છે –

अद्धाजोगुक्कोसो संधित्ता भोगभूमिगेसु लहुं।

सव्वप्पजीवियं वज्जइत्तु, ओवट्टीया दोण्हं।।

અર્થ – ઉત્કૃષ્ટ બંધકાળ અને ઉત્કૃષ્ટ યોગ વડે ભોગભૂમિ-યુગલિક સંબંધી આયુષ્ય બાંધીને મરણ પામી યુગલિયામાં ઉત્પન્ન થાય, ત્યાં અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય છોડી શેષ આયુષ્યની શીઘ્ર અપવર્તના કરીને પ્રથમ સમયે તિર્યંચ અને મનુષ્યને ક્રમશઃ તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશોદય થાય છે.

વળી આયુષ્યની અપવર્તના *કર્મપ્રકૃતિ*માં દેવ-નારક સર્વને કહી છે. પરંતુ તે અપવર્તના મૂળ સ્થિતિબંધમાંથી ન્યૂન સ્થિતિ કરનારી નથી અને આ યુગલિકના આયુષ્યની અપવર્તના તો ૩ પલ્યોપમની મૂળ સ્થિતિમાંથી ઘટાડો કરી અંતર્મુહૂર્તમાત્ર સ્થિતિ કરી દે છે. આ ઉપરથી સમજી શકાય છે કે યુગલિકો પણ અપર્યાપ્ત અવસ્થામાં મરણ પામી જાય એવું સંભવિત છે. બાકી तत्त्वं तु केवलिगम्यम्.

✍ **મુનિ શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

87. ✉ (🔗 ∑ 70 **વિહરમાન પરમાત્માનો વિરહ હોય કે કેમ?)**

*શ્રીનંદીસૂત્ર*ની *મલયગિરિજી*-કૃત ટીકામાં સ્પષ્ટ જણાવ્યું છે કે મહાવિદેહ ક્ષેત્રમાં પ્રવાહની અપેક્ષાએ તીર્થંકરોનો ક્યારેય વિરહ હોતો નથી. (આ વાત **श्रुतसंविभाग** ૧૩ - ∑ – 189 માં અંડરલાઇન કરવાપૂર્વક જણાવેલી છે.) ટીકાનો પાઠ - ...तत्र (- महाविदेहे) प्रवाहापेक्षया तीर्थकरादीनामव्यवच्छेदात्।।

✍ **મુનિ શ્રીશીલચન્દ્ર-નિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

88. ✉ (🔗 ∑ 164 મોતી અંગે)

મોતી આ ઉપરાંત પણ કુલ આઠ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે એવું *ગાથાસહસ્રીપ્રકરણ*માં કહેવામાં આવ્યું છે –

गयकुंभिसंखमज्झे, मच्छिमुहवंसि वराहदाढासु।

सप्पसिरे तह मेहे, छिप्पउरे मुत्तिआ हुंति।।

અર્થ – ૧. હાથીના કુંભસ્થળમાં, ૨. શંખમાં, ૩. મચ્છના મુખમાં, ૪. વરાહની દાઢમાં, ૫. સર્પના મસ્તકમાં, ૬. વાંસના મૂળમાં, ૭. મંડુકમાં અને ૮. છીપમાં મોતીઓ થાય છે.

✎ **મુનિ શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

89. ✉ (🔗 ∑ 132 **ईर्यापथिकी आस्रव में कर्मबंध की स्थिति**)

આવી જ વાત સેનપ્રશ્નના ૪ થા ઉલ્લાસમાં ૧૦ માં પ્રશ્નમાં કહેવામાં આવી છે –

त्रयोदशगुणस्थाने सातावेदनीयकर्म्मणः स्थितिर्द्विसमयप्रमाणा कुत्रचित् कथिताऽस्ति सा कथं घटते? यतो *भगवत्या*दिषु त्रिसमयस्थितेरुक्तत्वादिति प्रश्नेऽत्रोत्तरं – त्रयोदशगुणे सातावेदनीयकर्म प्रथमसमये बध्यते, द्वितीयसमये वेद्यते तृतीयसमये निर्जीर्यते इति *श्रीभगवतीसूत्र-स्थानाङ्गसूत्रा*दिषु प्रोक्तमस्ति, परं निर्जीर्णनसमये-ऽवस्थानाभावाद् द्विसमयस्थितिर्घटते इति ज्ञेयम्।।

અર્થ – તેરમા ગુણઠાણે સાતાવેદનીયકર્મની સ્થિતિ કોઈ ઠેકાણે બે સમયની કહી છે તે કેમ ઘટે? કેમ કે *ભગવતી* વગેરે ગ્રંથોમાં ત્રણ સમયની સ્થિતિ કહી છે. ઉત્તર – સાતાવેદનીયકર્મ તેરમા ગુણઠાણે પહેલા સમયે બંધાય અને બીજા સમયે વેદાય અને ત્રીજા સમયે ખરી જાય એમ *ભગવતીસૂત્ર, ઠાણાંગસૂત્ર* વગેરેમાં કહ્યું છે, પરંતુ નિર્જીર્ણન સમયે અવસ્થાનનો અભાવ હોવાથી બે સમયની સ્થિતિ ઘટે છે એમ જાણવું.

✎ **મુનિ શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

90. ✉ (🔗 ∑ 129 વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનવામાં મતભેદ)

*પન્નવણાસૂત્ર*માં ૧૮ મા કાયસ્થિતિપદમાં ૧૧ મા દર્શનદ્વારમાં ૧૨મા સૂત્રની ટીકામાં આ વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે અને ત્યાં અવધિ અને વિભંગ એ બંને અવધિદર્શનમાં સામાન્યઉપયોગ રૂપે તુલ્ય કહ્યા છે. અને અંતમાં *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* વિરચિત *વિશેષણવતિસૂત્ર*નું ઉદ્ધરણ આપ્યું છે –

सुत्ते विब्भंगस्स वि परूवियं ओहिदंसणं बहुसो।
कीस पुणो पडिसिद्धं कम्मपगडीपगरणम्मि।।
विभंगे वि दरिसणं सामन्नविसेसविसयओ सुत्ते।
तं चऽविसिट्ठमणगारमेत्तं तोऽवहिविभंगाणं।।
कम्मपगडीमयं पुण सागारेयरविसेसभावे वि।
न विभंगनाणदंसण विसेसणमणिच्छयत्तणओ।। [१०४ - १०६]

અર્થ – સૂત્રમાં વિભંગજ્ઞાનવાળાને પણ ઘણાં સ્થાને અવધિદર્શન પ્રરૂપેલું છે, તો *કર્મપ્રકૃતિપ્રકરણ*માં તેનો નિષેધ કેમ કર્યો છે? ઉત્તર – વિભંગને વિષે પણ સૂત્રમાં જે દર્શન માન્યું છે તે સામાન્ય ઉપયોગ અને વિશેષ ઉપયોગ એ બે વિષયથી (-વિષયભેદથી) માનેલું છે. અને તે દર્શન અવિશિષ્ટ અનાકારમાત્ર છે. તે કારણથી અવધિમાં અને વિભંગમાં બંનેમાં દર્શન (અવધિદર્શન) માન્યું છે. અને *કર્મપ્રકૃતિપ્રકરણ*માં તો સાકાર-અનાકારનો વિશેષ ભેદ માનવા છતાં પણ વિભંગજ્ઞાન અને તેનું દર્શન (અવધિદર્શન) એ બન્નેમાં વસ્તુના સમ્યગ્ નિશ્ચયના અભાવની સમાનતા જાણીને વિભંગજ્ઞાન અને દર્શન એ બંનેમાં કંઈ પણ વિશેષ ભેદ માન્યો નથી.

આમ છતાં *તત્ત્વાર્થસૂત્ર*ની ટીકામાં વિભંગજ્ઞાનીને ચક્ષુદર્શન શા માટે કહ્યું તે વિચારણીય છે. ✎ **મુનિ શ્રી-નિર્ગ્રંથચન્દ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

91. ✉ (🔗 ∑ 179 સિદ્ધસેનસૂરિજીના ચરિત્ર અંગે)

*શ્રાદ્ધજીતકલ્પ*ની ૫૧ મી ગાથામાં પારાંચિત પ્રાયશ્ચિત્તના લિંગ, ક્ષેત્ર, કાલ, અને તપ એમ ચાર ભેદ કહ્યા છે. તેમાંથી ફક્ત ચોથો તપભેદ જ ચૌદપૂર્વધર પછી વિચ્છેદ પામ્યો છે, બાકી બધા ભેદ તીર્થના અંત સુધી રહેશે એમ કહ્યું છે –

अणवट्ठप्पो तवसा तवपारंची अ दुण्णि वुच्छिण्णा।
चउदसपुव्वधरंमि धरंति सेसा उ जा तित्थं।।

टीका - तपः पाराञ्चिकश्च एतौ द्वावपि प्रायश्चित्तभेदौ व्यवच्छिन्नौ। कस्मिन् पुरुष? इत्याह – चतुर्दशपूर्वधरे श्रीभद्रबाहुस्वामिनि। शेषास्तु लिङ्गक्षेत्रकालानवस्थाप्यपाराञ्चिका यावत्तीर्थं धरन्ति – अनुव्रजन्ति भवन्तीत्यर्थः।। ✍ **मुनि श्रीनिर्ग्रंथचन्द्रविजयजी** (ડહેલાવાળા-સમુદાય)

---

## શુદ્ધિ-વૃદ્ધિ

અંક - ૧૨ પૃષ્ઠ – ૩૩, પંક્તિ – ૧૮, દેવગુરુ → દેવકુરુ, પૃષ્ઠ – ૨૯, પંક્તિ – ૫, ૬૬ ક્રોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ અને $\frac{2}{3}$ ભાગ થાય છે → ૬૬ ક્રોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ ક્રોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ અને $\frac{2}{3}$ ભાગ થાય છે.

અંક - ૧૩ પૃષ્ઠ – ૬૯, પંક્તિ – ૫, કર્મગ્રંથ – ૫ → કર્મગ્રંથ – ૪, પૃષ્ઠ – ૬૯, પંક્તિ – ૫, ટીકાનો પાઠ → પછી ઉમેરો - पृच्छामि स्माऽत्मशुद्ध्यर्थं शुद्धेति प्रभुरादिशत्। नैतत् तवाऽभवत् पापं किन्तु सङ्घापमाननात्।। तत्प्रायश्चित्तमादेयं तत्राऽऽचार्यमुखात् त्वया। दत्ते-ऽस्माभिस्तु तत्रत्यनृणां स्यात् शुद्धिसंशयः।। પૃષ્ઠ – ૬૪, પંક્તિ – ૨૧, ૪થા → ૩જા

(બધી સૂચવનાર – **આચાર્ય શ્રીવિજયજગચ્ચંદ્રસૂરિજી-શિષ્યવૃંદ**)

પૃષ્ઠ – ૬૧, પંક્તિ – ૧૮, जरे → पारे

(સૂચવનાર – **આચાર્ય શ્રીમુક્તિચન્દ્ર-મુનિચન્દ્રસૂરિજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

પૃષ્ઠ – ૨૮, પંક્તિ – ૧૨, पंडिलेहित्ता – पडिलेहित्ता

# શ્રુતશુધ્ધિ

## શ્રુતશુદ્ધિ – ૩ (ભાગ - ૨)

ગ્રંથ – ઓઘનિર્યુક્તિ (ઉત્તરાર્ધ)

પ્રકાશક – આગમોદય સમિતિ, સં. ૧૯૭૫

શુદ્ધિ – ત્રૈ. અને સહવર્તી મુનિગણ

| | | | |
|---|---|---|---|
| १०७-B | ८ | अद्धानपरिश्रान्त• | अध्वानपरिश्रान्त• |
| १०८-B | ९ | निविडं | निबिडं |
| १०९-A | ८ | अनर्तायितं | अनर्तापितं |
| ११३-B | ७ | भवति | भण्णति |
| ११४-A | १२ | 'उपेहित्ता वि संयमो' त्ति तन्न | 'पेहित्ता संयमो' [इत्यादि] तन्न |
| ११५-A | ९ | दक्खिणायने | दक्षिणायने |
| ११५-A | ९ | दक्खिणायन• | दक्षिणायन• |
| ११५-B | १ | लब्धेऽङ्गुलानि | लब्धान्यङ्गुलानि |
| ११५-B | १३ | ज्येष्ठ• | जिट्ठ• |
| ११६-A | २ | किंचिप्पूणेण | किंचिदूणेण |

| | | | |
|---|---|---|---|
| ११६-A | २ | किंचिप्पूणा | किंचिदूणा |
| ११७-A | ११ | •कट्ठुको | •कुट्ठुको |
| ११८-A | १ | कस्मादुदकस्थानमेवमुक्तम्? | कस्मादुदकमस्थान एवोक्तम्? |
| १२०-A | २ | स्वपक्षपातं | स्वपक्षापातं |
| १२०-A | ११ | प्रकृतिनां | प्रकृतीनां |
| १२१-B | ६ | स्त्रिया | स्त्रियो |
| १२२-A | १० | चङ्क्रमणिकया | चङ्क्रमणिकायां |
| १२३-A | ७ | •गर• | •घर• |
| १२३-B | ९ | 'उभय' त्ति मूत्रपुरीषं तदाक्रमणेन त्रसादयो विराध्यन्ते ततश्च संयमोपघातो भवति | – |
| १२४-A | ४ | विच्छिण्णं | वित्थिण्णं |
| १२५-A | २ | सञ्ज्ञाव्युत्सृजता | सञ्ज्ञां व्युत्सृजता |
| १२५-A | १४ | ततश्च व्युत्सृज्य | ततश्च [उष्णेऽपि] व्युत्सृज्य |
| १२६-A | १० | अनाकुलगमनं | आकुलगमनं |

| | | | |
|---|---|---|---|
| १२७-B | ८ | भवति ततः पुनः षट्कायव्युपरमणमुड्डाहश्च। | भवति। कथं पुनः षट्कायव्युपरमणमुड्डाहश्च? |
| १२८-A | २ | •परिहानिः | •परिहाणिः |
| १२८-A | ९ | प्रत्युपेक्षणाद्वार• | प्रत्युपेक्षणा(प्रत्युपेक्षणीय)द्वार• |
| १३०-A | १ | •मज्झिंधणथोविंधण | •मज्झिंधणथोविंधण (मज्झ थोवे अ) |
| १३०-A | ७ | विक्कंत• | वक्कंत• |
| १३०-A | १० | लूता फोडिआ | लूताफोडिआ |
| १३०-B | १३ | तदनेकान्तान् | तदनेकान्तात् |
| १३१-A | ८ | कुष्ठा• | [व्रण]कुष्ठा• |
| १३२-A | १ | दुन्नि निसज्जे त्ति | दुन्नि नि(दु नि)सज्जे त्ति |
| १३२-A | ७ | कतराः? त्रयस्तिस्र | कति रात्रयः? तिस्र |
| १३२-A | ९ | रत्रि• | रात्रि• |
| १३३-B | १३ | एव, तोयं नीत्वाऽपि ततो | एव तोयं नीत्वाऽपि, ततो |
| १३४-A | ५ | होइ तदुवरिं | होइ [तदुवरिं सो चेव बिइए पहरे मिस्सो होइ] तदुवरिं |

| | | | |
|---|---|---|---|
| १३४-A | ६ | होइ तदुवरिं | होइ [तदुवरिं सो चेव तइयपहरे मीसो होइ] तदुवरिं |
| १३६-A | १३ | दुःस्थितस्य पतनेन• | दुःस्थितरथपतनेन• |
| १३८-A | ३ | पृच्छनीयः | प्रच्छनीयः |
| १३९-A | ७ | परिहानिः | परिहाणिः |
| १३९-A | ११ | लिप्पन्त• | लिम्पन्त• |
| १३९-B | ७ | घट्टयन्नाह- | घट्टयन्नास्ते। |
| १४१-A | १ | •र्जिंघणं | •र्जिघ्रणं |
| १४२-A | १० | डिम्भक्षोभेण | भण्डिक्षोभेण |
| १४३-B | ९ | पञ्चकाणि | पत्रकाणि |
| १४४-B | ३ | सन् | सत् |
| १४५-B | १० | सीवयति यादृशो | सीवयति [तथा नोबन्धेन] यादृशो |
| १४७-A | ६ | पिण्ड्यते?- प्रचुरीक्रियते, | पिण्ड्यते-प्रचुरीक्रियते? |
| १४७-B | २ | •दानैषणा ग्रासैषणा | •दानैषणा [भुञ्जनैषणा-] ग्रासैषणा |

| | | | |
|---|---|---|---|
| १४८-A | ४ | प्रविशितव्यं | प्रवेष्टव्यं |
| १४८-A | ४ | प्रविशितव्यं | प्रवेष्टव्यं |
| १४९-A | २ | असोधने | अशोधने |
| १४९-A | ४ | तत्प्रात्रक• | तत्पात्रक• |
| १४९-A | १२ | तथा व्रतो• | तथा [महा]व्रतो• |
| १५०-B | ४ | निर्द्धर्मः | निर्द्धर्मा |
| १५०-B | ७ | याख्यानयति | व्याख्यानयति |
| १५२-B | १२ | स्वाध्यादि | स्वाध्यायादि |
| १५३-B | ६ | प्रविष्टः प्रत्यनीकैश्च ग्रहीतुमारब्धस्ततः | प्रविष्टस्ततः |
| १५४-A | ९ | उत्सर्गस्ताव• | उत्सर्गतस्ताव• |
| १५४-A | ११ | अगृहीत्वा | गृहीत्वा |
| १५४-A | ११ | वोत्सर्ग• | चोत्सर्ग• |
| १५६-B | ६ | पृच्छनीयानि | प्रच्छनीयानि |
| १५७-A | ५ | प्रतिकुष्ठ• | प्रतिकुष्ट• |

| | | | |
|---|---|---|---|
| १५७-B | ११ | दयामनका• | दयामनस्का• |
| १५८-B | ६ | वानर• (જમણે હાંસિયામાં) | कनकपृष्ठमृग• |
| १५९-B | ४ | आरम्भे वा भोजने | आरम्भे-भोजने वा |
| १५९-B | ५ | तिहिं | तहिं |
| १६०-B | १ | •गणेषणायां (જમણે હાંસિયામાં) | •ग्रहणैषणायां |
| १६०-B | २ | धर्मकचि• (જમણે હાંસિયામાં) | धर्मरुचि• |
| १६१-A | १२ | जाया, एवं | जाया,[जेहिं न सुयं तस्स, ते रुक्खेहिंतो तस्सिं दहे जंपाउ दिंति ण चेव उत्तरंति तेण अणाभागिणो जाता,] एवं |
| १६१-B | ६ | अटनमुत्सङ्कलयति ।। एवं | अटनम् । उत्सङ्कलयति – एवं |
| १६१-B | १३ | भिक्षा आदाय | भिक्षामादाय |
| १६२-B | ५ | प्रवेशे | प्रदेशे |
| १६३-A | २ | पिषन्ती | पिंषती |
| १६४-B | १ | पिंषन्त्याश्च | पिंषत्याश्च |

| | | | |
|---|---|---|---|
| १६४-B | १० | साधु गृह्णाति | साधुर्गृह्णाति |
| १६५-B | १२ | अप्पखित्ते | अप्पक्खित्ते |
| १६७-A | ४ | जिना-जिनकल्पिकादयो | जिना-[जिनकल्पिकाः, न नीचद्वारादितिरोहिते गृहद्वारे ते गृह्णन्ति यतस्ते] जिनकल्पिकादयः |
| १६७-A | ६ | •दुवारकवाडे | •दुवार[उग्घाड]कवाडे |
| १६८-A | ५ | वत्थंमि | वच्छंमि |
| १६८-B | २ | •भाजनस्या | •भाजनस्य |
| १६८-B | ५ | उदकार्द्रमुदके | उदकार्द्रं |
| १६९-A | ९ | उन्मिश्य | उन्मिश्र्य |
| १६९-A | ११ | आहोश्विद् | आहोश्विद् |
| १६९-B | ४ | •वा 'अचियत्तं वा' अप्रीतिर्वा | •वा, महा• |
| १६९-B | ४ | व्यक्छेदो | व्यवच्छेदो |
| १७१-A | २ | •मनुद्धानम् | •मनुद्वानम् |
| १७१-A | ११ | उद्धानानि | उद्वानानि |

| | | | |
|---|---|---|---|
| १७१-A | ११ | •नुद्धानाः | •नुद्वानाः |
| १७१-B | ५ | स्त्रिया | स्त्रिय |
| १७१-B | ६ | स्त्रिया | स्त्रियो |
| १७१-B | ७ | •स्त्रिया | •स्त्रियो |
| १७३-B | ४ | प्रेषणा कार्ये | प्रेषणकार्ये |
| १७३-B | ६ | •पेक्ष्यमाणस्य | •पेक्षमाणस्य |
| १७३-B | ८ | प्रतिस्थाप्य | परिष्ठाप्य |
| १७३-B | ८ | •न्यद्द्रवं गृहणाति | •न्यद्द्रवं (द्रव्यं) गृह्णाति |
| १७४-A | ५ | निर्वर्त्तनं गन्तव्यं | निर्वर्त्तनं [न] गन्तव्यं |
| १७४-B | १२ | निषीधिकास्वकृतास्वपि | निषीधिकासु कृतास्वपि |
| १७५-A | २ | साधारणार्थ• | संधारणार्थ• |
| १७६-A | १ | एवमेवं | एवमेव |
| १७६-A | ४ | पुग• | पुन• |
| १७७-A | १० | गृहस्थयोः | गृहस्थायाः |
| १७७-B | ६ | •त्येवं कारणै• | •त्येवंकारणै• |

| | | | |
|---|---|---|---|
| १७८-B | ८ | •दशापि सूक्ष्मा• | •दशापि [पूर्वाणि] सूक्ष्मा• |
| १७९-A | १ | •जीवकः, तत्र यो मण्डल्युपजीवकः स साधु• | •जीवकः साधु• |
| १८०-A | ७ | निजरायाः | निर्जरायाः |
| १८०-A | ७ | निर्जरायाः अवश्यं, अलाभेऽपि सति निर्जरा | निर्जरायाः, [न] अवश्यं लाभे सत्येव निर्जरा |
| १८३-A | ८ | गौरवं | गौरत्वं |
| १८३-B | ४ | अतरन्तः - अतिग्लान• | 'अतरन्तः' इति ग्लान• |
| १८३-B | ९ | •परिहानेः | •परिहाणेः |
| १८३-B | ११ | •त्युपग्रहा• | •त्युपग्रहो• |
| १८४-A | २ | •मर्थः? | •मर्थम् ? |
| १८४-A | ३ | •मार्यादीनां | •मा[चा]र्यादीनां |
| १८४-A | ४ | •ग्राहयन्ति | •ग्राहयति |
| १८४-B | ६ | गलिते | गालने |
| १८५-A | १ | मुच्यते | मुञ्चति |

| | | | |
|---|---|---|---|
| १८५-A | १ | रक्षणार्थं | भक्षणार्थं |
| १८५-A | २ | प्रविशति | परिविशति |
| १८५-A | ४ | प्रविशति | परिविशति |
| १८५-A | ८ | प्रविशति | परिविशति |
| १८६-A | ७ | खेलश्लेष्म | खेलं श्लेष्म |
| १८७-B | ६ | उद्धोसए | उद्घोसए |
| १८८-B | १० | चार्योद्धरितं | चार्योद्वरितं |
| १८९-A | ५ | सागारं | साङ्गारं |
| १८९-A | १४ | •तरस्मिन् | •तर(म)स्मिन् |
| १८९-B | ३ | क्षुत्सरिसी | क्षुत्सदृशी |
| १८९-B | ६ | परिहानि• | परिहाणि• |
| १९०-A | २ | भोक्तव्यं, तथा | भोक्तव्यं, [तथा प्राणिदयार्थं च न भोक्तव्यम्] तथा |
| १९०-A | १० | उच्यते ?, अप• | उच्यते अप• |
| १९२-A | ४ | यद्यदति• | सद् यदति• |

| | | | |
|---|---|---|---|
| १९२-A | ११ | •भुक्तं द्रावित• | •भुक्तं [तथा 'दवियरसं'] द्रावित• |
| १९६-B | ८ | प्रयोगस्य | प्रायोग्यस्य |
| १९७-B | १ | धुव• | ध्रुव• |
| १९९-A | १० | प्रत्युपेक्षन्ते तथा | प्रत्युपेक्षन्ते, [तदन्तरं ग्लानसत्कामुपधिं प्रत्युपेक्षन्ते,] तथा |
| २००-A | १ | मध्ये गणस्य | मध्येऽङ्गणस्य |
| २००-A | १० | संतिष्ठन्ते | संतिष्ठते |
| २०१-B | ४ | निवर्तते | निवर्तन्ते |
| २०२-B | ९ | कालस्य, | कालस्य [व्याघातः], |
| २०५-A | ११ | रुधिरादिनाऽनायुक्त | रुधिरादिनाऽऽयुक्त |
| २०८-B | ९ | तत्र ये | ये त्रय |
| २१४-A | ११ | •द्वयरहितेन | •द्वयसहितेन |
| २१९-A | १२ | •दुपकरणं | •दधिकरणं |
| २२१-A | ९ | अथवाऽनेना• | अथवाऽन्येना• |

| | | | |
|---|---|---|---|
| २२१-B | ८ | जीवप्रयोगं | जीवः प्रयोगं |
| २२१-B | १३ | प्रयुञ्जन् | प्रयुञ्जतः |

'२१४-A' इति पृष्ठे लिखितेन 'अमुमेव श्लोकं भाष्यकारो व्याचष्टे।' इति वाक्येन 'अप्पोल्लं मिउ...' इति गाथाया अवतरणिकारूपेण भाव्यम् ।

→ मूलगाथासत्का अशुद्धयोऽत्र नैवोल्लिखिताः।

## <u>શ્રુતશુદ્ધિ – ૨ (ભાગ - ૨)</u>

ગ્રંથ – ઓઘનિર્યુક્તિ – ભાગ – ૨ વિવેચનકાર – મુનિ શ્રીગુણહંસવિજયજી

પ્રકાશક – કમલ પ્રકાશન ટ્રસ્ટ – અમદાવાદ, સં. ૨૦૬૩

શુદ્ધિ – ત્રૈ. અને સહવર્તી મુનિગણ

| | | | |
|---|---|---|---|
| १०८ | ९ | •याह (स्थण्डिलद्वारस्वरूपं प्रतिपादयन्नाह) - | •याह - |
| १२९ | १ | चङ्कमणिकायां | चङ्क्रमणिकायां |
| १७३ | ६ | 'महर्षीणां' कथित | 'महर्षीणां' [सत्यवादिनां] कथित |
| १७३ | ११ | प्रत्युपेक्षणद्वारमिति | प्रत्युपेक्षणीयद्वारमिति |
| १८६ | २ | •थोविंधण' (थोवे य) | •थोविंधण' (मज्झथोवे य) |
| १९४ | ४ | तदनेकान्तान् | तदनेकान्तात् |
| २६३ | ७ | घट्टयन्नास्ते- | घट्टयन्नास्ते । |
| ३७० | ५ | पुष्टः | पृष्टः |

| | | | |
|---|---|---|---|
| ४१३ | १ | आरम्भे वा भोजने | आरम्भे-भोजने वा |
| ४७९ | ९ | पाडिय | पडिय |
| ४८५ | १० | •पतेर्वा 'अचियतं वा' अप्रीतिर्वा भवति, महा• | •पतेर्वा महा• |
| ४९० | २ | गुरुकद्वारं, | गुरुकद्वारम् । |
| ५०७ | १० | •उद्दाग• | •अद्दाग• |
| ५१० | ११ | प्रेषणे कार्ये | प्रेषणकार्ये |
| ५१६ | ३ | प्रत्युपेक्ष्य• | प्रत्युपेक्ष• |
| ५१८ | ५ | करोति । | करोति [सेवनां वा करोति] । |
| ५३९ | १३ | कुण्डेलिकादि | कुण्डलिकादि |
| ५५१ | ८ | स्वाध्यायं मुहूर्तमात्रं | स्वाध्यायं [योगाविधाविव ततः स्वाध्यायं] मुहूर्तमात्रं |
| ५७४ | ९ | उपविष्टस्य भुञ्जतो• | उपविष्टस्य, भुञ्जतो• |
| ५८० | ४ | निर्धाटितमुखः | निर्घाटितमुखः |
| ५८७ | १२ | •ग्राहयन्ति | •ग्राहयति |
| ५९५ | ७ | (परिविशति ?) | (परिविशति) |

| | | | |
|---|---|---|---|
| ५९५ | १० | प्रविशति, | प्रविशति (परिविशति), |
| ६२६ | १० | •तरस्मिन् | •तर(म)स्मिन् |
| ६३४ | १० | पात्रकेषु | मात्रकेषु |
| ६३७ | १ | •चाम्लादिनो | •चाम्लादयो |
| ६५२ | ९ | त्रयो | तिस्रो |
| ६५५ | ३ | धेत्तव्वो | घेत्तव्वो |
| ६७८ | २ | धुव• | ध्रुव• |
| ६८३ | १० | 'अच्चुक्कडंमि न | 'अच्चुक्कडंमि [वेगे मंडलीपासंमि वोसिरइ' सुगमम् । इदं च लोकेऽपि प्रसिद्धं, यदुत प्राप्तपुरीषादेर्वेगो] न |
| ६८९ | २ | प्रथमं प्रत्युपेक्षन्ते | प्रथमं [प्रत्युपेक्षणा तुल्या इयं वेदितव्या, 'मुहणंतगसकायं' प्रथमं मुखवस्त्रिकां प्रत्युपेक्षन्ते, ततः 'स्वकायं' निजदेहं] प्रत्युपेक्षन्ते |
| ६९७ | १० | संतिष्ठन्ते | संतिष्ठते |
| ७०५ | १२ | निवर्त्तते | निवर्त्तन्ते |

| | | | |
|---|---|---|---|
| ७१२ | ११ | निर्गच्छन्तो | निर्गच्छतो |
| ७१३ | ५ | विकालं | विकरालं |
| ७१८ | ११ | कालः, शङ्कितो | कालः, [मूढो दिशि अध्ययने वा भवति ततो व्याहन्यते कालः] शङ्कितो |
| ७२१ | १ | शुद्धयति | शुद्ध्यति |
| ७२१ | १ | सङ्कान्तं | सङ्क्रान्तं |
| ७३४ | १ | चिन्तयन्यत• | चिन्तयन्त• |
| ७४१ | ९ | कायोत्सगं | कायोत्सर्गं |
| ७७८ | ६ | पटलानि पञ्च | पटलानि [भवन्ति, किंविशिष्टानि? कदलीगर्भोपमानि क्षौमाणि श्लक्ष्णानि मसृणानि घनानि चेति, तत्र यदुक्तं त्रीणि पटलानि] पञ्च |
| ७७८ | १२ | प्रधानानि, तत्र | प्रधानानि [नाऽप्यप्रधानानि] तत्र |
| ७७९ | १ | जघन्यानि संगृह्यन्ते | जघन्यानि [जीर्णप्रायाणि गृह्यन्ते, षट् पुनः हेमन्ते जघन्यानि जीर्णप्रायाणि, वर्षकाले सप्त जघन्यानि] संगृह्यन्ते |

| | | | |
|---|---|---|---|
| ७९५ | ४ | नासिकांमुखं | नासिकामुखं |
| ८०० | १२ | त | तद् |
| ८२४ | ११ | महार्धं• | महार्घं• |
| ८३६ | ३ | अथवाऽनेना• | अथवाऽन्येना• |
| ८४० | ५ | जीवप्रयोगं | जीवः प्रयोगं |

→ मूलगाथासत्का अशुद्धयोऽत्र नैवोल्लिखिताः।

# *શ્રુતવધામણાં*

**तत्त्वार्थाधिगमसूत्रम् (हिन्दी विवेचन सहित)** – વિવેચક – આચાર્ય શ્રીરાજશેખરસૂરિજી મ., **પ્રેરક** – આચાર્ય શ્રીવિજયજગચ્ચંદ્રસૂરિજી મ., **હિંદી અનુવાદ** – મુનિ શ્રીગોયમચન્દ્રવિજયજી, **સંપાદક** – મુનિ શ્રીનયજ્ઞવિજયજી (ડહેલાવાળા-સમુદાય), **પ્રકાશક** – જૈન શ્રેયસ્કર મંડળ - મેહસાણા, પ્રકાશનવર્ષ – સં. ૨૦૭૫.

પૂજ્ય આચાર્ય શ્રીવિજયજગચ્ચંદ્રસૂરિજી મ. ની નિશ્રામાં 'તત્ત્વાર્થસૂત્ર-પરિશીલન' નામનો એકવર્ષીય પાઠ્યક્રમ બહુ સરસ રીતે ચાલે છે. અને ૧૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ ચૂક્યા છે. આ પાઠ્યક્રમમાં પુસ્તકરૂપમાં આચાર્ય શ્રીરાજશેખરસૂરિજી મ. કૃત વિવેચનને રાખવામાં આવ્યું છે. પરંતુ આ વિવેચન હિંદી ભાષામાં ઉપલબ્ધ ન હોવાના કારણે હિંદીભાષી જિજ્ઞાસુઓ તેનાથી વંચિત રહેતા હતા. આ અડચણના નિવારણ માટે પ્રબુદ્ધ મુનિવર શ્રીગોયમચન્દ્રવિજયજીએ પૂજ્ય આચાર્યશ્રીની પ્રેરણાથી ઘણા પરિશ્રમથી સંશોધનપૂર્વક સમગ્ર વિવેચનનો હિંદી અનુવાદ તૈયાર કર્યો છે. અને તેનું સૂઝબૂઝ સાથે સંમાર્જન-સંપાદન મુનિ શ્રીનયજ્ઞવિજયજીએ કર્યું છે. હાર્દિક અનુમોદના તથા ધન્યવાદ. આપણે શ્રાવકોને આ કાર્યનો વધુ ને વધુ લાભ લેવા પ્રેરણા કરીએ તેવો અનુરોધ છે.

# વિશેષ પ્રતિસ્પંદ

**श्रुतसंविभाग** – १३ अद्याऽधिगतः। नूतनं विकसद् रूपं विलोक्याऽपाराऽऽनन्दानुभूतिर्जाता। विहङ्गावलोकनेन किञ्चिद् विलोकितोऽङ्कः। षोडशवर्षेभ्यः प्राक् सायन(मुम्बई)चातुर्मासावसरे श्रा.कृ.११ दिने पूज्य-धर्मसूरिवर-गुणानुवादो विहितः। ततः पूर्वं तच्चरितं पठद्भिरस्माभिः चिन्तितं धर्मसूरीणां गार्हस्थ्ये नाम 'भाईलाल' इत्यासीत्। धनूराश्यनुसारीदं स्यात् चेत् श्रा.शु.११ दिने एव तज्जन्मना भाव्यम्। यतः कस्मिन्नपि वर्षे श्रा.कृ.११ दिने धनूराशिर्नैव संभवति। मिथुनराशिः कर्कराशिर्वैव संभवति। अतो नाम मिथ्या स्याज्जन्मराशिर्वा मिथ्या स्यात्। अस्माभिरेते विचाराः पूज्यसूर्योदयसूरिभ्यो राजरत्नसूरिभ्यश्च (तदानीं मुनिभ्यः) पत्ररूपेण प्रेषिताः। तैरन्विष्टं यत् तेषां जन्म श्रा.शु.११ दिने एव जातम्। सी.एन्.विद्यालयजन्मप्रमाणपत्राण्यपि तैः प्राप्तानि। तत्राऽपि श्रा.शु.११ दिनमेव लब्धम्। ततः परं तैः तेषां जन्मदिनं श्रा.शु.११ दिने जातमित्युद्घुष्टम्। नैतावदेव, प्रतिवर्षं गुणानुवादोऽपि तद् दिनं लक्ष्यीकृत्यैव विधेय इति निर्णीतम्। इदं चाऽस्मत्पत्रं तैर्धर्मसूरिस्मृति-विशेषाङ्केऽपि स्थापितम्। कल्याणकलेखं दृष्ट्वेदं सर्वमद्य स्मृतिपथमवतरति।

'जिनवरभवनानाम्...' इति लेखः पठितः। ४० वर्षेभ्यः प्राग् वयं हीरसौभाग्यकाव्यं पठामः स्म। तत्र कस्यचित् श्लोकस्य टीकायां देवविमलगणिरिदमाह – "अर्चाशब्दो मूर्तिवाचकोऽपि, यथा – जिनवर-भवनानां भावतोऽर्चा नमामि" इति। तन्नामाऽर्चाया अर्थो न केवलं पूजा, प्रतिमाऽपि भवतीति सिद्धये इदमुदाहृतमस्ति। अतः ४००-५०० वर्षेभ्यः प्रागयं पाठः प्रचलितः स्यादिति वयमभिप्रेमः। यद्यपि 'भावतोऽहं' इति पाठस्याऽपि साङ्गत्यं व्याकरणतः सिद्ध्यत्येव। तथाऽपि देवविमलगणिनेदं यदुक्तं तद् 'भावतोऽर्चा' इति पाठं द्रढयति।

'चक्षुःप्राप्यकारिता?' इति लेखः चिन्तनपूर्णोऽस्ति। समये लब्धे पठिष्यामः। अस्मन्मनस्यपि बहुश एतत्संबद्धा विचाराः समुद्भवन्ति स्म।

'श्रुतशुद्धिः'विभागोऽत्यन्तमुपयोगी। वयमपि कदाऽपि किञ्चित् प्रेषयितुकामाः स्मः। **आचार्य श्रीविजयमुक्तिचन्द्र-मुनिचन्द्रसूरयः**
(श्रीकलापूर्णसूरि-समुदायसत्काः)

**श्रुतसंविभाग** હાથમાં આવતા કેટલાયે કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ તે જ પહેલાં વાંચવાની ઈચ્છા થાય છે. અને જ્યાં સુધી સંપૂર્ણ વંચાઈ ન જાય ત્યાં સુધી બીજાં કાર્યો કરવાની ઈચ્છા પણ ન થાય એટલું આકર્ષણ પેદા કરે છે. જે તિથિએ પ્રકાશિત કરવાનું કહ્યું હોય તે તિથિ ક્યારે આવે તેની સતત ઈન્તેજારી રહે. / **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

બીજા મેગેઝિન-પત્રોથી તદ્દન જુદું આ મુખપત્ર છે. કોઈ જાતની જાહેરાત કે આડંબર વિના તત્ત્વજિજ્ઞાસુને તત્ત્વપાન કરાવે છે. તમારા ગુરુજીનો પહેલો લેખ સચોટ-હૃદયસ્પર્શી-અસરકારક હોય છે. / **મુનિ શ્રીસિદ્ધસેનવિજયજી** (શ્રીલબ્ધિ-સૂરિજી-સમુદાય)

ઉત્તરોત્તર વધુ ને વધુ સુસમૃદ્ધ બનતું ને આકર્ષક બનતું **श्रुतसंविभाग** હાથમાં આવ્યું ને આખો જ્ઞાનખજાનો હાથવગો થઈ ગયો હોય એવી લાગણી ઉમટી આવી. / **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

આ અંક દળદાર અને સરસ છે. પાયપુંછણું માટે સ્થાનકવાસી ત્રિલોકમુનિએ દંડાસણ અર્થ કરેલો. અને એના પાઠો આપેલા. હવે નિષદ્યા = પાયપુંછણ એ વાત નિઃશંક બની. / **આચાર્ય શ્રીવિજયમુનિચન્દ્રસૂરિજી મહારાજ** (શ્રીસિદ્ધિસૂરિજી-સમુદાય)

**श्रुतसंविभाग** - ૧૫ શ્રાવણ શુદિ પાંચમ (નેમિપંચમી), સં. ૨૦૭૫ ના દિવસે પ્રગટ થશે.

અષાઢ શુદિ પંચમી, સં. ૨૦૭૫ સુધીમાં મળનારા લેખો/લખાણોનો
સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ
**श्रुतसंविभाग** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

---

* **श्रुतसंविभाग** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135